# દૈનિક મુંબઈ સમાચાર

૨૦૩ વર્ષ

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૩ ■ Volume 67 ■ Issue 223 ■ વિક્રમ સંવત ૨૦૮૦

■ ભાદ્રપદ વદ - ૨ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 19 September 2024, Thursday ■ REGD.No. MCS/058/2024-26

ગુરુવાર, ૧૯ સપ્ટેમ્બર ૨૦૨૪, કિંમત ₹ ૧૦.૦૦ | લાડકી પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u





# પુનઃપ્રાપ્ય ઊર્જા એ આજના સમયની જરૂરિયાતઃ ઉપરાષ્ટ્રપતિ ધનખડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ક્લાઈમેટ ચેન્જ અને ગ્લોબલ વોર્મિંગના આ સમયગાળામાં પુનઃપ્રાપ્ય ઊર્જા એ માત્ર વિકલ્પ નથી, પરંતુ આજના સમયની જરૂરિયાત છે. કારણ કે, તેની સાથે સમગ્ર જીવસૃષ્ટિનું અસ્તિત્વ સંકળાયેલું છે એવું

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે રિ-ઇન્વેસ્ટ-૨૦૨૪ના સમાપન સમારોહમાં જણાવ્યું હતું. રિન્યુએબલ એનર્જી ક્ષેત્રના મહત્ત્વ અંગે વાત કરતા તેમણે પર્યાવરણનું જતન કરીને સમગ્ર વિશ્વને બચાવવા માટે રિન્યુએબલ એનર્જી ક્ષેત્રે ભારતે વૈશ્વિક મહાયજ્ઞનું આહ્વાન કર્યું હતું.

તેમણે ગુજરાતના ગૌરવશાળી ઈતિહાસને સમગ્ર વિશ્વ માટે પ્રેરણાદાયી ગણાવતા જણાવ્યું હતું કે, એક સમય હતો જ્યારે, આઝાદી મેળવવાના મોટા પડકાર સામે ગુજરાતની ભૂમિના પનોતા પુત્રો મહાત્મા ગાંધીજી અને સરદાર વલ્લભભાઈ પટેલે દેશનું નેતૃત્વ કર્યું હતું. આજે સમગ્ર વિશ્વને સ્ટેચ્યૂ ઓફ યુનિટી જેવી એકતાના પ્રતીક સમાન ભેટ આપનારા વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વને સમગ્ર વિશ્વએ આવકાર્યું છે અને તેમના સૂચનોને સ્વીકાર્યા છે. ગુજરાતની ભૂમિ પર આ ત્રણ દિવસ દરમિયાન વિશ્વભરના રિન્યુએબલ એનર્જી ક્ષેત્રના અગ્રણીઓ દ્વારા વિચાર-મંથન કરવામાં આવ્યું છે.

પૃથ્વી પરના પ્રાકૃતિક સંસાધનો બધા માટે છે, પણ તેનો ઉપયોગ કરવામાં અતિલોભ કરીશું, તો વિનાશ નોતરીશું એવું જણાવીને તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, ક્લાઇમેટ ચેન્જ અત્યારે જીવસૃષ્ટિના અસ્તિત્વ માટે સૌથી મોટો પડકાર છે. પૃથ્વી સિવાય જીવસૃષ્ટિ માટે અન્ય કોઈ ગ્રહ ન હોવાથી, આ સમસ્યાઓને પહોંચી વળવા ઉપરાંત આપણી પાસે કોઈ વિકલ્પ નથી. જેમાં ભારતની ભૂમિકા અત્યંત મહત્ત્વની છે અને જળવાયું પરિવર્તનની સમસ્યાના નિવારણ માટે વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારત વિશ્વનું દિશાદર્શન કરી રહ્યું છે.

તેમણે ઉમેર્યું હતું કે, ભારતના પ્રાચીન વેદ અને ઉપનિષદોમાં પણ પુનઃપ્રાપ્ય ઊર્જાના ઉપયોગ અંગે દર્શાવેલા ઉપાયોને આજે સમગ્ર વિશ્વએ સ્વીકાર્યા છે.

આ પ્રસંગે ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ રિ-ઈન્વેસ્ટના સમાપન સમારોહમાં કહ્યું હતું કે, વર્તમાનમાં ગ્લોબલ વોર્મિંગ એક ગ્લોબલ વોર્નિંગ છે ત્યારે રિન્યુએબલ ઊર્જાના ક્ષેત્રમાં મહાત્મા મંદિરમાં ત્રણ દિવસ દરમિયાન થયેલું વૈશ્વિક ચિંતન યોગ્ય સમયે, યોગ્ય દિશાનું ચિંતન છે. ગુજરાત રિન્યુએબલ ઊર્જાના ક્ષેત્રમાં 'લીડર'ની ભૂમિકા ભજવી રહ્યું છે.

ભારત સરકારના નવીન અને નવીનીકરણીય ઊર્જા મંત્રાલય દ્વારા આયોજિત રિ-ઈન્વેસ્ટ-૨૦૨૪ સમિટનો સમાપન સમારોહમાં પંજાબના રાજ્યપાલ ગુલાબચંદ કટારીયા, ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ તેમજ કેન્દ્રીય નવીન અને નવીનીકરણીય ઊર્જા પ્રધાન પ્રલ્હાદ જોશી ઉપસ્થિત રહ્યા હતા. ■

# ગુજરાત દેશનું રિન્યુએબલ કેપિટલ બનવા તરફ આગળ ધપી રહ્યું છેઃ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ફોસિલ ફ્યુઅલ પરની નિર્ભરતા ઘટાડીને પર્યાવરણ સંરક્ષણ અને ઊર્જા સુરક્ષા તથા ગ્રીન એનર્જીના નવતર આયામો આપ્યા છે. ગુજરાતના સર્વગ્રાહી વિકાસની ઈમારત નરેન્દ્રભાઈ મોદીએ 'શક્તિ પંચામૃત'ના આધારે રચી છે.

આના પરિણામે જ ગુજરાત દેશના વિકાસનું ગ્રોથ એન્જિન સાથે રિન્યુએબલ કેપિટલ બનવા તરફ આગળ ધપી રહ્યું છે, એવું ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું.

મહાત્મા મંદિર ગાંધીનગરમાં યોજાયેલી રિ-ઇનવેસ્ટ-૨૦૨૪ના સમાપન સમારોહમાં બોલતા મુખ્ય પ્રધાને વધુમાં કહ્યું હતું કે, 'ઇન્વેસ્ટ-ઇનોવેટ-ઇન્સ્પાયર'ના મંત્ર સાથે યોજાયેલી ચોથી રિ-ઇન્વેસ્ટ સમિટ 'વસુધૈવ કુટુંબકમ'ને સાકાર કરવા સાથે વડાપ્રધાને આપેલા 'વન સન, વન અર્થ, વન ગ્રીડ' ના વિઝનને વેગ આપશે. સરદાર સરોવર ડેમ દ્વારા જળ શક્તિનો ઊર્જા શક્તિમાં વિનિયોગ કરીને હાઇડ્રોપાવર જનરેશનનું મહત્ત્વ પ્રસ્થાપિત કર્યું છે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, ગયા વર્ષે રાજ્યમાં અંદાજે ૬૨ હજાર મિલિયન યુનિટ જળ વિદ્યુત ઉત્પાદન થયું છે.

ઉત્તમ જળ વ્યવસ્થાપનને કારણે પમ્પ્ડ હાઇડ્રો પ્રોજેક્ટ શક્ય બન્યા છે અને રાજ્ય સરકારે આ હેતુસર ૫૦ સ્થળો આઇડેન્ટીફાય કર્યા છે. રિ- ઇન્વેસ્ટ સમિટની ચોથી કડીમાં ૯૪૬૦ મેગાવોટના પમ્પ્ડ હાઈડ્રો પ્રોજેક્ટ માટે ૫૯ હજાર કરોડ રૂપિયાના એમઓયુ ઈન્ટેન્શન્સ થયા છે. ગુજરાતમાં રિન્યુએબલ એનર્જી સેક્ટરમાં રોકાણો માટે રૂ. ૩ લાખ કરોડથી વધુના એમઓયુ ઈન્ટેન્શન્સ થયા છે.

આ પ્રસંગે કેન્દ્રીય ઊર્જા પ્રધાન પ્રલ્હાદ જોશીએ જણાવ્યું હતું કે, ગ્રીન એનર્જી ક્ષેત્રને આગળ ધપાવવા માટે વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદીની અડગ પ્રતિબદ્ધતા ભારતને વધુ ટકાઉ ભવિષ્ય તરફ આગળ વધારવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહી છે. તેમના દૂરંદેશી નેતૃત્વ અને અવિરત માર્ગદર્શનથી ભારતે આજે રિન્યુએબલ એનર્જી ક્ષેત્રેના વિકાસને ગ્લોબલ મૂવમેન્ટ બનાવી છે. ■

# ગુજરાતમાં ૧૩ કરોડ ૯૫ લાખ વૃક્ષોનું વાવેતરઃ દેશભરમાં બીજા ક્રમે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડા પ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગત વિશ્વ પર્યાવરણ દિવસ, ૫મી જૂન ૨૦૨૪થી દેશવાસીઓને પોતાની માતા પ્રત્યે પ્રેમ, આદર અને સન્માનના પ્રતિકરૂપે તથા ધરતીમાતાને હરિયાળી બનાવવા 'એક પેડ મા કે નામ' અભિયાન દ્વારા વૃક્ષ વાવેતર અને જતનનું આહવાન કર્યું હતું. ગુજરાતે રાજ્યવ્યાપી 'એક પેડ મા કે નામ' અભિયાન અંતર્ગત અત્યાર સુધીમાં ૧૩ કરોડ ૯૫ લાખ વૃક્ષો વાવીને આ અભિયાનમાં સમગ્ર દેશમાં બીજું સ્થાન મેળવ્યું છે.

આ અભિયાનને વધુ વેગવંતુ બનાવવાના પર્યાવરણ પ્રિય ભાવથી ગાંધીનગરમાં નવા સચિવાલયનાં પ્રાંગણમાં તા.૧૭મી સપ્ટેમ્બરે સ્પેશિયલ પ્લાન્ટેશન ડ્રાઈવ આ 'એક પેડ મા કે નામ' તહેત યોજવામાં આવી હતી. આ ડ્રાઈવમાં મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ પીપળાનું વૃક્ષ વાવીને સહભાગી થયા હતા.

આ પ્રસંગે વન પ્રધાન મૂળુભાઈ બેરાએ જણાવ્યું હતું કે, આ સ્પેશિયલ ડ્રાઈવ રાજ્યના ૩૩ જિલ્લાઓમાં પણ યોજવામાં આવી છે અને જિલ્લાઓની કચેરીઓમાં વૃક્ષારોપણ કરવામાં આવી રહ્યું છે. વન પર્યાવરણ અગ્ર સચિવ સંજીવકુમાર, હેડ ઓફ ધી ફોરેસ્ટ ફોર્સ યુ.ડી.સિંઘ તેમજ વરિષ્ઠ સચિવો અને વન અધિકારીઓ આ અવસરે ઉપસ્થિત રહ્યા હતા. ■

# બુલેટ ટ્રેનના ટ્રાયલ રનની તૈયારીઃ સુરત-બીલીમોરા સ્ટેશન પર ટ્રાયલ થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મુંબઈ અને અમદાવાદ વચ્ચે દોડનારી બુલેટ ટ્રેનના સ્ટેશન અને ટ્રેકની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે તેમજ વચ્ચે આવતી નદીઓ પર પણ બ્રીજના મોટા ભાગના કામો પુર્ણતાના આરે છે. હવે સુરત અને બીલીમોરા સ્ટેશન પર બુલેટ ટ્રેનનો ટ્રાયલ રન કરવાની તૈયારી ચાલી રહી છે. વર્ષ ૨૦૨૬માં બુલેટ ટ્રેનનો ટ્રાયલ રન થશે.

આ અંગે હાઈ સ્પીડ રેલવે પ્રોજેકટના ડાયરેકટર પ્રમોદ શર્માએ જણાવ્યું હતું કે બુલેટ ટ્રેન પ્રોજેકટ મુંબઈથી અમદાવાદ સુધી ૫૦૮ કિલોમીટર સુધી પથરાયેલો છે. જેમાં ૧૫૬ કિલોમીટર સુધી મહારાષ્ટ્ર અને ૩૫૨ કિલોમીટર ગુજરાત, દિવ અને દમણમાં છે. આ પ્રોજેક્ટ માટે સૌપ્રથમ ગુજરાત અને દિવ દમણમાં જમીન મળી હતી અને જ્યારે ૨૦૨૩માં મહારાષ્ટ્રમાં જમીન મળી છે. સિવિલનું કામ ચાર વર્ષ સુધી ચાલ્યું છે અને ઈલેક્ટ્રિકનું કામ શરૂ કરવામાં આવી રહ્યું છે. તેમણે વધુમાં કહ્યું હતું કે, બુલેટ ટ્રેનમાં કુલ ૧૨ સ્ટેશનો પડશે, જે પૈકી ૮ સ્ટેશન ગુજરાતમાં છે, જેમાં કામ ચાલી રહ્યું છે. આ ટ્રેન ૩૨૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે દોડશે. બુલેટ ટ્રેનની ઝડપ વધુ હોવાથી સીધા ટ્રેકની જરૂર હતી અને હાઈ સ્પીડ રેલવે પ્રોજેક્ટ માટે એશિયાની સૌથી મોટી જિયોટેક્નિકલ લેબ સુરતમાં બનાવવામાં આવી છે.

સુરત અને બીલીમોરામાં એડવાન્સ સ્ટેશન બનશે, જ્યાં ૨૦૨૬માં બુલેટ ટ્રેનનો ટ્રાયલ રન થશે. બધી હેવી મશીનરી અને સામાન હવે દેશમાં જ બને છે. મેક ઈન ઈન્ડિયાના માધ્યમથી દરેક મશીન બનતા ઝડપી કામ શરૂ થયું છે. એક મહિનામાં ૪૦ ગર્ડર લોન્ચ કરવામાં આવી રહ્યા છે. નોઈઝ પોલ્યુશન અટકાવવા નોઈઝ બેરીયર પણ લગાવવામાં આવ્યા છે. ટેકનોલોજી શ્રમિકોને શીખવાડવા જાપાનીઝ સહાયકોની મદદ લેવામાં આવી. સિવિલ અને ઈલેક્ટ્રિક કાર્ય નિર્ધારિત સમય મુજબ ચાલી રહ્યું છે એવું તેમણે ઉમેર્યું હતું.

વડોદરામાં ૮ કિલોમીટરનો ટ્રેક રહેશે. વિશ્વામિત્રી નદીમાં ૪૦ મીટરના બે એક્સપાન્સન લાગશે. જોકે આ ૮૦ મીટરના એક્સપાન્સનથી નદીમાં અવરોધ ઊભો થતો નથી. ૩૫૨ કિલોમીટરમાંથી ૩૪૫ કિલોમીટરનું કામ પૂર્ણ હાલતમાં છે. કુલ પ્રોજેકટનો ખર્ચ ૧ લાખ ૮ હજાર કરોડ છે. દરેક સ્ટેશન તેના કલ્ચરને રજૂ કરશે, જેમ કે આણંદ દૂધ માટે, વડોદરા વડના ઝાડ માટે, અમદાવાદ પતંગ માટે, સુરત ડાયમંડ માટે એ રીતે ત્યાંના સ્ટેશન બનાવ્યા છે એવું તેમણે જણાવ્યું હતું.■

# ગુજરાતમાં ચોમાસાની વિદાયનો આરંભઃ ભાદરવો બફારાથી ભરેલો રહેશે

અમદાવાદઃ ગુજરાતમાં હવે ધીમે ધીમે ચોમાસુ વિદાય તરફ આગળ વધી રહ્યું છે. તેમજ ભાદરવા મહિનાનો તાપ અને બફારો શરૂ થઇ ચૂક્યો છે. હવામાન વિભાગ દ્વારા હવે દોઢ મહિના સુધી તાપ અને બફારાનું પ્રમાણ વધશે. નવરાત્રી દરમિયાન છૂટોછવાયો વરસાદ થવાની શક્યતાઓ છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર રાજ્યમાં અગામી સમયમાં સામાન્ય વરસાદી ઝાપટાં રહેશે, અગામી સમયમાં કોઈ ભારે વરસાદની આગાહી કરવામાં આવી નથી.સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાતમાં છૂટોછવાયો વરસાદ થવાની આગાહી કરાઈ છે.રાજ્યમાં સીઝનનો સરેરાશ ૯૭૩ મિમિ વરસાદ નોંધાયો છે. રાજ્યમાં હાલ કોઈ વરસાદી સિસ્ટમ સક્રિય નથી, બંગાળની ખાડીમાં પણ કોઈ વરસાદી સિસ્ટમ સક્રિય નથી જેના કારણે ગુજરાતમાં વરસાદ થવાની શક્યતા નહીંવત સેવાઈ રહી છે. આ વખતે ગુજરાતમાં ૪૪ ટકા વધુ વરસાદ નોંધાઇ ચૂક્યો છે. વરસાદની એક સિસ્ટમ ૨૩-૨૪ સપ્ટેમ્બરે બંગાળની ખાડીથી ગુજરાત તરફ આવે તેવી શક્યતા છે. આ વરસાદનો રાઉન્ડ ચારથી પાંચ દિવસ જોવા મળે તેમ લાગી રહ્યું છે. રાજ્યના ૬૦થી ૭૦ ટકા ભાગોમાં આ વરસાદ આવી શકે છે. જેમાં બેથી લઈને પાંચ ઇંચ વરસાદ પડી શકે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

રાજ્યવાસીઓએ ઉકળાટ સહન કરવો પડી શકે છે. રાજ્યમાંથી ચોમાસુ ધીરેધીરે વિદાય લેશે. તેમાં રાજ્યમાં વરસાદનું જોર ઘટ્યુ છે. રાજ્યના હવામાન વિભાગનું અનુમાન છે કે રાજ્યમાં ૭ દિવસ સામાન્ય વરસાદી ઝાપટાં પડી શકે છે. તેમાં દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં સામાન્ય વરસાદી ઝાપટાની આગાહી છે. તથા ભેજવાળા વાતાવરણને લીધે સામાન્ય વરસાદી ઝાપટાં રહેશે. ■

# કચ્છના મીઠીરોહર પાસે ભંગારવાડામાંથી એકે-૪૭ અને એકે-૫૬ના બે ટન ફૂટેલાં કારતૂસ મળ્યાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ પાકિસ્તાન જેવા નાપાક દેશને અડકીને આવેલા સરહદી જિલ્લા કચ્છના ગાંધીધામ તાલુકાના મીઠીરોહરના સતત ધમધમતા રહેતા ઓવરબ્રિજ પાસેના એક ભંગારના વાડામાંથી બે ટન જેટલી વિસ્ફોટક સામગ્રી મળી આવતાં પોલીસ તંત્રમાં વ્યાપક દોડધામ થઇ પડી હતી,અલબત્ત તપાસ બાદ તમામ વિસ્ફોટક સામગ્રી ફૂટેલી નીકળતાં રાહતનો દમ લીધો હતો.

આ અંગે જાણવા મળેલી વિગતો અનુસાર, ગણેશ ચતુર્થી અને ઈદે મિલાદના તહેવારો અર્થે પેટ્રોલિંગમાં રહેલી પૂર્વ કચ્છ એસ.ઓ.જી.ની ટીમને ગાંધીધામ-ભચાઉ ધોરીમાર્ગ પરના ઓવરબ્રિજ પાસે આવેલી સાક્ષી ઈમ્પેક્ષ નામની કંપનીમાં વિદેશથી આયાત થયેલા સ્ક્રેપના જથ્થામાં મોટી માત્રામાં એકે-૪૭, એકે-૫૬ સહિતની આધુનિક ઓટોમેટેડ બંદૂકો માટે ઉપયોગમાં લેવામાં આવતા કરતૂસોનો જથ્થો હોવા અંગે માહિતી મળી હતી.

ભંગારવાડા પર લાવ-લશ્કર સાથે દોડી ગયેલી એસઓજીએ સ્ક્રેપની તપાસ કરતાં વિવિધ આધુનિક મશીનગનમાં વપરાતાં કારતૂસો અને ખોખાંનો જથ્થો મળી આવ્યો હતો જો કે, તમામ કારતૂસો ફૂટેલાં હતા અને ખોખાં ખાલી હતાં

આ સ્ક્રેપ કંપનીના સંચાલક હરિઓમ શુક્લા અને પ્રદિપ પાંડેની પ્રાથમિક પૂછપરછમાં એવું જાણવા મળ્યું હતું કે, એકાદ સપ્તાહ અગાઉ ગૃહયુદ્ધનો સામનો કરી રહેલા યમન દેશથી લોખંડનો સ્ક્રેપ અહીં આયાત થયો હતો. જે પૈકી અમુક કન્ટેઈનરમાં આવેલાં બે ટન લોખંડના સ્ક્રેપમાં ફૂટેલાં કાર્ટ્રીજ મળી આવ્યાં છે.હાલ પોલીસે સ્ક્રેપનો જથ્થો સીઝ કર્યો છે. જીવંત કારતૂસ મળ્યા નથી. જે મળ્યા છે તેને એફ.એસ.એલ. માટે મોકલવામાં આવશે એસ.ઓ.જી. પી.આઈ. ધીરેન્દ્રસિન્હ ઝાલાએ જણાવ્યું હતું.

અત્રે એ ઉલ્લેખનીય છે કે, સાઉદી અરેબિયાના યમન દેશમાં દસ વર્ષથી ખતરનાક હુથી બળવાખોરોએ ત્યાંની સુન્ની સરકાર સામે હિંસક ગૃહયુદ્ધ છેડ્યું છે. કચ્છના ગાંધીધામ સંકુલમાંથી મળેલા આ ખાલી ખોખાં અને કાર્ટ્રીજ ગૃહયુદ્ધ દરમિયાન વપરાતાં શસ્ત્રોના છે તેવું પોલીસ માની રહી છે. બે દાયકા અગાઉ મહાબંદર કંડલા ખાતે પણ યુદ્ધગ્રસ્ત દેશોમાંથી આયાત થયેલાં ભંગારમાંથી વિસ્ફોટક મોર્ટાર સેલ્સ અને ગ્રેનેડ સહિતની ઘાતક સામગ્રીનો જથ્થો મળ્યો હતો. જેને આર્મીના નિષ્ણાતોની મદદથી ડિફ્યુઝ કરાયો હતો.

થોડા વર્ષો પહેલાં ગાંધીધામની ઈફકો (ઉદયનગર) વસાહતમાંથી રોકેટ લોન્ચરનો ફૂટેલો સેલ મળ્યો હતો. ડીપીએ પ્રશાસનિક કચેરી પાછળ બાવળની ઝાડીમાંથી પણ આવા મોર્ટાર સેલ મળ્યા હતા. ■

# વડોદરામાં નર્મદા નિગમે કેનાલો ઉપર સોલાર પેનલથી ૨૯૫.૧ લાખ યુનિટ વીજળી ઉત્પન્ન કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરા જિલ્લામાંથી પસાર થતી નર્મદાની શાખા નહેરો ઉપર ૧૩ કિલોમિટર લાંબી સોલાર પેનેલો બેસાડી કરોડો રૂપિયાની વીજળી ઉત્પન્ન કરી છે. સમા, નિમેટા અને રવાલમાંથી પસાર થતી કેનાલ ઉપર લગાવાયેલી સોલાર પેનલ થકી અત્યાર સુધીમાં ૨૯.૫૧ મિલિયન યુનિટ વીજળીનું ઉત્પાદન કરવામાં આવ્યું છે.

સરકારી સૂત્રોના જણાવ્યા અનુસાર સરદાર સરોવર નિગમ દ્વારા વર્ષ ૨૦૧૫માં સમા કેનાલ ખાતે ૩.૬ લંબાઇમાં ૩૩૮૧૬ સોલાર પેનલ મૂકવામાં આવી છે. કેનાલથી ૨૨ મિટર ઉંચે ૧૬૦૦ ટનના મોડ્યુલિંગ સ્ટ્રક્ચર સાથે ૧૪ ઇન્વર્ટર તથા બે ટ્રાન્સફોર્મર પણ મૂકવામાં આવ્યા છે. ૧૦ મેગા વોટના આ પ્રોજેક્ટ દુમાડથી વડોદરા શહેરમાં પ્રવેશતા નાગરિકો માટે આકર્ષણ પણ ઊભું કરે છે. આ પરિયોજના થકી અત્યાર સુધીમાં એટલે કે એક દાયકામાં ૪.૨૩ મિલિયન યુનિટ વીજળીનું ઉત્પાદન થયું છે.

નિમેટા પાસે કેનાલ ઉપર સૌથી વધુ લંબાઇ ૪ કિલોમિટર લંબાઇનો સોલાર પ્લાન્ટ ઉભો કરવામાં આવ્યો છે. ૧૦ મેગા વોટના આ પ્લાન્ટમાં ૧૬૨૩ ટન લોખંડના સ્ટ્રક્ચર ઉપર ૩૩૦૮૦ સોલાર પેનલ બેસાડવામાં આવી છે. સરદાર સરોવર નિગમ દ્વારા કેનાલ પાસે પડતર રહેતી જમીનમાં પણ પણ પાંચ મેગા વોટની ક્ષમતા ધરાવતા સોલાર પ્લાન્ટ નાખવામાં આવ્યો છે. આ માટે ૧૫૮૭૪ સોલાર મૂકવામાં આવી છે. જે સ્થિતિસ્થાપક છે. એટલે કે, સૂર્યપ્રકાશ પ્રમાણે તેને ફેરવી શકાય છે. આ બન્ને પ્લાન્ટ વર્ષ ૨૦૧૭થી કાર્યરત છે. બન્ને પ્લાન્ટથી કુલ મળી અત્યાર સુધીમાં કુલ ૧૫.૯૭ મિલિયન યુનિટ વીજળીનું ઉત્પાદન કરવામાં આવ્યું છે. કુલ મળી ૧૫ મેગા વોટના સોલાર પ્લાન્ટને નિહાળવા માટે યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ પણ આવે છે.

વાઘોડિયા તાલુકાના રવાલ પાસેથી પસાર થતી શાખા નહેરના કાંઠા ઉપર પણ સોલાર પ્લાન્ટ નાખવામાં આવ્યો છે. ૧૦ મેગા વોટના આ પ્લાન્ટ માટે ૩૩૬૦૦ પેનલ બેસાડવામાં આવી છે. અહીં ૧૦ ઇન્વર્ટર, બે ટ્રાન્સફોર્મર પણ રાખવામાં આવ્યા છે. આ પ્લાન્ટને ઊભો કરવા માટે ૪૪૩ ટન લોખંડનું સ્ટ્રક્ચર ઊભું કરવામાં આવ્યું છે. વર્ષ ૨૦૧૭થી કાર્યરત આ પ્લાન્ટમાંથી ૯.૩૧ મિલિયન યુનિટી વીજળીનું ઉત્પાદન થયું છે.

આમ, સરદાર સરોવર નિગમ દ્વારા ૧૩ કિલોમિટર લાંબી કેનાલ અને તેના કાંઠા ઉપર ૩૫ મેગા વોટ પ્લાન્ટ માટે ૧૧૬૩૬૬ સોલાર પેનલ મૂકી ૨૯.૫૧ મિલિયન યુનિટી વીજળીનું ઉત્પાદન કર્યું છે. ■

# નિર્દોષ નાગરિકને લાત મારનારા પીઆઈ સામે હાઈ કોર્ટ લાલઘૂમઃ ૩ લાખનો દંડ ફટકાર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પોલીસ અધિકારીઓ પ્રજાના રક્ષકના બદલે ભક્ષક હોય તેવું ઘણી વખત વર્તન કરતા હોય છે, નિર્દોષ નાગરિકો પર અત્યાચાર ગુજારવા, નાગરિકોની ફરિયાદ ના સ્વિકારવી, તથા કસ્ટોડિયલ ડેથના કેસ રાજ્યમાં વધ્યા છે. જો કે ગુજરાત હાઈ કોર્ટ લોકોને ન્યાય અપાવવા હંમેશાં આગળ રહી છે, હાઈ કોર્ટે સુરતના એક નિર્દોષ વ્યક્તિને લાત મારનારા પીઆઇ એચ.જે. સોલંકીને ૩ લાખનો દંડ ફટકારતા પોલીસ બેડામાં ખળભળાટ મચી ગયો હતો.

આ કેસની મળતી વિગત મુજબ, સુરતના ડિંડોલીમાં એડવોકેટ હિરેન નાઈ કારમાં મિત્રો સાથે બેઠા હતા. ત્યારે ડિંડોલી પોલીસ સ્ટેશનના પીઆઇ એચ.જે. સોલંકીએ ત્યાં આવીને કંઇ પણ પૂછ્યા વગર સીધા લાત મારવા લાગ્યા હતા અને એટ્રોસિટી થાય તેવા અપશબ્દો બોલ્યા હતા. આ ઘટના અંગે પોલીસે પીઆઇ સામે ફરિયાદ નોંધવા ઇનકાર કર્યો હતો. જેથી ફરિયાદીએ હાઈ કોર્ટમાં અરજી કરી હતી.

આ કેસમાં હાઈ કોર્ટે કોઇ પણ ગુના વગર નિર્દોષ વ્યક્તિને લાત મારનાર પીઆઇને ૩ લાખનો દંડ ફટકાર્યો હતો. કોર્ટે એવી પણ ટકોર કરી હતી કે, ખોટી રીતે લોકોને એક લાત મારવી કેટલી મોંઘી છે તે પીઆઇને આજીવન યાદ રહેવું જોઇએ. ભવિષ્યમાં પણ તેને કોઈ માણસ પર હાથ કે પગ ઉપાડતા લાતનો દંડ યાદ આવશે. પોલીસ ભલે દબાણમાં કામ કરે છે પરંતુ તેનો મતલબ સત્તાનો દુરુપયોગ કરવાની છૂટ નથી.

પીઆઇએ ન્યાયતંત્ર વિશે જાહેરમાં અશોભનીય શબ્દો કહ્યા હોવાની રજૂઆત થતાં કોર્ટે ટકોર કરી હતી કે, આવા પીઆઇ સામે સરકાર પગલાં કેમ લેતી નથી? જસ્ટિસ નિર્ઝર દેસાઈએ ચાલુ સુનાવણી દરમિયાન ઉચ્ચ પોલીસ અધિકારી પાસે પીઆઈ સામે શું પગલાં લેશો તે અંગે સૂચના મંગાવી હતી.

ફરિયાદી એડવોકેટે હાઈ કોર્ટમાં બનાવની રાત્રે ઘટના સ્થળના ફૂટેજ બતાવ્યા હતા. જે જોઇને હાઇ કોર્ટે પીઆઇનો ઉધડો લેતા એવી ટકોર કરી હતી કે, તમે હીરો બનીને ફરો છો એટલે શું ગમે તે વ્યક્તિને કોઇ ગુના વગર મારવાના? કંઇ પણ પૂછ્યા વગર કોઇને લાત કેવી રીતે મારી શકાય? જો પોલીસના આવા દમનને અત્યારે રોકવામાં નહીં આવે તો કાલે પોલીસ મને પણ કારણ વગર લાત મારી શકે છે. કોઇ સાચો આરોપી હોય તો પણ તેને પૂછ્યા વગર લાત મારી શકાય નહીં.

હાઈ કોર્ટે એવી ટકોર કરી હતી કે, પીઆઇ પોતાને ફિલ્મના હીરોની જેમ જીપમાંથી કૂદીને સીધા નિર્દોષ વ્યક્તિને લાત મારે છે તે સીસીટીવી ફૂટેજમાં દેખાતો પુરાવો છે. પોતાને હીરો સમજતા પીઆઇને કોઇ સંજોગોમાં માફ કરી શકાય નહીં. પીઆઇએ સત્તાનો દુરુપયોગ કર્યો છે. અમેરિકામાં આ પ્રકારનો ગુનો બને તો પોલીસવાળા સામે શું થાય છે? તે તપાસી જુઓ. પીઆઈએ વકીલને નાર્કોટિક્સના ખોટા કેસમાં ફસાવી દેવાની પણ ધમકી આપી હતી. ■

# રાજપૂતો ફરી શક્તિ પ્રદર્શન કરશેઃ ૨૦મીએ અમદાવાદમાં મહાસંમેલન યોજાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટના સાંસદ પુરુષોત્તમ રૂપાલાએ લોકસભા ચૂંટણી ૨૦૨૪ દરમિયાન વિવાદાસ્પદ નિવેદન આપ્યું હતું, જેના કારણે ક્ષત્રિય સમાજમાં ભારે રોષ ફેલાયો હતો અને રાજ્યભરમાં આંદોલન કર્યું હતું. રૂપાલાની ઉમેદવારી સામે ભાજપ સામે બાંયો ચડાવી હતી. જો કે હવે લોક ચૂંટણી પછી ક્ષત્રિય સમાજ ફરી સંગઠિત થયો છે, અને સમાજની ચિંતા, ચિંતન અને મનોમંથન માટે ક્ષત્રિય શક્તિ અસ્મિતા મંચ બનાવવા જઈ રહ્યા છે. ૨૦ સપ્ટેમ્બરે અમદાવાદના ગોતામાં આવેલા રાજપૂત ભવનમાં મળનારા મહાસંમેલનમાં શક્તિ પ્રદર્શન કરશે. આ સંમેલનમાં ''સમસ્ત ક્ષત્રિય શક્તિ અસ્મિતા મંચ''ની જાહેરાત થશે. જેની આગેવાની ભાવનગરના મહારાજાને સોંપવામાં આવશે. આ સંમેલન માટે ગુજરાતના સમસ્ત ક્ષત્રિય સમાજ તથા તેના ૨૨૪ જેટલા પૂર્વ રજવાડાઓના વારસદારોનો સંપર્ક કરીને તેઓને આ સંમેલનમાં હાજર રહેવા માટે આમંત્રણ આપવામાં આવ્યું છે.

ક્ષત્રિય સમાજના સંમેલનમાં કોઈ પણ રાજકીય બાબતો અંગેનો નિર્ણય કે ચર્ચા કરવામાં આવશે નહીં માત્ર ક્ષત્રિય સમાજની એકતા માટે તમામ ક્ષત્રિય સમાજના રાજકીયથી લઈ વિવિધ ક્ષેત્રોમાં નામના ધરાવતા લોકો જોડાશે. ૫૦૦૦થી વધારે લોકો આ સંમેલનમાં હાજર રહે તેવી શક્યતા છે.

આ અંગે રાજપૂત વિદ્યાસભાના પ્રમુખ અશ્વિનસિંહ સરવૈયાએ જણાવ્યું હતું કે, દેશને એક કરવા માટે ક્ષત્રિય રાજાઓએ પોતાનાં રાજા-રજવાડાં દાનમાં આપી દીધાં હતાં. ગુજરાતમાં ૨૨૫થી વધારે રાજા-રજવાડાઓ અને ક્ષત્રિય સમાજની અનેક સંસ્થાઓ છે. ક્ષત્રિય સમાજ હાલ અલગ અલગ વાડાઓમાં સંકળાયેલો છે. ક્ષત્રિય સમાજને એક કરવા અને સંગઠિત કરવાના ઉદ્દેશ્યથી મહાસંગઠન બનાવવામાં આવી રહ્યું છે. અમદાવાદના ગોતા ખાતે આવેલા સ્વ. હરેન્દ્રસિંહજી સરવૈયા રાજપૂત ભવન ખાતે ૨૦ સપ્ટેમ્બરના રોજ ગુજરાતનાં તમામ રાજા-રજવાડાઓના મહારાજા તેમજ ક્ષત્રિય સમાજની સંસ્થાઓના આગેવાનોનું ભવ્ય સંમેલન યોજવામાં આવ્યું છે.

અશ્વિનસિંહ સરવૈયાએ વધુમાં જણાવ્યું હતું કે, આ સંમેલનમાં રાજા-રજવાડાઓથી લઇ ક્ષત્રિયની વ્યાખ્યામાં આવતા તમામ લોકો અને સંસ્થાઓના આગેવાનોને આમંત્રણ આપવામાં આવ્યું છે. ક્ષત્રિયોને સંગઠિત હવે થવાની જરૂરિયાત છે. ''સમસ્ત ક્ષત્રિય શક્તિ અસ્મિતા મંચ'' નામના સંગઠનની જાહેરાત કરવામાં આવશે જેના પ્રમુખ તરીકે ભાવનગરના મહારાજા વિજયરાજ સિંહજી ગોહિલની તાજપોશી કરવામાં આવશે. ક્ષત્રિય સમાજના ભવ્ય સંમેલનમાં તમામ રાજા-રજવાડાઓથી માંડીને સંસ્થાના આગેવાનો જોડાશે અને સમાજમાં ચાલતા કુરિવાજો અને કેટલીક પ્રથાઓને દૂર કરવાથી લઈ ક્ષત્રિયોને તમામ ક્ષેત્રોમાં આગળ આવવા માટેની રણનીતિ નક્કી કરવામાં આવશે. ■

# રાજકોટના જાણીતા બિલ્ડર પર આઈટીના દરોડોની તપાસમાં ભાજપના નેતાનું કનેક્શન ખુલ્યું?

અમદાવાદઃ રાજકોટમાં જાણીતા બિલ્ડરના ત્યાં આઇટીની તપાસ દરમિયાન કરોડોના બેનામી વ્યવહારો મળી આવ્યા હતા. આવકવેરા વિભાગની તપાસમાં ભાજપના એક સ્થાનિક નેતાએ ૧૦ કરોડનું રોકાણ કર્યું હોવાનું ચર્ચાઇ રહ્યું છે. ભાજપના આ નેતાએ ૧૦ કરોડનું રોકાણ રોકડમાં બે વાર કર્યુ હોવાનું કહેવાઇ રહ્યું છે. બિલ્ડરે ડ્રાઇવર અને સગાસંબંધીના નામે રોકાણ કર્યું છે. છ મહિના પહેલા ઝૂંપડપટ્ટીઓમાં તપાસ કરી હતી. તેમાં ઝૂંપડપટ્ટી, ઓરડીમાંથી દસ્તાવેજો જપ્ત કર્યા હતા. રાજકોટના નામાંકિત બિલ્ડરના બેનામની વ્યવહારો મળી આવવાની ઘટનામાં ચોંકાવનારા ખુલાસા થયા હતા. બિન સત્તાવાર રીતે ૭૦૦ કરોડના બેનામી વ્યવહારો આઇટી વિભાગને હાથ લાગ્યા હોવાનું જાણવા મળે છે. ભાજપના નેતા ઉપરાંત આવકવેરાની વિભાગની તપાસમાં હજુ પણ કેટલાક મોટા માથાઓના નામ ખૂલવાની શક્યતા વ્યક્ત થઇ રહી છે.શહેરના અન્ય મોટા બિલ્ડરો સહિત નાના વેપારીઓમાં પણ આઇટીની તપાસથી ફફડાટ ફેલાયો છે. ■

# અંબાજી ભાદરવી પૂનમના મેળામાં છ દિવસમાં ૨૭ લાખ ભક્તો ઉમટયા

અમદાવાદઃ શક્તિપીઠ અંબાજી ખાતે ભાદરવી સુદ આઠમ તારીખ ૧૨ સપ્ટેમ્બરથી શરૂ થયેલા મેળાનો બુધવારે છેલ્લો દિવસ હતો. ભાદરવી પૂનમના છેલ્લા દિવસે મોટી સંખ્યામાં ભક્તોનો ધસારો અંબાજી મંદિરે જોવા મળ્યો હતો. વહેલી સવારે ૬ વાગ્યે માતાજીની મંગળા આરતીમાં 'બોલ માડી અંબે જય જય અંબે'નો નાદ કરતા કરતા મોટી સંખ્યામાં ભક્તો જગતજનની મા અંબાના આશીર્વાદ લેવા પહોંચ્યા હતા. છેલ્લા ૬ દિવસમાં ૨૭ લાખ ભક્તોએ અંબાજીની મુલાકાત લીધી હતી. પૂનમના પગલે અનેક સંઘો અને પદયાત્રીઓએ માતાજીના મંદિરના શિખરે ધજા અર્પણ કરી ધન્યતા અનુભવી હતી. મેળામાં કાર્યરત વિવિધ વિભાગો દ્વારા આજે ભાદરવી મહાકુંભ નિર્વિઘ્ને સંપન્ન થતાં મંદિરના શિખરે ધજા ચઢાવી માતાજીનો આશીર્વાદ લીધા હતો. આ સાથે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી અને ડીજીપી વિકાસ સહાયએ પણ અંબાજી મંદિરના શિખર પર ધજા ચઢાવી હતી. ■

# દૈનિક મુંબઈ સમાચાર

૨૦૩ વર્ષ

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૩ ■ Volume 67 ■ Issue 223 ■ વિક્રમ સંવત ૨૦૮૦

■ ભાદ્રપદ વદ - ૨ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 19 September 2024, Thursday ■ REGD.No. MCS/058/2024-26

ગુરુવાર, ૧૯ સપ્ટેમ્બર ૨૦૨૪, કિંમત ₹ ૧૦.૦૦ | લાડકી પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# કેબિનેટની બેઠકમાં લેવાયેલો મહત્ત્વનો નિર્ણય




નવી દિલ્હી: કોવિંદ કમિટી દ્વારા કરવામાં આવેલી ભલામણને આધારે કેન્દ્રના પ્રધાનમંડળે 'વન નેશન, વન ઈલેક્શન' (એક દેશ, એક ચૂંટણી)ના પ્રસ્તાવને બુધવારે મંજૂરી આપી હોવાનું કેન્દ્રીય પ્રધાન અશ્વિની વૈષ્ણવે કહ્યું હતું.

ઉચ્ચસ્તરીય સમિતિ દ્વારા તૈયાર કરવામાં આવેલો 'વન નેશન, વન ઈલેક્શન' અંગેનો રિપોર્ટ બુધવારે કેન્દ્રના પ્રધાનમંડળ સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો. ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદના વડપણ હેઠળની કમિટીએ વર્ષ ૨૦૨૪ની લોકસભાની ચૂંટણીની જાહેરાત કરવામાં આવ્યા અગાઉ માર્ચ મહિનામાં આ અહેવાલ સુપરત કર્યો હતો.

સર્વાનુમતીથી આ પ્રસ્તાવને મંજૂરી આપવામાં આવી હોવાનું તેમણે કહ્યું હતું. કેબિનેટ સમક્ષ રિપોર્ટ રજૂ કરવો એ કાયદા ખાતાના ૧૦૦ દિવસના એજન્ડાનો એક ભાગ હતો. ઉચ્ચસ્તરીય કમિટીએ લોકસભા અને વિધાનસભાની ચૂંટણી સાથે યોજવાનો તેમ જ ત્યાર બાદના ૧૦૦ દિવસની અંદર (જુઓ પાનું ૨) ▶▶

# એબીસીના ચેરમેન બન્યા રિયાદ મેથ્યુ



નવી દિલ્હી: મલયાલા મનોરમા જૂથના ચીફ એસોસિયેટ એડિટર અને ડિરેક્ટર રિયાદ મેથ્યુ ઓડિટ બ્યુરો ઓફ સરક્યુલેશન (એબીસી)ના વર્ષ ૨૦૨૪-૨૫ માટે સર્વસંમતિથી ચેરમેન બન્યા છે.

રિયાદ મેથ્યુ બોર્ડ ઓફ પ્રેસ ટ્રસ્ટ ઓફ ઈન્ડિયા (પીટીઆઈ)ના ઑગસ્ટ-૨૦૦૯થી ડિરેક્ટર છે અને વર્ષ ૨૦૧૬-૧૭માં તેઓ પીટીઆઈના ચેરમેન બન્યા હતા અને તેમણે મે ૨૦૨૩માં વિયેના-સ્થિત ઈન્ટરનેશનલ પ્રેસ ઈન્સ્ટિટ્યૂટ (આઈપીઆઈ)માં બોર્ડ મેમ્બર તરીકે સેવા આપી હતી અને અત્યારે તેઓ આઈપીઆઈ, ઈન્ડિયાના ચેરમેન છે.

આ ઉપરાંત કરુણેશ બજાજ ફરી એકવખત બિનવિરોધ ડેપ્યુટી ચેરમેન બન્યા હતા. બેનેટ, કોલમેન એન્ડ કંપનીના મોહિત જૈન ફરી એક વખત બિનવિરોધ સેક્રેટરી તરીકે ચૂંટાઈ આવ્યા હતા. મેડિસન કમ્યુનિકેશન પ્રા. લિ.ના (જુઓ પાનું ૨) ▶▶


ANTARA GOLD & DIAMONDS
DADAR | BORIVALI | GOREGAON
TODAY'S GOLD RATE
₹ 67,230/-
PER 10 GRAMS OF 22KT BIS HALLMARKED JEWELLERY
DIAMOND JEWELLERY
VVS-VS F-G QUALITY
CERTIFIED NATURAL DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565
OPEN ON ALL DAYS

Freedom TOUR PLAN
12N NZ GROUP TOUR - OCT-JAN '25
Fly from Anywhere,
SEE YOU AT AUCKLAND
₹ 1,85,400/- Land Package with BF
₹ 2,25,000/- Land Package - Restaurant
₹ 2,43,000/- Land Package with Chef
+91 98751 62567
FREEDOMTOURISM.COM

FLAMINGO transworld pvt. ltd.
Naturally New Zealand With Amazing Australia
(18 Days)
4 Dec 2024, 7 Feb 2025
Successfully planned holidays for more than 2,10,000 families
For More Details Scan The QR Code
+91 78618 82783
+91 75065 13304
www.flamingotravels.co.in

A BRAND OF RAJNISH WELLNESS LIMITED
પ્રથમ દિવસથી અસર કારક*
જોશ, તાકદ અને ENERGY વધારો
પ્લે-વિન પ્લસ કેપ્સ્યુલ
100% Ayurvedic, NO Side Effect
1 કેપ્સ્યુલ્સ 30 મિનટ પહેલે
તમારી સ્ટેમિનામાં વધારો અને પ્લે-વિન પ્લસ સાથે જીવનમાં સક્રિય અને મોહક બનો.
બધા મેડિકલ સ્ટોર્સમાં ઉપલબ્ધ છે
Available on : Flipkart

TRUSTED BRAND SINCE 1924
રાહતના શ્વાસનો અનુભવ
અમારા આયુર્વેદિક બામ થી લો
*** આયુર્વેદિક પ્રોપ્રાયટરી મેડીસીન ***
મચકોડ | માથાનો દુખાવો | સરદી
• હેડરોસા બામ •
*** પેકિંગમાં: ૦૫ ગ્રામ | ૧૦ ગ્રામ | ૨૫ ગ્રામ ***
હવે ઉપલબ્ધ છે

સાંધાનું દર્દ-પીઠ દર્દ-ઘૂંટણ દર્દ





ડો. ક્રિસ્ટોફ ગાર્નર, જર્મની
"હવે હું મારા હાથ દર્દ વિના ઉપર-નીચે કરી શકું છું. આયુશક્તિના આર્થ્રોક્સ ઉપચાર હઠીલા જૂના સાંધાના દર્દ માટે ઉત્તમ છે."
ડો. ક્રિસ્ટોફ ગાર્નર, ન્યુરોલોજિસ્ટ, જર્મની
તમારા દર્દ સામે આયુશક્તિના સુરક્ષિત આર્થ્રોક્સ ઉપચાર
• સાંધાનું દર્દ • પીઠ દર્દ • ગરદન દર્દ • ઘૂંટણનું દર્દ • ખભામાં જકડન
આયુશક્તિની આર્થ્રોક્સ™ સારવારથી તમને કયા લાભો થાય છે?
• ખભા, ગરદન, પીઠ અને સાંધામાં દર્દ અને જકડન ઓછું કરવામાં મદદરૂપ થાય છે
• સાંધાને લવચીકતા અને શક્તિ આપે છે, જેને લીધે વજન ઓછું કરવામાં મદદ થાય છે
• દર્દ વિના ઊભા રહી શકો, ચાલી અને દાદરા ચઢ-ઊતર, વજન ઊંચકવું, કસરતકરી શકો છે
• દર્દ ઓછું થાય છે અને ઘૂંટણ તથા નિતંબના સાંધાઓનું અવાજ કરવાનું પણ ઓછું થાય છે
આયુશક્તિ જાહેર કરે છે મફત આરોગ્ય સલાહ સેવા અને મર્મ શિબિર
તારીખ: ૨૦, ૨૧ અને ૨૨ સપ્ટેમ્બર ૨૦૨૪
સમય: સવારે ૧૧ થી સાંજ ૦૭ | સ્થળ: તમામ આયુશક્તિ કેન્દ્રો પર
આંતરરાષ્ટ્રીય કેન્દ્રો: યુએસએ, યુરોપ, યુકે, ઓસ્ટ્રેલિયા, ન્યૂઝીલેન્ડ
આયુશક્તિ કેન્દ્રો: મલાડ, વિલે પાર્લે, થાણે, ઘાટકોપર, દાદર, મીરારોડ, કોપરખૈરણે, ખારઘર, કેમ્પ્સ કોર્નર, ગોરેગાંવ, બોરીવલી, કલ્યાણ, મુલુંડ, ડોમ્બિવલી, અંધેરી, કોલાબા, ખાર રોડ, ચેમ્બુર, વસઈ, નાસિક, પુણે, સુરત, ઔરંગાબાદ, અહમદનગર, મગરપટ્ટા (પુણે)
ayushakti since 1987
૯૦% સફળતા | +૩૫ ના વર્ષો અનુભવ | ૧૫૦+ ક્લિનિક્સ વૈશ્વિક સ્તરે | ૧૫+ લાખ ખુશ ગ્રાહકો | ૫૦+ સંશોધન પેપરો
AS FEATURED IN FOX abc NBC CBS
Scan this to know more
*પરિણામો વ્યક્તિગત રીતે અલગ અલગ હોઈ શકે છે *આયુશક્તિ ક્લિનિક્સના ડોકટરોની દેખરેખ હેઠળ કરવામાં આવતી તમામ સારવાર
• Website: www.ayushakti.com • Email ID: info@ayushakti.com
આયુશક્તિનાં ડોક્ટરની એપોઈન્ટમેન્ટ લેવા માટે ટોલ ફ્રી નંબર 18002663001 અથવા 7777001561 પર કોલ કરો

મોટાભાઈ, ૩૮ વર્ષનો અનુભવ છે!
કોઇ 'રેવડી' નહી
કોઇ 'ડિસ્કાઉન્ટ' નહી
માત્ર સર્વિસ... સર્વિસ અને સર્વિસ

મહારાજ સાથે ગ્રુપ ટુર | સ્પીતી (હિમાચલ પ્રદેશ - વેલી) | 89284 67688 / 99300 92741
સાંગલા - સરહાન | કિન્નોર વેલી - હિમાચલ પ્રદેશ | 89284 67688 / 99300 92741
ચોપતા - ઋષિકેશ | ઔલી | 8928467688 / 9930092741
બંડિપુર - વૈત્રિ | કૂર્ગ | 9326474508 / 9833515645
ખજૂરાહો - ગ્વાલીયર | મધ્ય પ્રદેશ | 8928467688 / 9930092741
પારો-પુનાખા-થીમ્પુ | ભૂતાન | 9326474508 / 9833515645
પોખરા-ચિત્તવન | નેપાલ | 9326474508 / 9324210059
જયપુર- જોધપુર | રાજસ્થાન | 8591467707 / 9326474508
બદ્રિનાથ - કેદારનાથ | ચારધામ | 9324210059 / 9930092741
અયોધ્યા-વારાણસી | ઉત્તર પ્રદેશ | 9324210059 / 9930092741
આસામ - મેઘાલય | અરુણાચલ | 9326474508 / 9769442741
દાર્જિલિંગ -પેલિંગ | સિક્કિમ | 8104068685 / 8369230503
મસૂરી -કોર્બેટ | ઉત્તરાખંડ | 8369230503 / 9769442741
આર્યનવેલી- દ્રાસ | લદાખ | 8591467707 / 9833515645
પટ્ટનીટોપ - કતરા | કાશ્મીર | 8104068685 / 8591467707
ડેલહાઉઝી મનાલી - સીમલા | હિમાચલ | 9137890531 / 7021657978
મુન્નાર - કોવાલમ | કેરાલા | 7021657978 / 9137890531
સીમલા - મનાલી | જીભી | 8928467688 / 9769442741

વ્યવસ્થિત બજેટ અને ઉંચો ટેસ્ટ ધરાવતા ૨૦ થી વધૂ વ્યક્તિનો સીલેક્ટેડ ગ્રુપો માટે સ્પેશિયલ ગ્રુપ ટુરોના વૈભવી આયોજન માટે મારો સંપર્ક સાધો.
જીતુભાઈ શાહ...8928467688

Heena TOURS & TRAVELS ®
DOMESTIC & INTERNATIONAL
303 / 304 / 305, એમ એલ સ્પેસ, ડી જે રોડ (સ્ટેશન રોડ), વિલેપાર્લે (વેસ્ટ), મુંબઈ-56
ફોન:- 022-67294444 / 61596900
ઘાટકોપર: 022-67295000 | સુરત: 0261-2456655
અમદાવાદ: 079-49065500 | પુના: 8237042741
enquiry@heenatours.in
www.heenatours.in

## એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# આતિશીની પસંદગી, કેજરીવાલે પરિવારવાદ ટાળ્યો

**આમ આદમી** પાર્ટીના મુખિયા અરવિંદ કેજરીવાલે દિલ્હીના મુખ્યમંત્રી પદેથી રાજીનામું ધરી દેવાની જાહેરાત કરી ત્યારથી કોના પર કળશ ઢોળાશે તેની અટકળો ચાલી. સૌરભ ભારદ્વાજ, ગોપાલ રાય, આતિશી, સુનિતા કેજરીવાલ, કૈલાસ ગેહલોત વગેરે આમ આદમી પાર્ટીના દિગ્ગજ મનાતા નેતાઓનાં નામ ચાલતાં હતાં પણ છેવટે આતિશી પર કળશ ઢોળાયો છે. અનંત ચૌદસના દિવસે આમ આદમી પાર્ટીએ જાહેરાત કરી નાખી કે આતિશી માર્લેના દિલ્હીના નવા મુખ્ય મંત્રી બનશે.

અરવિંદ કેજરીવાલની સરકારમાં શિક્ષણ, પીડબલ્યુડી સહિત અનેક મહત્ત્વપૂર્ણ મંત્રાલયો સંભાળી રહેલા આતિશીની પસંદગીથી મમતા બેનરજીને કંપની મળશે. અત્યાર લગી પશ્ચિમ બંગાળનાં મુખ્ય મંત્રી મમતા બેનરજી દેશનાં એક માત્ર મહિલા મુખ્ય મંત્રી હતાં. આતિશી મુખ્ય મંત્રીપદના શપથ લે એ સાથે જ દેશમાં મહિલા મુખ્ય મંત્રીઓની સંખ્યા વધીને બે થશે. યોગાનુયોગ આતિશી દિલ્હીનાં ત્રીજાં મહિલા મુખ્ય મંત્રી છે. આ પહેલાં ભાજપનાં સુષ્મા સ્વરાજ અને કૉંગ્રેસનાં શીલા દીક્ષિત દિલ્હીમાં મુખ્ય મંત્રી રહી ચૂક્યાં છે. શીલા દિક્ષીતે તો સળંગ ૧૫ વર્ષ રાજ કરેલું.

શીલા દિક્ષીત તો આજની તારીખે પણ દેશમાં સળંગ સૌથી લાંબો સમય રાજ કરનારાં મહિલા મુખ્યમંત્રી છે. શીલાનો રેકોર્ડ કદાચ મમતા બેનરજી તોડશે કેમ કે મમતાની પણ આ સળંગ ત્રીજી ટર્મ છે. બીજી તરફ સુષ્મા સ્વરાજ બહુ થોડો સમય મુખ્ય મંત્રીપદે રહેલાં. દિલ્હીમાં પહેલાં મદનલાલ ખુરાના ને પછી સાહિબસિંહ વર્માએ ભાજપનું તપેલું ચડાવી દીધું ત્યારે ભાજપને બચાવવા છેલ્લે છેલ્લે સુષ્મા સ્વરાજને ગાદી સોંપાયેલી પણ સુષ્મા ભાજપને જીતાડી નહોતાં શક્યાં. સુષ્મા માંડ ૫૦ દિવસ ગાદી પર રહેલાં.

આતિશી સુષ્મા કરતાં થોડોક લાંબો સમય સત્તા ભોગવશે પણ એ હંમેશાં સુષ્માની કેટેગરીમાં જ રહેશે કેમ કે આમ આદમી પાર્ટી ફરી જીતશે તો પાછા અરવિંદ કેજરીવાલ મુખ્ય મંત્રી બનશે ને આપ હારી જશે તો બધાં ઘરભેગાં થશે. અરવિંદ કેજરીવાલે ગયા રવિવારે પોતે મુખ્ય મંત્રીપદ પરથી રાજીનામું આપી દેશે અને દિલ્હીમાં આગામી વિધાનસભા ચૂંટણીની તૈયારી કરવા લોકો વચ્ચે જશે એવું એલાન કર્યું ત્યારે કહેલું જ છે કે, હવે ફરી જનાદેશ લઈને જ દિલ્હીનો મુખ્ય મંત્રી બનીશ. આ સંજોગોમાં આતિશી સ્ટોપ ગેપ એરેન્જમેન્ટ છે એ કહેવાની જરૂર નથી.

જો કે ભલે વચગાળાની ગોઠવણના ભાગરૂપે ગાદી પર બેઠાં પણ આતિશી મુખ્ય મંત્રી બનવા લાયક છે તેમાં બેમત નથી. દિલ્હી યુનિવર્સિટીની સેન્ટ સ્ટીફન્સ કોલેજમાંથી ભણેલાં આતિશીએ ઓક્સફર્ડ યુનિવર્સિટીમાંથી માસ્ટર ડિગ્રી મેળવી છે. એ પછી રહોડ્સ સ્કોલર તરીકે ઓક્સફર્ડમાંથી શિક્ષણ સંશોધનમાં બીજી માસ્ટર ડિગ્રી મેળવી છે આતિશીએ મધ્ય પ્રદેશના એક નાના ગામમાં સાત વર્ષ સુધી ઓર્ગેનિક ફાર્મિંગ અને એજ્યુકેશન સિસ્ટમ પર કામ કર્યું છે અને વ્યાપક સમાજ સેવા કરી છે.

આતિશી આમ આદમી પાર્ટીની રચનાથી તેની સાથે જોડાયેલાં છે. ૨૦૧૩માં આમ આદમી પાર્ટીએ દિલ્હીમાં પહેલીવાર વિધાનસભાની ચૂંટણી લડી ત્યારે આતિશી મેનિફેસ્ટો મેકિંગ કમિટીમાં હતાં. આતિશી પૂર્વ નાયબ મુખ્ય મંત્રી મનીષ સિસોદિયાના સલાહકાર રહી ચૂક્યાં છે અને દિલ્હીની સરકારી સ્કૂલોની કાયાપલટ કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે. આતિશી ટીવી ચેનલો પર આમ આદમી પાર્ટી તરફથી આક્રમક રજૂઆતો કરવા માટે પણ જાણીતાં છે એ જોતાં આમ આદમી પાર્ટીએ યોગ્ય પસંદગી કરી છે.

આતિશીની પસંદગીમાં કેજરીવાલ રાજકીય દાવપેચના ખેલાડી સાબિત થયા છે. કેજરીવાલે રાજીનામું આપ્યું પછી દિલ્હીના મુખ્ય મંત્રીપદે કોણ આવશે તેની અટકળો ચાલતી હતી ત્યારે અરવિંદ કેજરીવાલનાં પત્ની સુનિતા કેજરીવાલનું નામ પણ ચાલતું હતું. ઘાસચારા કૌભાંડમાં ફસાયેલા લાલુ પ્રસાદ યાદવે જેલમાં જવાનું આવ્યું ત્યારે પોતાનાં પત્ની રાબડીદેવીને મુખ્ય મંત્રી બનાવી દીધાં હતાં તેથી કેજરીવાલ પણ એ જ ખેલ કરશે એવું ભાજપવાળા પણ કહેતા હતા.

સુનિતાની પસંદગી કેમ કરાશે એ માટે કારણો પણ અપાતાં હતાં. અરવિંદ કેજરીવાલને જેલમાં પૂર્યા પછી સુનિતા કેજરીવાલ અત્યંત સક્રિય થઈ ગયાં હતાં અને આમ આદમી પાર્ટીના ધારાસભ્યો તથા અરવિંદ કેજરીવાલ વચ્ચેનો સંપર્ક સેતુ બન્યાં હતાં. સુનિતા કેજરીવાલે રાજકીય સક્રિયતા પણ બતાવવા માંડી હતી અને વીડિયો મેસેજ બહાર પાડીને તથા બીજી રીતે લોકો સાથે સંવાદ કરીને તેમણે ખાસ્સી ચર્ચા જગાવી હતી. લોકસભાની ચૂંટણી વખતે સુનિતા મેડમે રોડ શો પણ કર્યો હતો.

આમ આદમી પાર્ટીના ધારાસભ્યો સાથે સુનિતા કેજરીવાલ બેઠકો પણ કરતાં હતાં. તેના કારણે એવી ચર્ચા જાગેલી કે, કેજરીવાલ પોતાનું સ્થાન લેવા માટે પત્નીને તૈયાર કરી રહ્યા છે. આ કારણે જ અરવિંદ કેજરીવાલના સ્થાને સુનિતા કેજરીવાલ મુખ્ય મંત્રી બનશે એવું મીડિયાનો એક વર્ગ કહેતો હતો પણ કેજરીવાલ સંયમી સાબિત થયા. સત્તાની લાલચમાં આવીને પત્નીને ગાદી પર બેસાડીને ભાજપને પરિવારવાદનો નવો મુદ્દો આપવાના બદલે તેમણે એવી વ્યક્તિને પસંદ કરી કે જેની સામે કોઈ આંગળી ના ચીંધી શકે.

સુનિતા કેજરીવાલ ઉચ્ચ શિક્ષિત છે અને ઈન્ડિયન રેવન્યુ સર્વિસ (આઈઆરએસ)માં હતાં. ઈન્કમટેક્સ કમિશ્નર રહી ચૂકેલાં સુનિતા રાબડીદેવી નથી એ જોતાં તેમને મુખ્ય મંત્રીપદે બેસાડાયાં હોત તો એટલી હોહા ના થઈ હોત પણ કેજરીવાલે કોઈ પણ પ્રકારનો વિખવાદ ટાળવાનું પસંદ કરીને રાજકીય પરિપક્વતા બતાવી છે.

આતિશીની પસંદગી કરીને કેજરીવાલે આમ આદમી પાર્ટી બીજી પ્રાદેશિક પાર્ટીઓની જેમ જ્ઞાતિવાદના ચક્કરમાં નથી પડતી એ ઈમેજ પણ જાળવી છે. આતિશી સામાન્ય રીતે આતિશી માર્લેના તરીકે ઓળખાય છે તેથી ઘણાંને આતિશી ક્રિશ્ચિયન લાગે છે પણ વાસ્તવમાં આતિશી હિંદુ છે અને પંજાબી રાજપૂત છે.

આતિશીના પિતા વિજયસિંહ અને માતા ત્રિપ્તા વાહી બંને દિલ્હી યુનિવર્સિટીમાં પ્રોફેસર છે. આતિશીના પતિ વિજયસિંહ પણ પંજાબી રાજપૂત છે તેથી આતિશી હિંદુ જ છે પણ બહુ મોટી મતબેંક ધરાવતી કોઈ ચોક્કસ જ્ઞાતિમાંથી નથી આવતી. પંજાબી રાજપૂતોનું પંજાબમાં જ બહુ રાજકીય વજન નથી ત્યારે દિલ્હીમાં તો ન જ હોય પણ કેજરીવાલે એ વાતની પરવા કરી નથી.

અત્યારે દેશમાં રાજકીય રીતે તમામ નિર્ણયો જ્ઞાતિવાદને ધ્યાનમાં રાખીને જ લેવાય છે. કોઈ પણ વ્યક્તિ કેટલી ટેલેન્ટેડ કે કાબેલ છે તેના આધારે નહીં પણ કઈ જ્ઞાતિની છે તેના આધારે તેનું રાજકીય મહત્ત્વ નક્કી થાય છે. કેજરીવાલ કમ સે કમ અત્યાર સુધી તો એવી માનસિકતા નથી બતાવી રહ્યા એ સારું છે.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

(ઉત્તરાયણ સૌર શરદઋતુ), ગુરુવાર, તા. ૧૯-૯-૨૦૨૪, દ્વિતીયા તિથિનું શ્રાદ્ધ

- ભારતીય દિનાંક ૨૮, માહે ભાદ્રપદ, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૦, શા. શકે ૧૯૪૬, ભાદ્રપદ વદ-૨
- જૈન વીર સંવત ૨૫૫૦, માહે ભાદ્રપદ, તિથિ વદ-૨
- પારસી શહેનશાહી રોજ ૬ઠ્ઠો ખોરદાદ, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૬ઠ્ઠો ખોરદાદ, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૨જો બેહમન, માહે ૭મો મેહેર, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૧૫મો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૬
- મીસરી રોજ ૧૬મો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૬
- નક્ષત્ર ઉત્તરા ભાદ્રપદા સવારે ક. ૦૮-૦૩ સુધી, પછી રેવતી મધ્યરાત્રિ પછી ક. ૨૯-૧૪ (તા. ૨૦મી), પછી અશ્વિની.
- ચંદ્ર મીનમાં મધ્યરાત્રિ પછી ક. ૨૯-૧૪ સુધી, પછી મેષમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મીન (દ, ચ, ઝ, થ), મેષ (અ, લ, ઈ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૨૮ અમદાવાદ ક. ૦૬ મિ. ૨૭, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૩૬, અમદાવાદ ક. ૧૮ મિ. ૩૯, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :

- ભરતી : બપોરે ક. ૧૨-૨૪, મધ્યરાત્રિ પછી ક. ૦૧-૦૩ (તા. ૨૦)
- ઓટઃ સાંજે ક. ૧૮-૩૯,
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૦, ''રાક્ષસ'' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, ''ક્રોધી'' નામ સંવત્સર, ભાદ્રપદ કૃષ્ણ - દ્વિતીયા. ભાદ્રપદ કૃષ્ણ પક્ષ પ્રારંભ, દ્વિતીયા તિથિનું શ્રાદ્ધ, પંચક સમાપ્તિ સાંજે ક. ૧૯-૧૫.
- મુહૂર્ત વિશેષઃ ગુરુ -શનિ -બુધ ગ્રહદેવતાનું પૂજન, દેવતાનું પૂજન, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, મંદિરોમાં પાટ અભિષેક પૂજા, નિત્ય થતાં દુકાન વેપાર, પશુ લે-વેચનાં કમકાજ, મિત્રતા કરવી, બી વાવવું. પૂષાદેવતાનું પૂજન, માલ લેવો, શ્રી વિષ્ણુ લક્ષ્મી પૂજા.
- શ્રાદ્ધ પર્વઃ આજ રોજ બીજ તિથિએ દિવંગતનું શ્રાદ્ધ કરવું, શ્રાદ્ધ પર્વ એ નૈમિતિક છે. ફરજિયાત છે. ''શ્રાદ્ધનો સમય બપોરે મધ્યાહન સમય ગણવામાં આવે છે. સવાર અને સાંજનો સમય દેવતાઓના સમય કહેવાય છે. મધ્યાહનનો સમય પિતૃઓનો ગણવામાં આવે છે. આથી શ્રાદ્ધનો સમય ૧૧ વાગ્યા પછી ગણવામાં આવે છે. ભગવાન કપિલ મુનિએ માતા દેવહૂતિને આ સ્થાને જ્ઞાન આપીને વચન આપેલું કે આ સ્થાને જે શ્રાદ્ધ કરશે તેનો હું ઉદ્ધાર કરીશ. અહીં મોક્ષપીપળો આવેલો છે. જ્યાં પાણી રેડશે તેના પિતૃઓને મોક્ષ મળે છે તેવું કથન છે. શ્રાદ્ધનો સમયને કુટુંબ બેલા કહેવાય છે.સનાતન સંસ્કૃતિનું અંગ છે. શ્રાદ્ધ કરવું એટલે દિવંગતજનો જે પિતૃદેવતાઓ એમ ઓળખાય છે. પિતૃઓની તરફ શ્રદ્ધાનો ભાવ વ્યક્ત કરવા માટે શ્રાદ્ધપર્વનું આયોજન ઋષિમુનિઓએ કરેલું છે.આચમનઃ સૂર્ય-હર્ષલ ત્રિકોણ પ્રતિભાશાળી વ્યક્તિત્વ.
- ખગોળ જ્યોતિષઃ સૂર્ય-હર્ષલ ત્રિકોણ, ચંદ્ર ક્રાંતિવૃત્ત પર આવી ઉત્તરે થશે. બુધનો પૂર્વમાં અસ્ત થાય છે.
- ગ્રહગોચરઃ સૂર્ય-કન્યા, મંગળ-મિથુન, માર્ગી બુધ-સિંહ, ગુરુ-વૃષભ, શુક્ર-કન્યા, વક્રી શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, વક્રી હર્ષલ- વૃષભ, વક્રી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર.

## મુખ્બિરે ઈસ્લામ

અનવર વલિયાણી
anwar.v@bombaysamachar.com

# એક સત્યનિષ્ઠ, ઈમાનદાર મોમિનની આ રહી પાંચ નિશાનીઓ

**ઈસ્લામ** ધર્મની ઈમારત જે પાયા પર સ્થપાઈ છે તે તૌહીદે ઈલાહી (અલ્લાહ એક) હોવાની દૃઢ માન્યતા પર કાયમ છે.

આધુનિક વિજ્ઞાન કહે છે કે નજરે જુઓ તે સાચું બાકી કોઈ પુરવાર ન કરે ત્યાં સુધી વર્તમાન જમાનાની પેઢી અદ્રશ્ય સત્યોને માનવા તૈયાર નથી. વિજ્ઞાન ગમે તે કહે પરંતુ પ્રમાણિકપણે અક્કલની કસોટીએ વિચારીએ તો દિલ જરૂર કબૂલ કરશે કે કર્તા વગર કોઈ વસ્તુ અસ્તિત્વમાં આવી શકતી નથી ત્યારે આટલા મોટા વિશ્વનું સર્જન કરીને તેને ચલાવવા પાછળ કોઈ શક્તિ કામ કરતી ન હોય તેમ માનવું એ બુદ્ધિનું દેવાળું કાઢ્યા બરાબર છે.

એવી ઘણી વસ્તુઓ છે જેને વિજ્ઞાન ગમે તેટલી નવી શોધો કર્યા પછી પણ જોઈ શકતું નથી. પામર મનુષ્ય એનો અહેસાસ તો કરે છે પણ તેને જોઈ શકતો નથી. દાખલા તરીકે ઉદાહરણરૂપે રૂહ એટલે કે આત્માને આપણે જોઈ શકતા નથી છતાંય તેના વજૂદ-અસ્તિત્વનો સ્વીકાર કરીએ છીએ જ. એવી જ રીતે સુખ-દુઃખ, પ્રેમ-ભય, લાગણી-ક્રોધની આપણે અનુભૂતિ કરી શકીએ છીએ પણ તેની આકૃતિને જોઈ શકતા નથી છતાં સૌ કોઈ તેના અસ્તિત્વને માને છે. વિજ્ઞાન પણ સ્વીકારે છે કે કોઈ વસ્તુ એકબીજા પદાર્થની સહાય વગર એની મેળે ઉત્પન્ન થતી નથી, ત્યારે અલ્લાહ અને તેની શક્તિને માનવા નાસ્તિકો દૃશ્યહીન શા માટે થઈ જતા હશે?

અલ્લાહતઆલાએ પયગંબરે ઈસ્લામ મારફત જે સંદેશ મોકલ્યો છે તેના પાયાના નિયમો - સિદ્ધાંતો જે કોઈ સમજવા માગે છે તેના માટે તદ્દન આસાન - સરળ છે. અલ્લાહતઆલા ફરમાવે છે કે.

૧) મારા સિવાય કોઈ ખુદા નથી, હું એક અને એકલો છું. મોહમ્મદ (સ.અ.વ.) મારા રસુલ છે, આ હકીકત (કલ્મા)ને દિલથી કબૂલ કરો.

૨) વિશ્વમાં મારા સર્જનોને જોઈ પરખીને બુદ્ધિપૂર્વક મારા વજૂદને કબૂલ કરો.

૩) મારી અમૂલ્ય કિતાબ કુરાન શરીફ અને રસૂલ મારફતે મોકલેલ ધર્મનિયમો એટલે શરિયતને બુદ્ધિપૂર્વક સમજીને તેના પર અમલ કરો.

૪) તમારો અમલ જો રસૂલના બતાવેલ સીધા રસ્તા પર હશે તો આ દુનિયા અને આખેરત (મૃત્યુ પછીના જીવન 'બરઝખ'ની દુનિયા)માં જન્નતરૂપી ઉમદા બદલો મળશે અને

૫)....અને જો તમારો અમલ દીને ઈસ્લામથી વિરુદ્ધ, ગુનાહિત વિચારો પર હશે તો તેના બદલામાં તમોને સજારૂપે આખેરત (મૃત્યુલોક)માં દોજખ નર્કમાં દાખલ કરવામાં આવશે.

આ પાંચ સિદ્ધાંતોને જે વ્યક્તિ માને અને તેના પર અમલ કરે તે 'મોમીન' એટલે કે એક ઈમાનદાર મુસલમાન કહેવાય બાકી નામના મુસલમાન તો ઘણા મળી આવશે.

તૌહીદને સમજ્યા પછી 'શીર્ક'ને સમજવું પણ એટલું જ જરૂરી છે. શીર્ક એટલે કોઈની સાથે જોડવું, સામિલ કરવું, શરીક કરવું. અલ્લાહની વેહદાનીયત એટલે એક અલ્લાહને સ્વીકાર્યા બાદ તેની જાત સાથે કોઈને શરીક (સામેલ) કરીએ, તેની બરાબરીમાં અથવા તેની ઉપરવટ કોઈને માનીએ તેને ઈસ્લામિક પરિભાષામાં 'શીર્ક' કહેવાય છે. આ શીર્ક સંબંધી અલ્લાહતઆલા કુરાન શરીફમાં જે ફરમાવે છે તે અને કર્મકાંડમાં ઈસ્લામના મહત્ત્વ સંબંધી જાણકારી લેખના આવતા અંકના ત્રીજા ભાગમાં હાંસલ કરીશું. ઈન્શાઅલ્લાહ.

**- જાફરઅલી ઈ. વિરાણી**

* * *

**નસીહત**

'સાતો આસમાનો અને ધરતી તથા તેઓની અંદર જે કાંઈ છે, તે તેની જ તસ્બીહ (પવિત્રતા બોલવી) કરે છે. કોઈ ચીજ એવી નથી જે તેની પવિત્રતા બોલતી ન હોય, પરંતુ તમે તેની રીત જાણતા નથી (તમો અનભિજ્ઞ અજાણ છો) તે અલ્લાહ હલીમ (સહિષ્ણુ) અને ક્ષમાશીલ છે.'

**સાપ્તાહિક સંદેશઃ**

લોકોએ તમારા પર વિશ્વાસ રાખીને આપેલી અનામત તેઓને માગે ત્યારે પરત કરો.

- કર્ઝ લીધું હોય તો વહેલી તકે અદા કરો અને મજૂરીનું મહેનતાણું શ્રમજીવીનો પરસેવો સૂકાય તે પૂર્વે અદા કરી દો - **હદીસ**

# કાશ્મીરમાં ભારે મતદાન

શ્રીનગરઃ જમ્મુ-કાશ્મીર વિધાનસભાની બુધવારે યોજાયેલી પ્રથમ તબક્કાની ચૂંટણીમાં સાંજે છ વાગ્યા સુધીમાં ૬૦ ટકા કરતાં વધુ મતદાન નોંધાયું હોવાનું ચૂંટણી પંચે કહ્યું હતું.

કડક સુરક્ષાવ્યવસ્થા વચ્ચે સવારે સાત વાગ્યે મતદાન શરૂ થયું હતું.

ચૂંટણી પંચના જણાવ્યા અનુસાર સાંજે પાંચ વાગ્યા સુધીમાં સરેરાશ ૫૮.૧૯ ટકા મતદાન નોંધાયું હતું.

ઈન્દરવાલમાં ૮૦.૦૬ ટકા, પેડર-પાગસેનીમાં ૭૬.૮૦ ટકા, ડોડા વેસ્ટમાં ૭૫.૧૪ ટકા, કાશ્મીર ખીણ પ્રદેશમાં ૬૭.૮૬ ટકા ડી. એચ. પોરામાં ૬૫.૨૧ ટકા કુલગામમાં ૫૯.૫૮ ટકા, કોકરેનાગમાં ૫૮ ટકા, ડુરૂમાં ૫૭.૯૦ ટકા તો ત્રાલ સેક્ટરમાં સૌથી ઓછું ૪૦.૫૮ ટકા મતદાન નોંધાયું હતું.

પુલવામા જિલ્લાના ચાર મતદારક્ષેત્રમાં સાંજે છ વાગ્યા સુધીમાં પચાસ ટકા કરતાં પણ ઓછું મતદાન નોંધાયું હતું.

વર્ષ ૨૦૧૯માં બંધારણની કલમ ૩૭૦ રદ કરવામાં આવ્યા બાદ પ્રથમ જ વાર અહીં ચૂંટણી યોજવામાં આવી હતી. (એજન્સી)

# આતિશી શનિવારે દિલ્હીનાં મુખ્ય પ્રધાન બનશે

નવી દિલ્હી : દિલ્હીના ઉપ રાજ્યપાલે રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુને મોકલાવેલા સંદેશામાં દરખાસ્ત મૂકી છે કે મુખ્ય પ્રધાન તરીકે ચૂંટાયેલા આતિશીનો ૨૧ સપ્ટેમ્બરે સોગંદ સમારોહ યોજાય, એવ માહિતી સૂત્રોએ આપી હતી. સૂત્રોએ કહ્યું હતું કે મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલનો રાજીનામા પત્ર પણ રાષ્ટ્રપતિને મોકલવામાં આવ્યો છે. જોકે સૂત્રોએ કહ્યું હતું કે આપ વિધાનસભા પક્ષે આતિશીના મુખ્ય પ્રધાન તરીકે સોગંદ લેવા માટે કોઈ તારીખ આપી નહોતી. કેજરીવાલે મંગળવારે ઉપ આયુકતને રાજીનામું આપ્યું હતું અને આતિશીએ રાજધાનીમાં નવી સરકાર રચવા દાવો કર્યો હતો. (એજન્સી)

# વડા પ્રધાન શુક્રવારે મહારાષ્ટ્રના વર્ધાની મુલાકાતે

નાગપુરઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદી શુક્રવારે પીએમ વિશ્વકર્મા યોજનાની પ્રથમ વર્ષગાંઠની ઉજવણી કરવા માટે મહારાષ્ટ્રના વર્ધા શહેરની મુલાકાત લેશે. જ્યાં તેઓ એક મેગા ટેક્સટાઇલ પાર્ક સહિત કેટલાક વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન કરશે. સરકારી જાહેરાતમાં જણાવ્યા અનુસાર વડા પ્રધાન અમરાવતીમાં બનનાર પીએમ મિત્ર પાર્કનું વર્ચ્યુઅલ ભૂમિપૂજન કરશે. અમરાવતી જિલ્લા માહિતી અધિકારીએ જણાવ્યું કે વડા પ્રધાન વર્ધા અને અમરાવતીમાં કેટલાક વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન કરશે. જેમાં અમરાવતીમાં મેગા પીએમ ટેક્સટાઇલ પાર્ક પણ સામેલ છે, જે ૧,૦૨૦ એકર જમીન પર આકાર લેશે.

## પહેલા પાનાનું ચાલુ

### કેબિનેટની બેઠકમાં

મહાનગરપાલિકા, નગરપાલિકા અને સરપંચની ચૂંટણી એકસાથે યોજવાનો પ્રસ્તાવ મૂક્યો છે.

કમિટી દ્વારા કરવામાં આવેલી ભલામણોનો અમલ કરવા 'ઈમ્પ્લિમેન્ટેશન ગ્રૂપ' રચવાનો પણ કમિટીએ પ્રસ્તાવ મૂક્યો છે.

રાજ્યના ચૂંટણી અધિકારીઓ સાથે સલાહમસલત કરીને ઈલેક્શન કમિશન ઑફ ઈન્ડિયા (ઈસીઆઈ) આ તમામ ચૂંટણી માટે એક સામાન્ય મતદાર યાદી અને મતદાર ઓળખપત્ર તૈયાર કરે એવી ભલામણ પણ કમિટીએ કરી છે.

હાલમાં લોકસભા ને વિધાનસભાની ચૂંટણી યોજવાની જવાબદારી ઈસીઆઈ પર છે જ્યારે મહાનગરપાલિકા, નગરપાલિકા ને સરપંચની ચૂંટણીનું આયોજન રાજ્ય ચૂંટણી પંચ દ્વારા કરવામાં આવે છે.

કમિટીએ ૧૮ બંધારણીય સુધારા સૂચવ્યા છે જેમાંથી મોટાભાગનામાં રાજ્ય વિધાનસભાએ સુધારા મંજૂર કરાવવાની જરૂર નહીં પડે.

જોકે આ માટે ચોક્કસ બંધારણીય સુધારા કરવાની અને સંસદમાં તેને મંજૂર કરાવવાની જરૂર પડશે.

એક જ મતદાર યાદી અને એક જ મતદાર ઓળખપત્રને લગતા પ્રસ્તાવિત સુધારાને દેશના ઓછામાં ઓછા અડધોઅડધ રાજ્યોએ મંજૂર કરવા પડશે. વડા પ્રધાન નરેન્દ્ર મોદી જેની મક્કમતાપૂર્વક ભલામણ કરી રહ્યા છે તે વન નેશન, વન ઈલેક્શન માટે કાયદા પંચ પણ જલદી જ અહેવાલ રજૂ કરે તેવી શક્યતા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર કાયદા પંચ પણ વર્ષ ૨૦૨૯થી અમલી બને તે રીતે લોકસભા, વિધાનસભા, મહાનગરપાલિકા, નગરપાલિકા અને સરપંચની ચૂંટણી એકસાથે યોજવાની અને ત્રિશંકુ સંસદ કે વિધાનસભા માટે સંયુક્ત સરકારની જોગવાઈ રાખવાની ભલામણ કરે તેવી શક્યતા છે. (એજન્સી)

### રિયાદ મેથ્યુ

વિક્રમ સાખુજા ફરીથી બિનવિરોધ ખજાનચી તરીકે ચૂંટાઈ આવ્યા હતા.

પબ્લિશર પ્રતિનિધિઓઃ રિયાદ મેથ્યુ-મલયાલા મનોરમા કો. લિ.- ચેરમેન, પ્રતાપ જી. પવાર-સકાળ પેપર્સ પ્રા. લિ. , શૈલેષ ગુપ્તા-જાગરણ પ્રકાશન લિ., પ્રવીણ સોમેશ્વર-એચટી મીડિયા લિ., મોહિત જૈન-બેનેટ, કોલમેન એન્ડ કં. લિ.- માનદ્ સેક્રેટરી, ધ્રુબા મુખરજી-એબીપી પ્રા. લિ., કરણ દરડા-લોકમત મીડિયા પ્રા. લિ., ગિરીશ અગ્રવાલ-ડીબી કોર્પ લિ.

એડવર્ટાઈઝર પ્રતિનિધિઓઃ કરુણેશ બજાજ -આઈટીસી લિ.-ડેપ્યુટી ચેરમેન, અનિરુદ્ધ હલદર, ટીવીએસ મોટર કંપની લિ., પાર્થો બેનરજી, મારૂતિ સુઝુકી ઈન્ડિયા લિ.

એડવટાર્ઈઝિંગ એજન્સીના પ્રતિનિધિઓઃ શ્રીનિવાસ કે. સ્વામી-આર. કે. સ્વામી લિ., વિક્રમ સાખુજા-મેડિસન કમ્યુનિકેશન પ્રા. લિ. -માનદ્ ખજાનચી, પ્રશાંત કુમાર-ગ્રુપ એમ મીડિયા ઈન્ડિયા પ્રા. લિમિટેડ, વૈશાલી વર્મા- ઈનિશિયેટીવ મીડિયા (ઈન્ડિયા) પ્રા. લિ., સેજલ શાહ- પબ્લિસીસ મીડિયા ઈન્ડિયા ગ્રુપ.

સચિવઃ હોરમઝ મસાની-સેક્રેટરી જનરલ.

# ખેડૂતોને બખાંઃ ખાતરની સબસિડી સહિતની યોજના મંજૂર

નવી દિલ્હી : સરકારે બુધવારે ૨૦૨૪-૨૫ની રવિ મોસમમાં પાકના પોષકતત્ત્વો કિફાયતી દરે આપવા ફોસફેટિક એન્ડ પોટેસિક (પી એન્ડ કે) ખાતર પર રૂ. ૨૪,૪૭૪.૫૩ કરોડ સબસિડી આપવાની ભલામણને માન્ય રાખી હતી. સરકારે પીએમ-આશા યોજનાને ૩૫,૦૦૦ કરોડ રૂપિયાની ફાળવણી કરીને ચાલુ રાખવાનો નિર્ણય લીધો હતો.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળની કેન્દ્રીય પ્રધાનમંડળની બેઠકમાં ૨૦૨૪ની રવિ મોસમમાં (ઓક્ટોબર ૨૦૨૪થી માર્ચ ૨૦૨૫) માટે ન્યુટ્રિયન્ટ બેઝ્ડ સબસિડી (એનબીએસ)ના દરોને બહાલી આપી હતી.

સત્તાવાર નિવેદનમાં જાણકારી અપાઈ હતી કે ૨૦૨૪ની રવિ મોસમની અંદાજપત્રીય જરૂરિયાત આશરે ૨૪,૪૭૫.૫૩ કરોડ રૂપિયાની છે. આ નિર્ણયનો હેતુ ખેડૂતોને ખાતર કિફાયતી, વાજબી અને રાહતના દરે આપવાનો છે.

ખેડૂતોને ખાતરના ઉત્પાદકો અને આયાતકારો પાસેથી ૨૮ ગ્રેડના પી એન્ડ કે ખાતર ઉપલબ્ધ કરાશે.

પી એન્ડ કે ફર્ટીલાઈઝરની સબસિડી પહેલી એપ્રિલ ૨૦૧૦થી અમલમાં મુકાયેલી એનબીએસ સ્કીમ હેઠળ અપાશે.

મોદીના નેતૃત્વ હેઠળની પ્રધાનમંડળની બેઠકમાં ખેડૂતોને લાભદાયી ભાવ આપવા માટેની પ્રધાનમંત્રી અન્નદાતા આય સંકર્ષણ અભિયાન યોજનાને ચાલુ રાખવાની દરખાસ્તને બહાલી અપાઈ હતી. ૨૦૨૫-૨૬ની ૧૫મા ફાયનાન્સ કમિશન સાઈકલ માટે રૂ. ૩૫,૦૦૦ કરોડની ફાળવણી કરી છે.

ખેડૂતો અને ગ્રાહકોની સેવા કરવા પીએમ-આશામાં પ્રાઈઝ સપોર્ટ સ્કીમ (પીએસએસ) અને પ્રાઈઝ સ્ટેબિલાઈઝેશન ફંડ (પીએસએફ) યોજનાઓને સામેલ કરવામાં આવી છે.

સરકારે જાહેરાત કરી હતી કે પ્રધાન મંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજનાના લાભાર્થીને ઓક્ટોબરથી ઘઉંની ફાળવણી વધારી છે. અન્ન ખાતાના સચિવ સંજીવ ચોપ્રાએ મોદી ૩.૦ સરકારના ૧૦૦ દિવસની ઉપલબ્ધીઓ જણાવતા તેમણે કહ્યું હતું કે પ્રધાનની સમિતિએ આ યોજના હેઠળ વધારાના ૩૫ લાખ ટન ઘઉં આપવાની બહાલી આપી છે. ઘઉં-ચોખાના ગુણોત્તરને સ્થાપવા વધારાની ફાળવણી માર્ચ ૨૦૨૫ સુધી ચાલુ રહેશે.

# ભારતે સિંધુ જળ સંધિની સમીક્ષા માટે પાકિસ્તાનને મોકલી નોટિસ

નવી દિલ્હીઃ સિંધુ જળ સંધિની સમીક્ષા કરવા ભારતે પાકિસ્તાનને ઔપચારિક નોટિસ મોકલી છે. ભારતનું કહેવું છે કે સંજોગોમાં મૂળભૂત અને અણધાર્યા ફેરફારો થયા છે, જેના કારણે આ કરારનું ફરીથી મૂલ્યાંકન જરૂરી બન્યું છે. સરકારી સૂત્રોએ બુધવારે જણાવ્યું કે સિંધુ જળ સંધિની કલમ ૧૨ (૩) હેઠળ આ નોટિસ ૩૦ ઓગસ્ટે મોકલવામાં આવી છે.

આ કરાર પર ભારત અને પાકિસ્તાને ૧૯ સપ્ટેમ્બર ૧૯૬૦ના રોજ હસ્તાક્ષર કર્યા હતા. જેમાં વિશ્વ બૅન્ક પણ સહી કરનાર હતી. આ સંધિનો ઉદ્દેશ્ય બંને દેશો વચ્ચે પાણીના વિતરણ પર સહકાર અને માહિતીની આપ-લે કરવાનો છે. ભારતે આ નોટિસમાં કેટલીક મુખ્ય ચિંતાઓનો ઉલ્લેખ કર્યો છે, જેમ કે વસ્તી પરિવર્તન, પર્યાવરણીય મુદ્દાઓ અને સ્વચ્છ ઊર્જાના વિકાસની જરૂરિયાત. ભારતનું કહેવું છે કે આ હિલચાલ સંધિની શરતોની સમીક્ષાની માગ કરી રહી છે. આ સિવાય ભારતે પાકિસ્તાનમાં સતત આતંકવાદની અસરને પણ સમીક્ષાનું કારણ ગણાવ્યું છે. એક સૂત્રએ જણાવ્યું હતું કે કિશનગંગા અને રતલે હાઇડ્રોપાવર પ્રોજેક્ટ્સ પર અલગ-અલગ લાંબા વિવાદની પૃષ્ઠભૂમિમાં આ નોટિસ જાહેર કરવામાં આવી હતી.

ભારતે વિશ્વ બૅન્કને આગ્રહ કર્યો હતો કે તે વિવાદોના સમાધાન માટે બન્ને તંત્રો (તટસ્થ નિષ્ણાત અને આર્બિટ્રેશન કોર્ટ)ની પ્રક્રિયા પર ફરીથી વિચાર કરે. ભારતે એમ પણ કહ્યું કે તે વિવાદના ઉકેલ માટે સીધી વાતચીત શરૂ કરવાની આશા રાખે છે. પાકિસ્તાને સિંધુ જળ સંધિ પર ચર્ચા કરવાનો વારંવાર ઇનકાર કર્યો છે

ભારત દ્વારા પરસ્પર સહમતી રીતે આગળ વધવાના વારંવારના પ્રયાસો છતાં પાકિસ્તાને ૨૦૧૭ થી ૨૦૨૨ દરમિયાન કાયમી સિંધુ કમિશનની પાંચ બેઠકો દરમિયાન આ મુદ્દા પર ચર્ચા કરવાનો ઇનકાર કર્યો હતો. પાકિસ્તાનના સતત આગ્રહ પર વિશ્વ બૅન્કે ગયા વર્ષે ન્યુટ્રલ એક્સપર્ટ અને આર્બિટ્રેશન કોર્ટ બંને પ્રક્રિયાઓ પર કાર્યવાહી શરૂ કરી હતી. સમાન મુદ્દાઓ પર આવા સમાંતર વિચારો સિંધુ જળ કરારની કોઈપણ જોગવાઈ હેઠળ આવતા નથી.







RSET's Deviprasad Goenka management college of media studies INDIA'S PREMIER MEDIA SCHOOL
NAAC Accredited
ADMISSIONS OPEN (2024-25)
BMS PROGRAMME
AICTE APPROVED
Eligibility: As prescribed by The State CET Cell, Maharashtra (www.mahcet.org)
Total Intake - 60 seats
DTE Code 03655 | Choice Code 0365510210
For more details visit our website: www.dgmc.org.in
Hostel Accommodation available for Boys and Girls
Additional Certificate Courses | Assistance in securing Bank Loan | Placement Support
Contact: 022-45207722, 9004444091/95/97
Deviprasad Goenka Management College of Media Studies, RSET Campus, Opp Bajaj Hall, S.V Road, Malad (W), Mumbai 400064

# બાંગ્લાદેશની ક્રિકેટ ટીમને ભારતમાં આવકાર શું કામ?: આદિત્ય ઠાકરે

મુંબઈ: બાંગ્લાદેશની ક્રિકેટ ટીમના ભારતના પ્રવાસ અંગે શિવસેના (યુબીટી) પાર્ટીના નેતા આદિત્ય ઠાકરેએ ભાજપના નેતૃત્વ હેઠળની કેન્દ્ર સરકાર અને જય શાહની આગેવાની હેઠળના ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (બીસીસીઆઈ)ની આકરી ટીકા કરી છે. શિવસેના (યુબીટી)એ અગાઉ રાષ્ટ્રપતિ શેખ હસીના વિરુદ્ધ થયેલા જન આક્રોશ દરમિયાન બાંગ્લાદેશમાં હિન્દુ સમુદાય પર થયેલા કથિત હુમલાઓ અંગે ચિંતા વ્યક્ત કરી હતી.

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર એક પોસ્ટમાં આદિત્ય ઠાકરેએ પ્રવાસને મંજૂરી આપવાના નિર્ણય પર સવાલ ઉઠાવતા જણાવ્યું છે કે ‘બાંગ્લાદેશની ક્રિકેટ ટીમ હાલ ભારતના પ્રવાસે છે અને બીસીસીઆઈ તેમને આવકારી રહ્યું છે.સોશિયલ મીડિયા અને કેટલાક મીડિયા આઉટલેટ્સ પર હિન્દુઓ પર થયેલા અત્યાચાર અંગે જે સમાચારો વહેતા થયા છે તે સાચા છે કે નહીં એ હું વિદેશ મંત્રાલય પાસેથી જાણવા માગું છું. જો આ અહેવાલો સચોટ હોય તો પછી તેમના પ્રવાસની મંજૂરી આપવા માટે કેન્દ્ર સરકાર પર કોણ દબાણ કરી રહ્યું છે?’

તેમણે વધુમાં જણાવ્યું હતું કે ‘જો બાંગ્લાદેશમાં હિન્દુઓ પર ક્રૂરતા આચરવામાં આવી રહી છે તો ભાજપના નેતૃત્વવાળી સરકાર બાંગ્લાદેશની ક્રિકેટ ટીમને ભારતનો પ્રવાસ કરવાની મંજૂરી કેમ આપી છે?’ ઠાકરેએ એક વૈકલ્પિક મુદ્દે રજૂ કરી સવાલ કર્યો હતો કે શું હિન્દુઓ સામેના અત્યાચારના સમાચારો ઉપજાવી કાઢેલા હતા? ને જો એમ હોય તો આ ‘‘ચૂંટણી જીતવા માટે સમુદાયોમાં નફરત ફેલાવવાની ભાજપની ચાલ’’ હોવાનો સૂચિતાર્થ નીકળે છે.’

ભાજપ કોંગ્રેસ અને એનસીપી (એસપી) સાથેના જોડાણ બાદ શિવસેના (યુબીટી)ની ટીકા કરી રહી છે અને આરોપ મૂક્યો છે કે લોકસભાની ચૂંટણીમાં પક્ષને માત્ર મુસ્લિમ મતોના કારણે બેઠકો પર વિજય મળ્યો હતો. અત્યાર સુધી ભાજપે આદિત્ય ઠાકરેની ટિપ્પણીનો કોઇ જવાબ નથી આપ્યો. ■

# ગણેશ મંડપમાંથી દાનપેટી ચોરાઈ

થાણે: થાણે નજીકના કલવા સ્થિત ગણેશ મંડપમાંથી અજાણ્યો શખસ દાનપેટી ઉઠાવી ગયો હોવાની પોલીસ ફરિયાદ નોંધાઈ હતી. પોલીસ ફરિયાદ અનુસાર ઘટના સોમવારે પ્રકાશમાં આવી હતી. કલવાના ન્યૂ સૂર્યાનગર મિત્ર મંડળના મંડપમાંથી દાનપેટી ચોરાઈ હોવાનું જાણવા મળ્યું હતું.

ચોરોએ હવે ગણપતિબાપ્પાને પણ છોડયા નથી અને તેમના ભક્તો દાનપેટીમાં જે દાન નાખી જાય છે એના પર પણ કળિયુગના ચોરોએ નજર બગાડી છે. દાનપેટીમાં ૪૫ હજારથી વધુ રૂપિયા હોવાનો અંદાજ છે. આ પ્રકરણે પોલીસે અજાણ્યા શખસ વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. (પીટીઆઈ) ■

**શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ, માટુંગા-સાયન**
૩૭૭/૩૭૮, કાનજી શીવજી જૈન ધર્મસ્થાનક, માટુંગા, મુંબઇ-૪૦૦૦૧૯

**સ્વામીવાત્સલ્ય**

માટુંગા-સાયન શ્રી સંઘના સર્વે ભાઇઓ તથા બહેનોને **“મિચ્છામી દુક્કડ્મ.”** સર્વ સભ્યોને વિદિત કરવામાં આવે છે કે **રવિવાર તા. ૨૯/૦૯/૨૦૨૪** ના રોજ શ્રી સંઘના લાભાર્થી સભ્યો દ્વારા આયોજિત સ્વામીવાત્સલ્યનું આયોજન કરવામાં આવેલ છે. તેના પાસ માટુંગા ઉપાશ્રય તથા જૈન ભુવન સાયનમાંથી તા. ૨૧,૨૨,૨૩ અને ૨૪ સપ્ટેમ્બર સુધીમાં ૯.૩૦ થી ૧૧ કલાક દરમ્યાન મેળવી લેવા.

- **સ્વામીવાત્સલ્ય સમય : સવારના ૧૦.૩૦ થી ૧.૦૦**

**સ્થળ :**
- **શ્રી રામવાડી - માટુંગા**
- **શ્રી માનવ સેવા સંઘ - સાયન**

**લી. માનદ્ મંત્રીઓ :**
- **શ્રી નિશીતભાઇ પાનાચંદભાઇ તુરખીયા**
- **શ્રી આશીષભાઇ નટવરલાલ શેઠ**
- **શ્રી મુકેશભાઇ ચિમનલાલ વોરા**











KAAJAL ADS

# બાળકો માટે પેન્શન અકાઉન્ટ ખોલી શકાશે

નવી દિલ્હીઃ નાણાં પ્રધાન નિર્મલા સીતારમણે નેશનલ પેન્શન સ્કીમ (એનપીએસ) વાત્સલ્ય સ્કીમ લૉન્ચ કરી હતી. આ સ્કીમ અંતર્ગત બાળકો માટે પેન્શન અકાઉન્ટ ખોલી શકાશે જે માતાપિતાને બાળકોના ભવિષ્ય માટે પેન્શન અકાઉન્ટમાં બચત કરવાની પરવાનગી આપશે. માતાપિતા ઑનલાઈન કે પૉસ્ટ ઑફિસના માધ્યમ થકી આ અકાઉન્ટ ખોલાવી શકશે. આ ખાતું ખોલાવવા લઘુતમ રૂ. ૧૦૦૦ ભરવા પડશે. ત્યાર બાદ વાર્ષિક રૂ. ૧૦૦૦ ભરતા રહેવું પડશે. આ અકાઉન્ટમાંથી રૂપિયા કાઢવા માટેની માર્ગદર્શિકાને પણ અંતિમ સ્વરૂપ આપી દેવામાં આવ્યું છે. સ્કીમ લૉન્ચ કરતા સીતારમણે કહ્યું હતું કે એનપીએસએ ખૂબ જ સ્પર્ધાત્મક વળતર આપ્યું છે અને લોકોને ભાવિ આવકનો વિકલ્પ પૂરો પાડ્યો છે. આ સ્કીમ વર્તમાન એનપીએસ ટૂ ચિલ્ડ્રન સ્કીમનું જ એક્સટેન્શન છે. છેલ્લાં ૧૦ વર્ષમાં ૧.૮૬ કરોડ કરતા પણ વધુ લોકોએ એનપીએસમાં રોકાણ કર્યું છે અને તેની વર્તમાન એસેટ અન્ડર મેનેજમેન્ટ (એયુએમ) રૂ. ૧૩ લાખ કરોડ છે.

૧૮ વર્ષથી ઓછી વયના બાળકો એનપીએસ વાત્સલ્ય ખાતુ ખોલાવી શકશે. ૧૮ વર્ષની ઉંમર થતાં જ આ ખાતું આપોઆપ નિયમિત એનપીએસ અકાઉન્ટમાં પરિવર્તિત થઈ જશે. જોકે ૬૦ વર્ષની ઉંમર થયા બાદ જ પેન્શન શરૂ થશે. ઈક્વિટી, કોર્પોરેટ ડેબ્ટ અને જી-સેક્ટરમાં રોકાણ કર્યા બાદ એનપીએસએ અનુક્રમે ૧૪ ટકા, ૯.૧ ટકા અને ૮.૮ ટકા વળતર આપ્યું છે, એમ સીતારમણે કહ્યું હતું. જુલાઈમાં નાણાંકીય વર્ષ ૨૦૨૫ માટેના જાહેર કરવામાં આવેલા બજેટમાં એનપીએસ વાત્સલ્ય સ્કીમની જાહેરાત કરવામાં આવી હતી. આ સ્કીમ લૉન્ચ કરવા આઈસીઆઈ, એક્સિસ સહિતની બૅન્કોએ પીએફઆરડીએ સાથે હાથ મિલાવ્યા હતા. એનપીએસ વાત્સલ્ય સ્કીમ હેઠળ અમુક બાળકોના ખાતા ખોલીને આઈસીઆઈસીઆઈ બૅન્કે મુંબઈમાં આ સ્કીમનો આરંભ કર્યો હતો. આ સ્કીમમાં સુધારાવધારાને લગતા ગ્રાહકોના સૂચનોને સરકાર આવકારશે, એમ આર્થિક બાબતોના સચિવ નાગારાજુ મદિરાલાએ કહ્યું હતું. (એજન્સી) ■

# ચંદ્ર, શુક્ર ગ્રહના મિશનને બહાલી

નવી દિલ્હી : કેન્દ્રની કેબિનેટે ચંદ્ર માટેના 'ચંદ્રયાન -ફોર' અને શુક્ર માટેના 'વિનસ ઓર્બિટર' મિશનને બુધવારે મંજૂરી આપી હતી. ટેક્નોલોજી બતાડતા મિશનમાં 'ચંદ્રયાન -ફોર' માટે કુલ ૨,૧૦૪.૦૬ કરોડ રૂપિયાનું કુલ ભંડોળ જોઈશે. જયારે શુક્રના મિશન માટે ૧,૨૩૬ કરોડ રૂપિયાની જરૂર પડશે અને આમાંથી ૮૨૪ કરોડ રૂપિયાનો ખર્ચ ભારતીય અવકાશયાનને વિકસાવવામાં થશે. કેન્દ્રીય પ્રધાનમંડળે નવા મિશન 'ચંદ્રયાન -ફોર'ને ભારતીય અવકાશવીરોને ચંદ્ર પર સફળતાપૂર્વક ઉતરાણ કરાવવા અને તેમને સફળતાપૂર્વક પાછા લાવવા માટેનું તંત્રજ્ઞાન વિકસાવવાના હેતુથી લોન્ચ કરશે. ■

# છત્તીસગઢના જવાને બે સાથીને ગોળી મારી

બલરામપુર (છત્તીસગઢ): છત્તીસગઢના બલરામપુર જિલ્લામાં છત્તીસગઢ આર્મ્ડ ફોર્સ (સીએએફ)ના એક જવાને તેના કેમ્પમાં સાથીઓ પર ગોળીબાર કરતાં બે જવાન માર્યા ગયા હતા અને બીજા બેને ઈજા પહોંચી હતી, એવી માહિતી વરિષ્ઠ અધિકારીએ આપી હતી. રાજ્યની રાજધાની રાયપુરથી ૪૦૦ કિલોમીટર દૂર સમરી પથ પોલીસ સ્ટેશન હેઠળના ભુતાહી મોડ વિસ્તારમાં સીએએફની ૧૧મી બટાલિયનની 'બી' કંપનીના કેમ્પમાં સવારે અગિયાર વાગ્યે આ બનાવ બન્યો હતો. ■

**પ્રાર્થના સભા**



**હંસાબેન શૈલેશભાઈ શાહ**

જૂન ૨, ૧૯૩૮ - સપ્ટેમ્બર ૧૭, ૨૦૨૪

અમારા પ્રિય હંસાબેન શાંતિપૂર્વક ૧૭ સપ્ટેમ્બર ના સ્વર્ગવાસ પામ્યા છે.

: સદૈવ સ્મરણ કરનારા :

શૈલેશભાઈ શાહ
કેકીન અને નીપા શાહ
આદિત્ય, શ્લોકા શાહ
અદિતી અને અસીમ દલાલ
અવંતી અને રૂષભ મહેતા
અમયા દલાલ
શીલા અને મયુર પરીખ

**સી. ભોગીલાલ વેસ્ટ એન્ડ ફેમીલી**

પ્રાર્થના સભા સ્થળ : ઈસ્કોન, મંડપમ હોલ, હરેકૃષ્ણ, લેન્ડ, શ્રી મુકતેશ્વર દેવાલ માર્ગ, જૂહુ, મુંબઈ - ૪૦૦૦૪૯ ગુરૂવાર તા. ૧૯/૯/૨૦૨૪ સાંજના ૫ થી ૭

વેલે પાર્કિંગ ઉપલબ્ધ
પ્રાર્થના સભા બાદ સર્વે પ્રકારનો લૌકિક વ્યવહાર બંધ છે.

**પ્રાર્થના સભા - કચ્છી લોહાણા**



ઉંમર વર્ષ : ૯૦ રામશરણ તા.૧૬-૦૯-૨૦૨૪

**સ્વ. વિજ્યાબેન પ્રાગજી પવાણી,**

સસરા અને સાસુ : સ્વ. હરજી વિશ્રામ પવાણી અને સ્વ. હંસાબેન.
પતિ : સ્વ. પ્રાગજી હરજી પવાણી.
પુત્ર અને પુત્રવધુ : સ્વ. હરેશ અને ગં. સ્વ. રંજનબેન, સ્વ. દિનેશ અને ગં. સ્વ. હંસાબેન, જયંતિ અને તરુણાબેન, સ્વ. સુરેશ, નીતીન અને અરુણાબેન, વિનોદ અને મીનાબેન.
પુત્રી અને જમાઈ : ગં. સ્વ. હેમલતાબેન અને સ્વ. દિલીપ જેઠાલાલ ઠક્કર, વનીતાબેન અને અશોક રાઘવજી માણેક.
દિયર : સ્વ. શંકરલાલભાઈ.
નણંદ અને નણદોઈ: સ્વ. મણીબેન અને ચત્રભુજ કેશવજી મૂડીયા.
પિતા અને માતા : સ્વ. વેલજી મેઘજી રવાણી અને સ્વ. ડાઈબેન.
ભાઈ અને ભાભી : સ્વ. મુલજીભાઈ અને સ્વ. કમળાબેન, સ્વ. મનજીભાઈ અને ગં.સ્વ. અનુસ્યાબેન, સ્વ. રવિલાલભાઈ અને ગં. સ્વ. લીલાવંતીબેન, ઘનશ્યામભાઈ અને સરોજબેન.
પૌત્ર અને પૌત્રાવહુ : સમીર અને મિલન, આનંદ અને પ્રિયા, ભાવિક અને મલ્લિકા, મેહુલ અને માનસી તથા પ્રથમ.
પૌત્રી અને પૌત્રીવર : ખુશ્બુ અને વિક્રાંત (વિકકી) મહેન્દ્રભાઈ સચદે, વર્ષા અને કેવલ રાજેશભાઈ ખાંટ, કાજલ અને દેવાંશ રવિશંકરભાઈ દુબે, અવની તથા શિવાંગી.
દોહિત્ર અને દોહિત્રા વહુ: પ્રણવ અને અનીશા
દોહિત્રી અને દોહિત્રી વર: પૂજા અને પ્રતિક વિનોદભાઈ આથા.
પર પૌત્રી : મહેક અને કાઈયા.
પર દોહિત્ર : ક્રિયાન.

-: પ્રાર્થના સભા :-
ગુરુવાર, તારીખ ૧૯.૦૯.૨૦૨૪, ના રોજ સાંજે ૫ થી ૭
સ્થળ: કાલિદાસ મૅરેજ હોલ, પી. કે. રોડ, મુલુન્ડ (વેસ્ટ),

પવાણી અને રવાણી પરિવાર ના જય જલારામ

# મુંબઈમાં એનિમેશન માટે રાષ્ટ્રીય કેન્દ્ર શરૂ કરાશે

નવી દિલ્હીઃ દેશમાં આઈઆઈટી અને આઈઆઈએમને ધોરણે એનિમેશન, વિઝ્યૂઅલ ઈફેક્ટ્સ, ગૅમિંગ, કોમિક્સ ઍન્ડ એક્સટેન્ડેડ રિયાલિટી (એવીજીસી-એક્સઆર) માટે નેશનલ સેન્ટર ઑફ એક્સલન્સ (એનસીઓઈ) સ્થાપવાના પ્રસ્તાવને કેન્દ્રીય પ્રધાનમંડળે બુધવારે મંજૂરી આપી હતી. કંપની ઍક્ટ ૨૦૧૩ અંતર્ગત મુંબઈમાં પણ કેન્દ્ર સ્થાપવામાં આવશે.

મીડિયા અને એન્ટરટેઈનમેન્ટ સેક્ટરમાં વિદેશી રોકાણ લાવવા તેમ જ ભારતને આ ક્ષેત્રનું હબ બનાવવાના લક્ષ્ય સાથે આ પ્રસ્તાવને મંજૂરી આપવામાં આવી છે. દેશભરમાં આ કેન્દ્રો સ્થાપવા માટે સરકાર ઉદ્યોગનું પ્રતિનિધિત્વ કરી રહેલી ધ ફેડરેશન ઑફ ઈન્ડિયન ચેમ્બર્સ ઑફ કોમર્સ ઍન્ડ ઈન્ડસ્ટ્રી (એફઆઈસીસીઆઈ) અને કોન્ફેડરેશન ઑફ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રી (સીઆઈઆઈ) સાથે ભાગીદારી કરશે.

ફિલ્મ મેકિંગ સહિત સંપૂર્ણ મીડિયા અને એન્ટરટેઈનમેન્ટ, ઓટીટી પ્લેટફોર્મ, ગૅમિંગ એડવર્ટાઈઝમેન્ટ સહિતના ક્ષેત્રમાં એવીજીસી-એક્સઆર મહત્ત્વની ભૂમિકા ભજવે છે, એમ કેન્દ્રીય પ્રધાન અશ્વિની વૈષ્ણવે કહ્યું હતું.

ટેક્નોલૉજીના ઝડપી વિકાસ, દેશભરમાં ઈન્ટરનેટના વધી રહેલા વપરાશ અને ડેટાના સૌથી સસ્તાં દરને કારણે એવીજીસી-એક્સઆરના વપરાશનો વૈશ્વિક સ્તરે ખૂબજ ઝડપથી વ્યાપ વધે એવી શક્યતાને ધ્યાનમાં રાખીને વૈશ્વિક સ્તરે સ્પર્ધામાં ટકી રહેવા પણ આ નિર્ણય લેવો જરૂરી હોવાનું તેમણે કહ્યું હતું. (એજન્સી) ■

**મોઢ વણિક**



**સ્વ. મનોરમા જયંતીલાલ મહેતા**

સ્વ. જયંતીલાલ ભીખાલાલ મહેતા ના ધર્મપત્ની, સ્વ.સાવિત્રીબેન અને સ્વ. અચરતલાલ પારેખ ના સુપુત્રી, ઉ. ૮૨ વર્ષ, શુક્રવારે,તા.13/09/24 ના રોજ શ્રીજીચરણ પામેલ છે.

:પ્રાર્થના સભા:
20/09/24, શુક્રવારે સાંજે ૫ થી ૭
સ્થળ: વિશ્વકર્મા બાગ, બજાજ રોડ, વિલે પાર્લે (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૫૬.

શ્રધ્ધાંજલિ: પુત્રી ગીતાંજલી, જમાઈ વિજય ચુગ, સાસરિયાં પક્ષ મહેતા પરિવાર, પિયર પક્ષ પારેખ પરિવાર અને ચુગ પરિવાર.

સંપર્ક: 98203 36639, વિજય ચુગ

**શ્રી ઝાલાવાડી દશા શ્રીમાળી મૂર્તિપૂજક જૈન**



**વિશાલ સંજયભાઈ શાહ (ઉ.વર્ષ ૪૪)**

રવિવાર તા. ૧૫.૦૯.૨૦૨૪ ના રોજ અરિહંતશરણ પામેલ છે.

માતા - પિતા : રેખાબેન તથા સંજય ભાઈલાલ શાહ
પત્ની : શ્રેયા વિશાલ શાહ
પુત્ર / પુત્રી : નિવાન / જેહાના
બહેન : મીરા પારસ મહેતા
ભત્રીજા : સ્વ. કિરીટભાઈ, વર્ષાબેન ભાસ્કર ગોસાલીઆ, ડૉ. રન્નાબેન બીપીનભાઈ દોશી, નિખિલભાઈ, નીતાબેન હરેશભાઈ પારેખ તથા ચેતન
સાસરા પક્ષ : કીર્તીદાબેન અશીતભાઈ બીપીનભાઈ જવેરી

પ્રાર્થના સભા : શુક્રવાર તા. ૨૦.૦૯.૨૦૨૪ ના સાંજે ૪.૦૦ થી ૬.૦૦ કલાકે
સ્થળ : જાસ્મીન હૉલ, ચોથે માળે, રઘુલીલા મૉલ, કાંદિવલી (વે.), મુંબઈ - ૪૦૦૦૬૭.


PRANAV

# સ્થાનિક ક્રૂડ ઑઈલ પરનો વિન્ડફોલ ટેક્સ કાઢી નખાયો

નવી દિલ્હીઃ સરકારે સ્થાનિક ક્રૂડ ઑઈલ પરનો વિન્ડફોલ ટેક્સ કાઢી નાખવાનો નિર્ણય લીધો છે. આ નિર્ણય ૧૮ સપ્ટેમ્બરથી અમલી બનશે, એમ મંગળવારે બહાર પાડવામાં આવેલા જાહેરનામામાં જણાવવામાં આવ્યું હતું.

સ્પેશિયલ એડિશનલ એક્સાઈઝ ડ્યૂટી (એસએઈડી)ના નામે આ ટેક્સ વસૂલવામાં આવતો હતો અને ક્રૂડ ઓઈલની બે અઠવાડિયાની સરેરાશ કિંમતને આધારે પખવાડિયે નૉટિફાય કરવામાં આવતો હતો. છેલ્લે ૩૧ ઑગસ્ટથી લાગુ પડે તે રીતે તેની સમીક્ષા કરવામાં આવી હતી. ■

।। ન જાયતે મ્રિયતે વા કદાચિત્ નાયં ભૂત્વા ભવિતા વા ન ભૂયઃ
અજો નિત્યઃ શાશ્ર્વતોઽયં પુરાણો ન હન્યતે હન્યમાને શરીરે।।



"A life so beautifully lived, deserves to be beautifully remembered"

ની પ્રેમાળ યાદમાં

**શ્રી. નિપુનભાઈ ઈશ્વરભાઈ ઠક્કર**

(૧૩.૦૧.૧૯૫૩ - ૧૬.૦૯.૨૦૨૪)

**પ્રાર્થનાસભા**

ગુરુવાર ૧૯ સપ્ટેમ્બર ૨૦૨૪. સાંજે ૫ થી ૭
સ્થાન : જલારામ હોલ, એન. એસ. રોડ ૬, જેવીપીડી સ્કીમ, વિલે પાર્લે (વેસ્ટ), મુંબઈ.

**શોકાતુર**

ઠક્કર કુટુંબ : વિજયાબેન, નમન, મનન, પૂજા અને માહિર
રાચ કુટુંબ : કિશોરભાઈ, અમીબેન અને મિતી
વસાની કુટુંબ: જીતેન્દ્રભાઈ, અમર, ધવલ, પ્રિયા અને આરવ
ગાંધી કુટુંબ : નરેન્દ્રભાઈ અને રશ્મિબેન

VINI GROUP

**કપોળ મરણ**



જન્મ: 11.05.1939 શ્રીજી ચરણ: 16.09.2024

ઘેલાસા બરવાળાવાળા હાલ મુંબઈ

**સ્વ. જ્યોત્સનાબેન (જયાબેન) બિપીનચંદ્ર અનંતરાય ભુતા**

(ઉ. વ. 85)

| | |
|---|---|
| પતિ: | સ્વ. બિપીનચંદ્ર અનંતરાય ભુતા |
| સાસુ-સસરા : | સ્વ. પ્રભાબેન - સ્વ. અનંતરાય વલ્લભદાસ ભુતા |
| પુત્ર -પુત્રવધુ: | ધર્મેશ - અ. સૌ. દર્શના |
| પુત્રી - જમાઈ: | અ. સૌ. દિપ્તી - ફુલટન |
| પૌત્રી - જમાઈ: | સાન્યા - રોહિત લાલવાની |
| | ચિ. સનુષ્કા ધર્મેશ ભુતા |
| દોહિત્રી: | ચિ. યાના |
| પિયર પક્ષ: | તરેડવાલા સ્વ.મંગળાબેન - સ્વ.જેઠાલાલ ગાંધી |
| જેઠ - જેઠાણી: | સ્વ. વિનોદભાઈ - સ્વ. ઉષાબેન |
| | સ્વ. ચંદ્રવદનભાઈ - સ્વ. ઈલાબેન |
| દિયર - દેરાણી: | શ્રી. હર્ષદભાઈ - અ. સૌ. જયશ્રીબેન |
| | શ્રી. જ્યોતિભાઈ - અ. સૌ. પ્રતિમાબેન |
| | શ્રી. શરદભાઈ - અ. સૌ. હંસાબેન |

ભુતા ત્થા ગાંધી પરિવારના જયશ્રીકૃષ્ણ

પ્રાર્થના સભા ત્થા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

૧૬મી પૂણ્યતિથિએ

**સ્મરણાંજલિ**



**ઉમેદભાઈ દોશી** (૧૯૩૧-૨૦૦૮)

*અમારા જીવનના ઘડવૈયા તમે,*
*તમારા જીવનથી ઉજ્જવળ અમે,*
*તમારા સંસ્કારોથી શોભતા અમે,*
*તમારા પુરૂષાર્થથી સફળ અમે,*
*દેવ તુલ્ય આત્માના જન્મોજન્મના ઋણી પ્રભુ અમે...*

પત્નીઃ ઈન્દુબેન દોશી

- પુત્રઃ મનિષ દોશી
- પુત્રવધૂ : વંદના દોશી
- પુત્રી : શ્વેતા શાહ
- જમાઈ : વિકાસ શાહ
- અમોલી કોઠારી
- પ્રતિક કોઠારી
- અનોખી દોશી
- સોનિયા શાહ
- નીલ શાહ
- અરહાન કોઠારી

અમોલી ઑરગેનિક્સ ■ યુમેડીકા લેબોરેટરીઝ
અનેરી જ્યોતિ ટ્રસ્ટ ■ વોકટુગેધર ફાઉન્ડેશન

# મેન્ડિસે બ્રેડમૅનની બરાબરી કરી

ગૉલઃ શ્રીલંકાએ બુધવારે અહીં ન્યૂ ઝીલૅન્ડ સામેની પ્રથમ ટેસ્ટના પહેલા દિવસે બૅટિંગ પસંદ કર્યા બાદ સાત વિકેટે ૩૦૨ રન બનાવ્યા હતા. મિડલ-ઑર્ડર બૅટર કામિન્દુ મેન્ડિસ (૧૭૩ બૉલમાં ૧૧૪ રન) પ્રારંભિક દિવસનો સુપરસ્ટાર હતો. તેણે ડેબ્યૂ પછીના ૧૧મા ટેસ્ટ-દાવમાં ચોથી સેન્ચુરી ફટકારીને ઑસ્ટ્રેલિયાના સર ડોનાલ્ડ બ્રેડમૅનની બરાબરી કરી હતી. બ્રેડમૅને પણ ૧૧મી ઇનિંગ્સમાં ચોથી સદી ફટકારી હતી. જોકે આ સંબંધમાં જ્યૉર્જ હેડલી, સુનીલ ગાવસકર અને વિનોદ કાંબળીનો વર્લ્ડ રેકૉર્ડ છે. તેમણે ચોથી ટેસ્ટ સદી શરૂઆતની આઠ ઇનિંગ્સમાં ફટકારી હતી.

# ભારત-ચીનની હૉકી ફાઇનલમાં પાકિસ્તાની ખેલાડીઓએ ઔકાત બતાવી

## ચીનનો ધ્વજ લહેરાવ્યો અને ગાલ પર ચીની ધ્વજ પણ રંગાવ્યો

નવી દિલ્હીઃ ભારત સાથેની સરહદ પર પાકિસ્તાનના સૈનિકો વર્ષોથી આતંકવાદીઓ મોકલે છે અને પાકિસ્તાન સરકારનું પણ દાયકાઓથી ભારત-વિરોધી વલણ રહ્યું છે અને હવે પાકિસ્તાનના હૉકી ખેલાડીઓએ ભારતને તેમ જ ભારતીય પ્લેયર્સને ઉશ્કેરવા તથા તેમની એકાગ્રતા તોડવા મંગળવારે હૉકી મૅચ દરમ્યાન નફ્ફટાઇનું પ્રદર્શન કર્યું હતું. ચીનમાં મંગળવારે એશિયન ચૅમ્પિયન્સ ટ્રોફી હૉકી સ્પર્ધામાં ભારત અને ચીન વચ્ચે ફાઇનલ ચાલી રહી હતી એ દરમ્યાન પાકિસ્તાનના ખેલાડીઓએ ચીનનો ધ્વજ લહેરાવ્યો હતો.

જોકે ભારતીય ટીમના ખેલાડીઓએ એકાગ્રતા જરાય નહોતી ગુમાવી અને ૫૦મી મિનિટ સુધી બન્ને ટીમ વચ્ચે ૦-૦ના સ્કોર સાથે જોરદાર રસાકસી થયા બાદ ૫૧મી મિનિટમાં ભારતે ગોલ કરીને છેવટે ૧-૦થી રોમાંચક વિજય મેળવ્યો હતો. ભારતને ગોલ્ડ અને યજમાન ચીનને સિલ્વર મેડલ મળ્યો હતો.

પાકિસ્તાનના ખેલાડીઓ કોરિયા સામે ૫-૨થી વિજય મેળવીને બ્રૉન્ઝ મેડલ લઈને ભારત-ચીનની ફાઇનલ જોવા સ્ટેડિયમમાં આવ્યા હતા. પાકિસ્તાની ખેલાડીઓએ ચીનનો ધ્વજ બતાવવા ઉપરાંત ચાઇનીઝ બેજ લગાવ્યા હતા તેમ જ પોતાના ગાલ પર ચીની ધ્વજ પણ રંગાવ્યો હતો.

ભારત વતી ફાઇનલ-વિનિંગ ગોલ કૅપ્ટન હરમનપ્રીત સિંહના અસરદાર પાસિંગ બાદ જુગરાજ સિંહે કર્યો હતો અને સૌ કોઈને ચોંકાવી દીધા હતા.

ભારત આ ટૂર્નામેન્ટમાં અપરાજિત રહ્યું હતું. ભારત પાંચમી વાર આ સ્પર્ધા જીત્યું છે. ટીમના દરેક ખેલાડીને ત્રણ લાખ રૂપિયાનું અને સપોર્ટ સ્ટાફના પ્રત્યેક મેમ્બરને દોઢ લાખ રૂપિયાનું ઇનામ હૉકી ઇન્ડિયા તરફથી જાહેર કરવામાં આવ્યું છે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ભારતીય હૉકી ટીમને ચૅમ્પિયન બનવા બદલ સોશિયલ મીડિયા પર અભિનંદન આપ્યા હતા.

# ભારત ઘરઆંગણે ૧૨ વર્ષથી અપરાજિત

## સતત ૧૭ શ્રેણીમાં હાર્યાં નથી, આજે બાંગ્લાદેશ સામે સવારે ૯.૩૦ વાગ્યાથી પ્રથમ ટેસ્ટ

ચેન્નઈઃ ભારત અને બાંગ્લાદેશ વચ્ચે આજે (સવારે ૯.૩૦ વાગ્યાથી) અહીં ચેપૉકના એમ. એ. ચિદમ્બરમ સ્ટેડિયમમાં બે મૅચવાળી ટેસ્ટ-સિરીઝનો પ્રથમ મુકાબલો શરૂ થશે. ભારત ઘરઆંગણે છેલ્લે ૨૦૧૨માં (૧૨ વર્ષ પહેલાં) ટેસ્ટ-શ્રેણી હાર્યું હતું. ત્યારથી માંડીને અત્યાર સુધીમાં ટીમ ઇન્ડિયા લાગલગાટ ૧૭ ટેસ્ટ-શ્રેણીમાં અપરાજિત રહી છે. છેલ્લાં ૧૦ વર્ષમાં ભારત ઘરઆંગણે ફક્ત ચાર ટેસ્ટ હાર્યું છે.

જોકે પાકિસ્તાનને એની જ ધરતી પર ટેસ્ટ-શ્રેણીમાં ૨-૦થી હરાવીને ઐતિહાસિક સફળતા મેળવ્યા બાદ નજમુલ શૅન્ટોના સુકાનમાં બાંગ્લાદેશની ટીમ હવે ભારતમાં ઐતિહાસિક જીત મેળવવા મક્કમ છે. કારણ એ છે કે ભારત સામે બાંગ્લાદેશ ક્યારેય ટેસ્ટ મૅચ નથી જીતી શક્યું. બન્ને દેશ વચ્ચે અત્યાર સુધીમાં રમાયેલી ૧૩માંથી ૧૧ ટેસ્ટમાં ભારતનો વિજય થયો છે અને બે મૅચ ડ્રૉમાં પરિણમી છે.

અગાઉ ભારતમાં બાંગ્લાદેશના ખેલાડીઓ મોટા માર્જિનથી ત્રણેય ટેસ્ટ હાર્યા હતા. આજે રોહિત શર્મા ઍન્ડ કંપનીએ બાંગ્લાદેશ સામે આકરી કસોટી તો આપવી પડશે. જોકે ભારતની પિચ પર ભારતીય સ્પિનર્સથી બચવું ભલભલી ટીમો માટે મુશ્કેલ હોય છે એમાં હવે બાંગ્લાદેશના ખેલાડીઓએ પણ આકરી પરીક્ષા આપવાની છે.

૨૦૨૪ની સાલમાં ભારત વતી સૌથી વધુ વિકેટ જસપ્રીત બુમરાહે લીધી છે. તેણે પાંચ ટેસ્ટમાં ૨૭ વિકેટ લીધી છે.

વર્લ્ડ ટેસ્ટ ચૅમ્પિયનશિપની વર્તમાન સીઝનમાં યશસ્વી જયસ્વાલ ૧૦૨૮ રન સાથે બીજા સ્થાને છે. જો રૂટ ૧૩૯૮ રન સાથે મોખરે છે.

રિષભ પંત ૬૩૨ દિવસ બાદ ફરી ટેસ્ટ રમવા મેદાન પર ઊતરી રહ્યો છે. ભારતમાં હરીફ ટીમના સ્પિનર્સ સામે તેની ૭૭.૧૬ની બૅટિંગ-ઍવરેજ છે. મુશ્ફીકુર રહીમની ભારતમાં ટેસ્ટ મૅચોમાં ૫૫.૧૬ની સરેરાશ છે.

# યુઝવેન્દ્ર ચહલ કાઉન્ટીમાં હલચલ મચાવી રહ્યો છે

## ભારતીય સ્પિનરે સાત ઈનિંગ્સમાં ૧૯ વિકેટ લીધી

બ્રિસ્ટૉલઃ ભારતના ટોચના સ્પિનર્સમાં ગણાતા ૩૪ વર્ષીય યુઝવેન્દ્ર ચહલને એક વર્ષથી ટીમ ઇન્ડિયા વતી રમવા નથી મળ્યું અને ટેસ્ટમાં કરીઅર શરૂ કરવાનો તો તેને મોકો જ નથી મળ્યો, પરંતુ ઇંગ્લૅન્ડની કાઉન્ટી ક્રિકેટમાં તે લાંબા ફૉર્મેટમાં ત્રણ-ચાર દિવસની મૅચોમાં તેમ જ વન-ડે કપમાં ધમાલ મચાવી રહ્યો છે.

ઇંગ્લૅન્ડ આવ્યા બાદ તેણે નૉર્ધમ્પ્ટનશર વતી તે સાત ઇનિંગ્સ રમ્યો છે જેમાં તેણે કુલ ૧૯ વિકેટ લઈને તરખાટ મચાવી દીધો છે.

લેગ-બ્રેક ગૂગલીના સ્પેશિયાલિસ્ટ ચહલે નૉર્ધમ્પ્ટનશરને બે મૅચમાં શાનદાર વિજય પણ અપાવ્યો હોવાથી કાઉન્ટી-ક્રિકેટમાં તેની વાહ-વાહ થઈ રહી છે.

૧૪મી ઑગસ્ટે વન-ડે કપમાં તેણે ફક્ત ૧૪ રનમાં પાંચ વિકેટનો એવો અસરદાર પર્ફોર્મન્સ બતાવ્યો જેને લીધે કેન્ટની ટીમ માત્ર ૮૨ રનમાં તંબૂ ભેગી થઈ ગઈ હતી અને નૉર્ધમ્પ્ટનશરે ૨૧૬ બૉલ બાકી રાખીને નવ વિકેટના માર્જિનથી વિજય મેળવી લીધો હતો.

મિડલસેક્સ સામેની ચાર દિવસીય મૅચમાં ચહલ બે દાવમાં ફક્ત એક વિકેટ લઈ શક્યો એટલે જ નૉર્ધમ્પ્ટનશરની ટીમે પરાજય જોવો પડ્યો હતો. જોકે ગ્લુસેસ્ટરશર સામેની મૅચ ડ્રૉમાં ગયા બાદ ચહલે ડર્બીશરની ટીમની ખબર લઈ નાખી અને પ્રથમ દાવમાં ૪૫ રનમાં પાંચ અને બીજા દાવમાં ૫૪ રનમાં ચાર વિકેટ લઈને નૉર્ધમ્પ્ટનશરને ૧૩૩ રનથી મળેલા વિજયમાં કુલ નવ વિકેટનું સૌથી મોટું યોગદાન આપ્યું હતું.

હવે ચહલ લેસ્ટરશર સામેની ચાર દિવસની મૅચમાં કમાલ દેખાડી રહ્યો છે. પહેલા દાવમાં તે ૮૨ રનમાં ચાર રેહાન અહમદ (૩૦ રન), ઇયાન હૉલૅન્ડ (૧૨ રન) અને વિકેટકીપર બેન કૉક્સ (પચીસ રન) સહિત કુલ ચાર વિકેટ લઈ ચૂક્યો છે. તેને સામા છેડેથી ૨૦ રનમાં ત્રણ વિકેટ લેનાર રોબર્ટ કીઑફ નામના ઑફ સ્પિનરનો સારો સાથ મળ્યો અને તેમના આ સુંદર તાલમેલને લીધે જ લેસ્ટરશરની ટીમ ફક્ત ૨૦૩ રનના સ્કોર પર ઑલઆઉટ થઈ ગઈ હતી અને નૉર્ધમ્પ્ટનશર સામે તોતિંગ સ્કોર નોંધાવવાનું લેસ્ટરશરની ટીમના ખેલાડીઓનું સપનું ચકનાચૂર થઈ ગયું હતું.

# જયદેવ ઉનડકટે કાઉન્ટીમાં હરીફ ટીમના ટૉપ-ઑર્ડરનો સફાયો કરી નાખ્યો

## ગ્લુસેસ્ટરશરની ટીમ સસેક્સ સામે ફક્ત ૧૦૯ રનમાં ઑલઆઉટ થઈ ગઈ, સાત ઈનિંગ્સમાં ઉનડકટની કુલ ૧૭ વિકેટ

લંડનઃ ઇંગ્લૅન્ડમાં અત્યારે ભારતીય ખેલાડીઓની બોલબાલા છે. નૉર્ધમ્પ્ટનશર વતી સ્પિનર યુઝવેન્દ્ર ચહલ એક પછી એક હરીફ ટીમની છાવણીમાં હલચલ મચાવી રહ્યો છે ત્યાં બીજી બાજુ લેફ્ટ-આર્મ ફાસ્ટ બોલર જયદેવ ઉનડકટ સસેક્સ ક્લબની ટીમ વતી ચમકી રહ્યો છે અને આઇપીએલની ૨૦૨૫ની સીઝન માટે થોડા જ મહિનામાં યોજાનારી હરાજી માટે જાણે પૂર્વતૈયારી કરી રહ્યો છે.

બ્રિસ્ટૉલમાં ગ્લુસેસ્ટરશર સામેની ચાર દિવસની મૅચમાં મંગળવારના પહેલા જ દિવસે પોરબંદરનો હાલાઈ લોહાણા જ્ઞાતિનો ૩૨ વર્ષીય જયદેવ દીપકભાઈ ઉનડકટ છવાઈ ગયો હતો. ગ્લુસેસ્ટરશરના કૅપ્ટન ગ્રેમ વૅન બુરેને બૅટિંગ પસંદ કરી અને ૨૧મી ઓવર સુધીમાં તેની ટીમના માંડ ૫૦ રન બન્યા હતા એમાં તેની ટીમની છ વિકેટ પડી ચૂકી હતી અને એ છમાંથી ચાર વિકેટ જયદેવે લીધી હતી. ઓપનર ક્રિસ ડેન્ટ (૩ રન)ને ઇંગ્લૅન્ડ વતી ૨૦ ટેસ્ટ રમી ચૂકેલા ફાસ્ટ બોલર ઑલી રૉબિન્સને આઉટ કર્યો ત્યાર પછીના ક્રમના ચારેય બૅટરની જે વિકેટો પડી એ તમામ જયદેવે લીધી હતી.

ઓપનર જો ફિલિપ્સ (૦)ને ઉનડકટે વિકેટકીપર કૅપ્ટન-વિકેટકીપર જૉન સિમ્પ્સનના હાથમાં કૅચઆઉટ કરાવ્યો હતો, ઑલિવર પ્રાઇસ (૧૧ રન)ને પણ જયદેવે સિમ્પસનના હાથમાં કૅચ આપી દેવા મજબૂર કર્યો હતો. માઇલ્સ હૅમન્ડ (બાવીસ રન) હજી તો માંડ ક્રીઝમાં સેટ થયો હતો ત્યાં જયદેવે તેને કાર્સનના હાથમાં કૅચઆઉટ કરાવી દીધો હતો અને પછી ગ્લુસેસ્ટરશરનો વિકેટકીપર જેમ્સ પણ જયદેવનો શિકાર થઈ ગયો હતો. જયદેવે તેને તેના ફક્ત નવ રનના સ્કોર પર ટૉમ હેઇન્સના હાથમાં કૅચઆઉટ કરાવ્યો હતો.

જયદેવે ગ્લુસેસ્ટરશરના ટૉપ-ઑર્ડરને સાફ કરી નાખ્યો એટલે તેમનો મિડલ-ઑર્ડર પણ પ્રેશરમાં આવી ગયો અને પૂંછડિયાઓના થોડાઘણા પ્રતિકાર બાદ છેવટે એ ટીમની ઇનિંગ્સ માત્ર ૧૦૯ રનના સ્કોર પર સમેટાઈ ગઈ હતી.

પેસ બોલર ટૉમ ક્લાર્કે ફક્ત ૧૭ રનમાં ત્રણ વિકેટ તથા ઑલી રૉબિન્સને ૩૩ રનમાં ત્રણ વિકેટ લીધી હતી, પરંતુ જયદેવ ઉનડકટ તમામ બોલર્સમાં સર્વશ્રેષ્ઠ હતો. તે ૧૩-૩-૩૨-૪ની બોલિંગ ઍનેલિસિસ સાથે છવાઈ ગયો હતો. તેના આ તરખાટને લીધે ગ્લુસેસ્ટરશરનો એકેય બૅટર હાફ સેન્ચુરી પણ નહોતો ફટકારી શક્યો. ટૉમ પ્રાઇસના પચીસ રન ટીમમાં હાઈએસ્ટ હતા.

આ પહેલાંના ત્રણ અઠવાડિયા દરમ્યાન જયદેવે સસેક્સ વતી ત્રણ અલગ હરીફ ટીમ સામે રમેલી મૅચમાં કુલ ૧૩ વિકેટ લઈને ત્રણમાંથી બે મૅચમાં સસેક્સને વિજય અપાવ્યો હતો. એ સાથે, તેણે સસેક્સ વતી રમેલી છેલ્લી સાત ઇનિંગ્સમાં કુલ મળીને ૧૭ વિકેટ લીધી છે.

# પંજાબને ચાર સીઝનમાં મળ્યો ત્રીજો હેડ-કોચ, આ વખતે રિકી પૉન્ટિંગને કમાન સોંપાઈ

ચંડીગઢઃ આઇપીએલના પંજાબ કિંગ્સ ફ્રૅન્ચાઇઝીએ પોતાની ટીમ માટે રિકી પૉન્ટિંગને ટૂર્નામેન્ટની આગામી ચાર સીઝન માટે હેડ-કોચ બનાવ્યો છે. ઑસ્ટ્રેલિયાના ભૂતપૂર્વ કૅપ્ટને દિલ્હી કૅપિટલ્સ સાથે છેડો ફાડ્યો એના બે મહિના બાદ તેને પંજાબની ટીમને કોચિંગ આપવાનો અવસર મળ્યો છે. તે ૨૦૨૫ની આઇપીએલથી જવાબદારી સંભાળશે. નવાઈની વાત એ છે કે પ્રિટી ઝિન્ટાની સહ-માલિકીવાળી પંજાબની ટીમને ચાર સીઝનમાં ત્રીજો હેડ-કોચ મળ્યો છે.

પૉન્ટિંગ સાત વર્ષ સુધી દિલ્હીની ટીમ સાથે જોડાયેલો હતો. પૉન્ટિંગને પંજાબે એક કરતાં વધુ વર્ષ માટે હેડ-કોચ બનાવ્યો છે અને એવું મનાય છે કે કોચિંગ-સ્ટાફમાં કોને લેવા એનો અંતિમ નિર્ણય પૉન્ટિંગ લેશે. કહેવાય છે કે પૉન્ટિંગ એ જ શરતે પંજાબ સાથે જોડાઈ રહ્યો છે.

પૉન્ટિંગની પહેલાં ટ્રેવર બેલિસ, અનિલ કુંબલે અને માઇક હેસન પંજાબની ટીમના હેડ-કોચ હતા.

પંજાબે ગઈ સીઝન સુધીના હેડ-કોચ ટ્રેવર બેલિસને કોઈ નવો હોદ્દો આપવાનું નક્કી કર્યું છે કે નહીં એની જાણ નહોતી. એ જ પ્રમાણે, સંજય બાંગડ (ક્રિકેટ ડેવલપમેન્ટના ચીફ), ચાર્લ લૅન્ગવેલ્ટ (ફાસ્ટ બોલિંગ કોચ) અને સુનીલ જોશી (સ્પિન બોલિંગ કોચ)ને હોદ્દા પર જાળવી રાખવામાં આવશે કે કેમ એ વિશે પણ કોઈ જાણ નહોતી કરાઈ.

૨૦૨૪ની સીઝનમાં પંજાબની ટીમ છેક નવમા નંબરે (મુંબઈ ઇન્ડિયન્સથી એક ક્રમ ઉપર) રહી હતી. ૨૦૧૪ પછી પંજાબની ટીમ પ્લે-ઑફમાં નથી પહોંચી શકી. એ સીઝનમાં તેઓ રનર-અપ હતા.

**પંજાબને આઠ સીઝનમાં મળ્યા છ હેડ-કોચ**

| કોચ/મેન્ટર | દેશ | વર્ષ |
|---|---|---|
| સેહવાગ | ભારત | ૨૦૧૭ |
| હૉજ | ઑસ્ટ્રેલિયા | ૨૦૧૮ |
| હેસન | ન્યૂ ઝીલૅન્ડ | ૨૦૧૯ |
| કુંબલે | ભારત | ૨૦૨૧ |
| કુંબલે | ભારત | ૨૦૨૨ |
| બેલિસ | ઑસ્ટ્રેલિયા | ૨૦૨૩ |
| બેલિસ | ઑસ્ટ્રેલિયા | ૨૦૨૪ |
| પૉન્ટિંગ | ઑસ્ટ્રેલિયા | ૨૦૨૫ |

આઇપીએલ-૨૦૨૪માં બીજી વાર સૌથી વધુ વિકેટ લેવા બદલ પર્પલ કૅપ જીતનાર પંજાબના પેસ બોલર હર્ષલ પટેલ તેમ જ લોકપ્રિય બૅટર્સ શશાંક સિંહ અને આશુતોષ શર્મા તેમ જ અર્શદીપ સિંહ, જિતેશ શર્મા, રાહુલ ચાહર તેમ જ સૅમ કરૅન, લિઆમ લિવિંગસ્ટન, જૉની બેરસ્ટો અને કૅગિસો રબાડામાંથી કોને રીટેન કરવા અને કોને હરાજી માટે રિલીઝ થવા દેવા એ બાબતમાં પૉન્ટિંગ ટીમના મૅનેજમેન્ટ અને ફ્રૅન્ચાઇઝીના માલિકો સાથે સઘન ચર્ચા કરશે. શિખર ધવન તાજેતરમાં જ નિવૃત્ત થઈ ગયો હોવાથી પંજાબનું સુકાન કોને સોંપાશે એ પણ મહત્ત્વનો સવાલ છે.

# ફૂટબૉલની ચૅમ્પિયન્સ લીગનો ધમાકેદાર આરંભ, હૅરી કેને તોડ્યો વેઇન રૂનીનો રેકૉર્ડ

## પહેલા જ દિવસે તમામ છ મૅચમાં આવ્યા પરિણામ, બાયર્નનો ઝાગ્રેબ સામે ૯-૨થી વિજય

મ્યૂનિકઃ યુનિયન ઑફ યુરોપિયન ફૂટબૉલ અસોસિયેશન્સ (યુઇફા)ના બૅનર હેઠળ યુરોપની ટોચની ફૂટબૉલ ક્લબ ટીમો વચ્ચે દર વર્ષે રમાતી ચૅમ્પિયન્સ લીગનો મંગળવારે ધમાકેદાર આરંભ થયો. એ દિવસે રમાયેલી તમામ છ મૅચમાં પરિણામ આવ્યા હતા. આ બધા મુકાબલાઓમાં બાયર્ન મ્યૂનિક અને ડાયનૅમો ઝાગ્રેબ વચ્ચેની મૅચ હાઈ-સ્કોરિંગ હતી જેમાં બાયર્નનો ૯-૨થી વિજય થયો હતો. ઇંગ્લૅન્ડની ફૂટબૉલ ટીમનો કૅપ્ટન હૅરી કેન મંગળવારનો સુપરસ્ટાર હતો. તેણે પોતાના જ દેશના દિગ્ગજ વેઇન રૂનીનો રેકૉર્ડ તોડી નાખ્યો હતો.

બાયર્ન વતી નવમાંથી ચાર ગોલ હૅરી કેને કર્યા હતા. ચૅમ્પિયન્સ લીગમાં ઇંગ્લૅન્ડના ફૂટબોલર્સમાં સૌથી વધુ ૩૦ ગોલ વેઇન રૂનીના નામે હતા, પરંતુ મંગળવાર પહેલાં ૨૯ ગોલ ધરાવનાર હૅરી કેને એ દિવસે ચાર ગોલ કરીને રૂનીનો વિક્રમ તોડી નાખ્યો હતો. હવે કેનના ખાતે ચૅમ્પિયન્સ લીગના કુલ ૩૩ ગોલ છે. ૨૦૨૩-'૨૪ની ચૅમ્પિયન્સ લીગમાં હૅરી કેને સૌથી વધુ આઠ ગોલ કર્યા હતા. મંગળવારે તેણે ૧૯મી મિનિટમાં પેનલ્ટી કિકમાં ગોલ કર્યો ત્યાર બાદ ૫૭મી મિનિટમાં તેણે ફરી ગોલ કર્યો હતો. એ પછી ૭૩મી અને ૭૮મી મિનિટમાં કેનને ફરી પેનલ્ટી કિકમાં ગોલ કરવાની તક મળી હતી અને તે એમાં સફળ થયો હતો. તેના આ ચાર ગોલ ઉપરાંત બાકીના પાંચ ગોલમાંથી માઇકલ ઑલિસે બે ગોલ કર્યા હતા અને રાફેલ જિરેઇરો, લેરૉય સેન અને લીઑન ગૉરેટ્ઝકાએ એક-એક ગોલ કર્યો હતો. ઝાગ્રેબ વતી એક ગોલ પેટકૉવિચ અને ઑગિવારાએ કર્યો હતો.

ચૅમ્પિયન્સ લીગની મંગળવારની બાકીની પાંચ મૅચ પણ રસાકસીવાળી હતી. ૨૦૨૩-'૨૪ની ચૅમ્પિયન્સ લીગની ચૅમ્પિયન્સ રિયલ મૅડ્રિડ ટીમ વતી ફ્રાન્સના કીલિયાન ઍમ્બપ્પેએ રોમાંચક શરૂઆત કરી હતી. વીએફબી સ્ટટગાર્ટ સામેની મૅચમાં પ્રથમ ગોલ ઍમ્બપ્પેએ ૪૬મી મિનિટમાં કરીને રિયલ મૅડ્રિડને ૧-૦થી સરસાઈ અપાવી હતી. સ્ટટગાર્ટ વતી ડેનિઝ ઉન્ડાવે ૬૮મી મિનિટમાં ગોલ કરીને સ્કોર ૧-૧થી લેવલ કર્યો હતો, પરંતુ ૮૩મી મિનિટમાં ઍન્ટોનિયો રુડિગરે અને ૯૫મી મિનિટમાં એન્ડ્રિકે પણ ગોલ કરીને રિયલ મૅડ્રિડની એક્સાઇટિંગ જીત નક્કી કરી આપી હતી.

ગયા વખતની ચૅમ્પિયન્સ લીગમાં હૅરી કેનની જેમ ઍમ્બપ્પેએ પણ સૌથી વધુ આઠ ગોલ કર્યા હતા. જોકે ત્યારે ઍમ્બપ્પે પીએસજી (પૅરિસ સેન્ટ-જર્મેઇન) ટીમમાં હતો.

અન્ય મૅચોમાં ઍસ્ટન વિલાએ યંગ બૉય્સ નામની ટીમને ૩-૦થી, યુવેન્ટસે પીએસવી એઇન્ટહૉવનને ૩-૧થી, લિવરપુલે મિલાનને ૩-૧થી અને સ્પોર્ટિંગ સીપીએ લિલ નામની ટીમને ૨-૦થી પરાજિત કરી હતી.

# સૌરવ ગાંગુલીએ સાયબર ક્રાઇમમાં યુટ્યૂબર વિરુદ્ધ ફરિયાદ નોંધાવી

## મૃણમોય દાસ નામના ક્રિકેટપ્રેમીએ 'દાદા' વિરુદ્ધ અસભ્ય ભાષા વાપરી અને બદનક્ષી કરી

નવી દિલ્હીઃ ભારતના ક્રિકેટ-લેજન્ડ અને બીસીસીઆઇના ભૂતપૂર્વ પ્રમુખ સૌરવ ગાંગુલીએ પોતાની માનહાનિ કરવા બદલ તેમ જ પોતાની વિરુદ્ધ અસભ્ય ભાષાનો પ્રયોગ કરવા બદલ એક યુટ્યૂબર વિરુદ્ધ ફરિયાદ કરી છે. સોશિયલ મીડિયા પરના પોતાના એક વીડિયોમાં આ યુટ્યૂબરે ગાંગુલીને ઉતારી પાડતી ભાષા વાપરી હતી તેમ જ તેની વિરુદ્ધ અભદ્ર તથા બદનામ કરતી ભાષાનો ઉપયોગ કર્યો હતો.

તાજેતરમાં કોલકાતામાં મહિલા ડૉક્ટર પરના બળાત્કાર તથા હત્યાના બનાવ સંબંધમાં ગાંગુલીએ જે નિવેદનો કર્યા હતા એને તેમ જ તેની તસવીરો તથા વીડિયોને મૃણમોય દાસ નામના આ યુટ્યૂબરે કથિત રીતે ઉપયોગમાં લીધા હતા. દાસે 'દાદા' વિશે અભદ્ર ભાષા વાપરી હતી તેમ જ વીડિયોમાં જણાવ્યું હતું કે સૌરવ ગાંગુલી જીવંત છે ત્યાં સુધીમાં તેના પર એક બાયોપિક બનવી જોઈએ.

જોકે ગાંગુલીની સેક્રેટરી તાનિયા ભટ્ટાચાર્યએ કોલકાતા પોલીસના સાયબર ક્રાઇમ વિભાગમાં દાસ વિરુદ્ધ ઑનલાઇન ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદમાં તાનિયાએ જણાવ્યું છે કે 'સૌરવ ગાંગુલી વિરુદ્ધ જે અભદ્ર ભાષા વાપરવામાં આવી છે અને તેમને બદનામ કરતી ભાષાનો પ્રયોગ કરવામાં આવ્યો છે એ સૌરવની પ્રતિષ્ઠાને લાંછન લગાડનારી છે.'

કોલકાતાની આર.જી. કર મેડિકલ કૉલેજ ઍન્ડ હૉસ્પિટલમાં મહિલા ટ્રેઇની ડૉક્ટર પર બળાત્કાર અને હત્યાનો જે બનાવ બન્યો એના થોડા દિવસ બાદ ગાંગુલીએ એક ટૉક-શોમાં પ્રવચન દરમ્યાન એવું કહ્યું હતું કે 'આવી ઘટના તો દુનિયામાં ક્યાંય પણ બને. આ ઘટના હૉસ્પિટલમાં બની છે. જોકે આવું ક્યાંય ન બને એ માટે બધે પૂર્વસાવચેતીના પગલાં તો ભરાવા જ જોઈએ.' જોકે ગાંગુલીએ પછીથી કહ્યું હતું કે તેના વિધાનોને ખોટી રીતે રજૂ કરાયા છે. પછીથી સૌરવે મહિલાની હત્યા સામેના વિરોધમાં જે આંદોલન થયું હતું એમાં પત્ની ડોના અને પુત્રી સના સાથે જોડાયો હતો અને ભોગ બનેલી મહિલા ડૉક્ટર માટે ન્યાયની માગણી કરી હતી.

ગાંગુલીની સેક્રેટરી તાનિયાએ ફરિયાદમાં જણાવ્યું છે કે 'વીડિયોમાંની વિગતો મિસ્ટર ગાંગુલી પર શાબ્દિક હુમલો કરવા ઉપરાંત તેમની શાખને બદનામ કરનારી અને દરેક વ્યક્તિ જેના હકદાર હોય એ મુજબના તેમના માન-સન્માનને ઠેસ પહોંચાડનારી પણ છે.'

મહિલા ડૉક્ટરના બળાત્કાર અને હત્યાનો કેસ હજી પણ વણઉકેલાયો રહ્યો છે. આખા દેશમાં આ ઘટનાના ઘેરા પ્રત્યાઘાત પડ્યા છે.


## ક્લાસિફાઈડ

**૫. અંગત**

**કાઉન્સિલીંગ Counselling**
લગ્ન પહેલા / લગ્ન પછીની સમસ્યા બાબત, લવ/અફેર બાબત, ડાઈવોર્સ મેટર, ફેમિલી પ્રોબ્લેમ, સામાજિક, શારીરિક, માનસિક, આર્થિક સમસ્યા બાબતોનું કાઉન્સિલીંગ માટે સંપર્ક- શ્રી હરી ઈચ્છા ફાઉન્ડેશન - 9082825482, 9321693211. (૧૪૪૭૭/બી)

**૯. લગ્ન સંબંધી**

■ મરાઠી કન્યા ઉંમર 28, શિક્ષણ-12મી, નાના છોકરાઓનું ટ્યુશન લે છે, મહિને-10,000/- કમાય છે. છોકરીના માબાપ નથી, દાદા દાદી સાથે રહે છે, અપેક્ષા - સમજુ, મહેનતુ છોકરો જોઈએ, જાતિ/ઉમરબાધ નથી તાત્કાલિક લગ્નઃ મોબાઈલ-8983174198. (દહેજ નહીં.) (બી-૧૪૮૯૪)

**૧૨. યાત્રા સહેલગાહ**

**ટેમ્પો ટ્રાવેલર્સ**
20 Seater, AC બહારગામ માટે ભાડેથી મળશે. અમિત મહેતા-9820999896. (એસડીબી-૨૧૬૮)

સ્વતંત્ર કિચન સાથે
મધ્યપ્રદેશ 10-D November to March
ડીલક્સ કાશ્મીર 8N/9D Oct - 29 / Nov - 3, 9, 12 Dec - 15, 22, 25, 30
નેપાલ 7N/8D Nov - 3, 9, 16 / Dec - 5, 22, 25 Mumbai to Mumbai Buy Air
દાર્જિલિંગ-સિક્કિમ 8N/9D Oct - 30 / Nov - 3, 12, 20 / Dec - 12, 24, 30 Mumbai to Mumbai Buy Air
આસામ-મેઘાલય અરુણાચલ 8D - 12D Diwali - 2024 -Oct - 16, 29 - November - 12
આંદામાન 6N/7D Nov. 3,9,15. Dec. 15,22
Holiday MAKER 9867745678 7900118786 9029994849
S-140, Raghuleela Mall, 2nd Floor, Kandivali West, Mumbai - 400067.
(બી-૧૪૭૭૭)

**૧૪. નોકરી ખાલી છે**

**ઓફિસબોય**
**રે રોડ એરિયામાં ઓફિસ માટે ઓફિસ બોય અનુભવી, વિશ્વાસુ, યુવાન અને સાઈકલ ચલાવનાર સારા પગાર સાથે જરૂર છે. મોબાઈલઃ 7021734143. (એસડીબી-૨૧૬૭)**

■ **કાર માટે અનુભવી ગુજરાતી ડ્રાઈવર પાર્ટ ટાઈમ જોઈએ છે. 8971972599. (એસડીબી-૨૧૫૧)**

**૧૭. જગ્યા આપવી છે**

**ગામદેવી ખાતે**
''સુગન હાઈટ્સ'', હરિશ્ચંદ્ર ગોરેગાંવકર રોડ, ગ્રાન્ટ રોડ, જૈન મંદિર અને શિવ તાપી બિલ્ડિંગ પાસે 1200 ચોરસ ફૂટ, ચોપાટી પાસે 3 BHK ફ્લેટ, 6 મહિનામાં કબજો, દલાલોનું પણ સ્વાગત છે. સંપર્કઃ 9967333000. (જેપી/૪૯૪૨-ડી)

**પરેલ/શિવરી**
અશોક ગાર્ડન્સ/ ટાવર્સ /૨/૩/૪/૫ બેડરૂમ લેવા/વેચવા/ ભાડેથી- ૯૬૧૯૦૧૪૫૫૫/ ૯૮૨૧૦૧૪૫૫૫. (બી-૧૪૭૧૭)

**ગોરેગાંવ (ઈસ્ટ)**
1000 ફૂટથી 1500 ફૂટ કારપેટ જગ્યા ભાડેથી ફોટો સ્ટુડિયો માટે જોઈએ છે દિલીપભાઈ શાહ 9324310830. (જેપી/૪૯૪૨-ઈ)

**DOSTI FRIENDSHIP MONTH**
Xclusive offer and prices 0% Stamp Duty at Wadala Eastern Bay 2 Bed 2.65 Cr. 3 Bed 3.70 Cr. 4 Bed Jodi Flats 5.15 Cr. 7 Star amenities Free hold Land. +91 89761 02382. (B-14750)

**૧૮. જગ્યા જોઈએ છે**

**હેવી ડિપોઝિટથી/Heavy Deposite**
જોઈએ છે-ફ્લેટ, ઓફિસ, દુકાન-કાંદિવલી, બોરીવલી, મલાડ, દહિંસર, ગોરેગાવમાં 9082825482, 9321693211. (૧૪૪૭૭/એ)

**૧૯. ફેક્ટરી વર્કશોપ**

**વસઈ - કામણ**
**સાતીવલી- વાલીવ- હાઇવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઇન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા-વેચવા-ભાડેથી - ગોપીભાઈ - 9326472399 જીતેન્દ્રભાઈ - 9320404145. (૧૩૮૦૮-એ)**

**વસઈ**
ઈન્ડસ્ટ્રીયલ ગાળા પ્લોટ લેવા/ વેચવા/ ભાડેથી રુષભ ઉપાધ્યાય 9049625073 હિતેષ ઉપાધ્યાય. 9326470109. (એસડીબી-૨૧૪૭)

**૨૫. શૈક્ષણીક**

**સંગીત શીખો**
હાર્મોનિયમ, કેસિયો, શાસ્ત્રીય સંગીત, શ્લોક શીખવા માટે વોટ્સએપ કરો. 9930461779. ગદાધર (બી-૧૪૮૮૮)

**૩૨. જમીન-મિલકત**

■ સ્ટીલ કંપનીને જમીન જોઈએ છે. ભુજથી ભચાઉ હાઈવે જે એક્સપ્રેસ કોરીડોર રોડ મંજૂર થયેલ છે. -તે કનૈયાબે ગામની સીમમાં અંબિકા સ્ટીલ કંપની અને સી.યુ. બેલ્ટ ઈન્ડિયા કંપનીની લગોલગ એક જથ્થામાં 200 એકર કનૈયાબે ગામના સર્વે નંબરો 300થી 400 વાળી અથવા આજુબાજુની જમીન સ્ટીલ કંપનીને 45 લાખ પ્રતિ એકરના બજેટ સુધી વેચાણથી જોઈએ છે. વિગતો મેઈલ કરવી shriramestate@yahoo.com (બી-૧૪૮૯૧)

**૩૩. ધંધાદારી**

■ **કમ્પ્યુટર અમારું કામ તમારું, અમે કોઈપણ પ્રકારના એકાઉન્ટ Tallyમાં - GST સાથે લખી આપીએ છીએ. સંપર્ક કરોઃ 8879576464. (બી-૧૪૮૯૧)**

**૩૫. જ્યોતિષ ભવિષ્ય**

**શ્રીનાથજી જ્યોતિષ (હવેલીવાળા)**
**લવ મેરેજ, પતિ દુઃખ, શત્રુનાશ, બિઝનેસ, લોસ, જૂની બીમારી, હસ્તરેખા, જન્મપત્રિકા, લગ્નમાં રુકાવટ, તુરંત સમાધાન, નિરાશ વ્યક્તિ ખાસ મળો, મલાડ (વેસ્ટ) ફીઝ-500/- 9920991344/9833390898/ 02228898500. (૧૪૯૬૮-એ)**

■ ભાગ્યશ્રી જ્યોતિષ, બોરીવલી (વેસ્ટ), લવ પ્રોબ્લેમ, પ્રેમ લગ્ન, છૂટાછેડા, વ્યાપાર-ફેક્ટરીમાં લાભ, શત્રુ-સૌતન, પતિ-પત્ની ઝઘડા, વ્યસન મુક્તિ. 6355047120. (બી-૧૪૮૮૫)

**૪૪. પેસ્ટ કન્ટ્રોલ**

**એસ પેસ્ટીસાઈડ**
(૧૯૯૩થી) ઉધઈ, વાંદા, માંકડ... કાંદિવલીઃ 9833523290, 9220789533, ચીરાબજારઃ 9029181030. (૧૪૯૨૨-એ)

■ ''એસ પેસ્ટ કંટ્રોલ'' - ઉધઈ, વાંદા, માંકડ. (હર્બલ). 9773226675 / 9821195720 (કાંદિવલી). (૧૪૯૬૩-ઈ)

**૫૨. કુરીઅર્સ**

**મનસ્વી પાર્સલ**
યુરોપ, અમેરિકા, ન્યુઝીલેન્ડ, ઓસ્ટ્રેલીયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. 9820194719 / 7208019515. (૧૪૦૧૮-એ)

**મુંબઈ સમાચાર**
વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com

દ્વિશતાબ્દી મહોત્સવની ઉજવણી નિમિત્તે
મુંબઈ સમાચાર
ગરબા દાંડિયા
વર્કશોપ
દ્વિતીય વર્ષ
In Association with
MAGIC COLOURS
ELECTRON
PROUDLY INDIAN
'રોમેરોમ ગુજરાતી' અભિયાન હેઠળ મુંબઈ સમાચાર દ્વારા આયોજિત અનેક કાર્યક્રમોમાં ૨૦૨૩માં નવું પીંછું ઉમેરાયું છે ગરબા-દાંડિયા વર્કશોપનું, જેનો બહોળો પ્રતિસાદ સાંપડ્યા બાદ હવે બીજા વર્ષે પણ મુંબઈ સમાચાર આ વર્કશોપનું આયોજન કરવા જઈ રહ્યું છે
આ છે તમારા ગરબાના કોરિયોગ્રાફરો



કાંદિવલી
શ્રી લોહાણા મહાજનવાડી, શંકર મંદિરની બાજુમાં, એસ.વી. રોડ, કાંદિવલી પશ્ચિમ
★ પ્રશાંત ચોસાલિયા ★ બિજલ વીસરિયા
★ દિવ્યા સોની ★ ચાર્મી કક્કડ
★ બિજલ ટેલર ★ પરેશ જોશી

માટુંગા
માટુંગા ગુજરાતી સેવા મંડળ, ૩૯૮, તેલંગ રોડ, ફૂલ ગલી, માટુંગા પોસ્ટ ઓફિસની બાજુમાં, માટુંગા (સેન્ટ્રલ રેલવે)
★ મેઘના શેઠ ★ જૈનેશ શાહ
★ નમિતા ઠક્કર ★ ચૈતાલી ગડા
★ પ્રશાંત ઠક્કર ★ આકૃતિ બાગવે

ઘાટકોપર
રામજી આસર સ્કૂલ, રુઈયા હોલ, પહેલો માળ, રામજી આસર સ્કૂલ કમ્પાઉન્ડ, એમ.જી. રોડ, ઘાટકોપર પૂર્વ
★ વૈશાલી સંઘવી ★ અરુણા પંચાલ
★ કરણ ઠક્કર ★ અવની ઠક્કર
★ રાજેશ જોશી ★ અજિત બાગવે

મુલુંડ
૫૦૧, પદ્માવતી બેન્કવેટ હોલ, શિવસેના ઓફિસની ઉપર, એમ.જી. રોડ, મુલુંડ વેસ્ટ
★ પિંકી ત્રિવેદી ★ ખુશ્બૂ મુલાની
★ વૈશાલી સત્રા ★ સ્વાતિ ઠક્કર
★ સંજય સોની ★ વિદ્યા છેડા

ઘસારો વધે નહીં એ માટે તમારું નામ વહેલામાં વહેલી તકે નોંધાવી લેશો તમારી પસંદગીના સ્થળ પર આજે જ તમારું નામ નોંધાવી લેશો.
પ્રવેશ નિઃશુલ્ક
વર્કશોપનો સમય ૪થી ૭
૨૧-૨૨ સપ્ટે. ૨૮-૨૯ સપ્ટે.
સંપર્કઃ 9326152942

# રાસ રંગ થાણેની નવરાત્રિ આ વર્ષે થાણે ઓક્ટ્રોય ગ્રાઉન્ડમાં યોજાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ રાસ રંગ થાણે દ્વારા આ વખતે પણ ધમાકેદાર નવરાત્રિનું આયોજન કરવામાં આવ્યું છે. રાસ રંગ થાણેનું આ વખતની નવરાત્રિનું આયોજનનું સ્થળ બદલવામાં આવ્યું છે. ત્રીજી ઓક્ટોબરથી બારમી ઓક્ટોબરના રોજ થાણેના કોપરી સ્થિત ઓક્ટ્રોય ગ્રાઉન્ડ (નાકા) ખાતે આયોજન કરવામાં આવ્યું છે. અગાઉ ૨૦૧૭થી મોડેલા મિલ કમ્પાઉન્ડમાં રાસ રંગ થાણેની નવરાત્રિનું આયોજન થતું હતું.

રાસ રંગ થાણેનું આજે ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ રાસ રંગ કાર્યક્રમની જાહેરાત કરતા કેડાઈ-એમસીએચઆઈ થાણેના પ્રમુખ જિતેન્દ્ર મહેતાએ કહ્યું હતું કે દર વખતની માફક આ વખતે રાસ રંગ થાણે દ્વારા થાણેમાં મા-જગદંબાના તહેવાર નવરાત્રિની ભવ્ય ઉજવણી થશે.

આ વખતે મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન એકનાથ શિંદેના માર્ગદર્શન હેઠળ થાણેમાં નવરાત્રિનું આયોજન કરવામાં આવ્યું છે. નવરાત્રિના નવલા દિવસોમાં સાંજે માતાજીની આરતી સાથે રોજ ખેલૈયાઓ ગરબાના તાલે નાચશે, ગાશે અને ઝૂમશે. અગાઉના ગ્રાઉન્ડની તુલનામાં આ ગ્રાઉન્ડ સૌથી મોટું છે.

રાસ રંગ થાણેના ગ્રાઉન્ડ સિમેન્ટ કોંક્રિટની સાથે પ્લેટફોર્મ પણ વુડન હશે, જ્યારે ખેલૈયાઓની સુરક્ષા માટે ૫૦થી વધુ સીસીટીવી કેમેરા, વોચ ટાવર, સુરક્ષા ગાર્ડને તહેનાત કરવાની સાથે પાર્કિંગની પણ આગવી વ્યવસ્થા કરવામાં આવી છે.


ખાસ કરીને ગરબાપ્રેમીઓની સુરક્ષા માટે ૨૦૦થી વધુ સિક્યોરિટી ગાર્ડ કમ બાઉન્સર્સને તહેનાત રાખવામાં આવશે, જ્યારે આ વખતની નવરાત્રિમાં થાણે, મુલુંડ, ભિવંડી સહિત ડોંબિવલી-



કલ્યાણમાંથી કુલ મળીને ૧૨,૦૦૦થી વધુ લોકો આવવાની અપેક્ષા છે.

થાણેવાસીઓનો મનપસંદ બનેલો રાસ રંગ થાણે (૨૦૨૪)માં આ વખતે બોલીવૂડના જાણીતા 'ઢોલ કિંગ' હનીફ-અસ્લમની જોડી સાથે ઉમેશ બારોટ ધમાલ મચાવશે. રાસ રંગ થાણેમાં આ વખતે જાણીતા ગાયકોમાં દ્રવિતા ચોકસી, ફિરોઝ લડકા, હેલી મજુમદાર, રુપાલી કશ્યપના સૂરથી ખેલૈયાઓ ઝૂમી ઉઠશે.

હું તમામ દાંડિયા-રાસ પ્રેમીઓને વિનંતી કરીશ કે નવરાત્રિના પવિત્ર દિવસોમાં અહીં આવો અને એન્જોય કરો. આ વખતના નવરાત્રિના દિવસોમાં રોજ અલગ અલગ કાર્યક્રમની થીમ સાથે બોલીવૂડના કલાકારોથી રાજકીય નેતાઓ પણ ઉપસ્થિત રહેશે, એમ જિતેન્દ્ર મહેતાએ જણાવ્યું હતું. અહીંના કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલા થાણેના સાંસદ નરેશ મ્હસ્કેએ આનંદ વ્યક્ત કરતા કહ્યું હતું કે રાસ રંગ થાણે હવે થાણેમાં બ્રાન્ડ બની ગઈ છે. અહીં બહુ સારી રીતે ગરબા ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. અહીંયા અમને ઘાટકોપર હોય કે મુંબઈથી લોકોના ફોન આવતા હોય છે કે અમને પાસ જોઈએ છીએ, જેથી એટલું કહી શકાય કે રાસ રંગ થાણેની લોકપ્રિયતામાં વધારો થયો છે. ■



**આવજો..:** મુંબઈના પ્રખ્યાત લાલબાગચા રાજાનું ધામધૂમથી વિસર્જન કરાયું હતું. રાજાના દર્શન માટે અને તેમને વિદાય આપવા માટે માર્ગમાં અસંખ્ય ગણેશભક્તો ઊમટી પડ્યા હતા. (એજન્સી)

# 'લાલબાગચા રાજા'ના વિસર્જનમાં મોબાઈલ અને દાગીના ચોરોને જલસા

## ઓછામાં ઓછી ૩૨ ફરિયાદ નોંધાઈઃ બે મહિલા પકડાઈઃ સખત ભીડનો લાભ ઉઠાવાયો

મુંબઈઃ ગણપતિ વિસર્જન વખતે લાલબાગ પરિસરમાં થનારી ભીડનો લાભ ઉઠાવી દાગીના-મોબાઈલ ફોન્સ ચોરનારાઓને જાણે જલસા પડી ગયા હતા. 'લાલબાગચા રાજાના વિસર્જન દરમિયાન મોબાઈલ અને કીમતી વસ્તુઓ ચોરાવાની ૩૨ ફરિયાદ પોલીસને મળી હતી, જેમાંથી એક કેસમાં બે મહિલાને તાબામાં લેવાઈ હતી.

મળતી માહિતી અનુસાર શિવડીમાં રહેતી અમૃતા માને (૩૮) મંગળવારે વિસર્જન વખતે ગણપતિ બાપ્પાના દર્શન કરવા લાલબાગના ડૉ. બાબાસાહેબ આંબેડકર માર્ગ પર ગઈ હતી. 'મુંબઈચા રાજા'ના વિસર્જન સરઘસ વખતે એકાએક લોકોની ભીડ વધી ગઈ હતી.

ગિરદીનો લાભ ઉઠાવી બે મહિલાએ માનેને ઘેરી લીધી હતી. તે સમયે કોઈએ માનેના ગળામાંથી સોનાનું મંગળસૂત્ર આંચકી લીધું હતું. માનેએ બૂમાબૂમ કરતાં લોકોએ બે મહિલાને પકડી પાડી હતી. બન્નેને પોલીસને સોંપાઈ હતી. આ પ્રકરણે કાલાચોકી પોલીસે ગુનો નોંધ્યો હતો. પોલીસે બન્ને મહિલાને નોટિસ આપી છોડી હતી. તપાસ માટે પોલીસ બોલાવે ત્યારે પોલીસ સ્ટેશને હાજર રહેવાનું બન્નેને કહેવામાં આવ્યું હતું. આવી જ રીતે સોનાના દાગીના, મોબાઈલ ફોન, પાકીટ અને અન્ય કીમતી વસ્તુઓ ચોરાવાની ઘટનાઓ બની હતી. એક જ દિવસમાં ચોરીની ૩૨ ફરિયાદ મળી હોવાનું પોલીસ અધિકારીએ જણાવ્યું હતું. પોલીસ ફરિયાદ અનુસાર કોઈ મહિલાનું મંગળસૂત્ર તો કોઈની સોનાની ચેન ચોરાઈ હતી. કોઈના મોબાઈલ ફોન ચોરાયા હતા તો અન્ય દાગીના ચોરાયાની પણ ફરિયાદ પોલીસને મળી હતી.

દરમિયાન વિસર્જનની તસવીરો પાડવા ગયેલા ફોટોગ્રાફર તેજસ ગાવડે ભીડનો ધક્કો લાગતાં પડી ગયો હતો. તે સમયે તેનો કીમતી કૅમેરા અને લૅન્સ ચોરાયાની ફરિયાદ તેણે પોલીસમાં કરી હતી. કાલાચોકી પોલીસના જણાવ્યા મુજબ અલગ અલગ ઘટના સંબંધે અજાણ્યા શખસો વિરુદ્ધ ત્રણ એફઆઈઆર નોંધવામાં આવ્યા હતા. ■

# મુંબઈ-અમદાવાદ હાઈવે પરના જૂના વર્સોવા પુલની મરામતનું મૂરત હવે ક્યારે?

વસઈઃ મુંબઈ અમદાવાદ નેશનલ હાઈવે પર નવા વર્સોવા બ્રિજનું નિર્માણ થઈ રહ્યું છે ત્યારે સત્તાવાળાઓએ જૂના વર્સોવા બ્રિજ પરના ખાડાઓની જાળવણી અને સમારકામમાં બેદરકારી દાખવી રહ્યા છે. પરિણામે થાણે તરફ જતા વાહનચાલકો માટે જૂના પુલ ઉપરથી પ્રવાસ કરવો જોખમી સાબિત થઇ શકે છે.

વિવિધ માર્ગોને જોડતા મુંબઈ-અમદાવાદ નેશનલ હાઈવે પરથી દરરોજ મોટી સંખ્યામાં વાહનો પસાર થાય છે. આ જ માર્ગ પર ભાઈંદરની ખાડી પર વર્સોવા બ્રિજ બનાવવામાં આવ્યો છે, જોકે આ પુલ જૂનો હોવાથી અને ટ્રાફિકની સમસ્યાને ધ્યાનમાં લઈને નેશનલ હાઈવે ઓથોરિટીએ તેની બાજુમાં નવો વર્સોવા બ્રિજ બનાવીને ટ્રાફિક માટે ખુલ્લો મૂક્યો છે.બ્રિજ ખુલ્લો મુકાયા બાદ મુંબઈ ગુજરાત તરફનો ટ્રાફિક નવા બ્રિજ તરફ વાળવામાં આવ્યો હતો. જ્યારે જૂના વર્સોવા બ્રિજની બંને લેન થાણે તરફ જતા વાહનોની અવરજવર માટે ખુલ્લી મૂકવામાં આવી છે. પરંતુ સત્તાવાળાઓ આ જૂના પુલની જાળવણીમાં બેદરકારી દાખવી રહ્યા છે. આ પુલ પર વિવિધ જગ્યાએ મોટા ખાડાઓ પડી ગયા છે, જેને કારણે વાહનચાલકોને ભારે હાલાકી ભોગવવી પડે છે. ■

# ભારે પોલીસ બંદોબસ્ત વચ્ચે ૩૭ હજારથી વધુ મૂર્તિઓનું વિસર્જન

મુંબઈઃ ગણેશભક્તોએ ગણેશોત્સવ તહેવારની સમાપ્તિ સાથે બુધવાર સવાર સુધીમાં ભગવાન ગણેશ અને દેવી ગૌરીની ૩૭ હજારથી વધુ મૂર્તિઓનું સમગ્ર મુંબઈના દરિયામાં વિસર્જન કરવામાં આવ્યું હતું. ગણપતિની મૂર્તિઓનું વિસર્જન કૃત્રિમ તળાવો તેમ જ ગિરગાંવ, દાદર, જુહૂ, માર્વે અને આક્સા બીચ સહિત અન્ય સ્થળોએ ભારે પોલીસ બંદોબસ્ત વચ્ચે કરવામાં આવ્યું હતું.

ગણેશ ઉત્સવના છેલ્લા દિવસે મંગળવારે (૧૭મી સપ્ટેમ્બર) સવારથી શરૂ થયેલા વિસર્જનનું સરઘસ આખી રાત સુધી ચાલ્યું હતું. મૂર્તિઓના વિસર્જન માટે ભક્તો શહેરના દરિયાકિનારા, તળાવો અને કૃત્રિમ તળાવો પર ઊમટી પડ્યા હતા.

મુંબઈના સૌથી પ્રખ્યાત અને લાખો લોકોને આકર્ષિત કરતા લાલબાગચા રાજાનું બુધવારે સવારે સાડાદસ વાગ્યે દક્ષિણ મુંબઈમાં ગિરગાંવ બીચ પર વિસર્જન કરવામાં આવ્યું હતું. આ સમયે મોટી માત્રામાં ભક્તો દર્શન કરવા માટે ઊમટી પડ્યા હતા.

મુંબઈ આખાના દરિયાકિનારે ભગવાન ગણેશ અને દેવી ગૌરીની કુલ ૩૭૦૬૪ મૂર્તિઓનું વિસર્જન કરવામાં આવ્યું હતું. જેમાં સાર્વજનિકની ૫૭૬૨ મૂર્તિઓનો સમાવેશ થાય છે. આખા શહેરમાં અનેક કૃત્રિમ તળાવો ઊભાં કરવામાં આવ્યાં હતાં, જ્યાં કુલ ૧૧,૭૧૩ મૂર્તિઓનું કૃત્રિમ રીતે વિસર્જન કરવામાં આવ્યું હતું, એવું પાલિકાના અધિકારીએ જણાવ્યું હતું.

વિસર્જન સમયે કોઇ પણ અગવડતા ન થાય અને સરઘસ સલામત સ્થળે પહોંચી શકે એ માટે પાલિકાએ હજારો કર્મચારીઓ, લાઈફગાર્ડસ અને ઈમરજન્સી સેવાઓને તહેનાત કરીને ઝીણવટભરી વ્યવસ્થા કરી હતી. સુરક્ષા અને ભીડના વ્યવસ્થાપન માટે ૨૪ હજારથી વધુ પોલીસને તહેનાત કરવામાં આવ્યા હતા. આમાં અનામત પોલીસ દળ (આરપીએફ), ક્વિક રિસ્પોન્સ ટીમ (ક્યુઆરટી), રાયોટ કંટ્રોલ પોલીસ (આરસીપી) અને મહારાષ્ટ્ર સુરક્ષા દળ (એમએસએફ)નો સમાવેશ કરવામાં આવ્યો હતો. ગણેશોત્સવ ૭મી સપ્ટેમ્બર શરૂ થયો હતો અને ૧૭મી સપ્ટેમ્બરે સમાપ્ત થયો હતો. (પીટીઆઈ) ■

જીવનમાં કદી ન વાંચેલો, કદી ન સાંભળેલો, કદી ન જાણેલો મંત્ર, અંતિમ ક્ષણોમાં શું કોઈને જીવનદાન આપી શકે?

મંત્રોની ઊર્જાનો પ્રત્યક્ષ અનુભવ થશે, ૨૯મી સપ્ટેમ્બર, ૨૦૨૪ના પરમધામ સાધના સંકુલના પ્રાંગણે ઉજવાતા 'માનવતા મંત્રોત્સવમાં'

માત્ર ૨૨ વર્ષની યુવા વય અને માત્ર ૧ જ વર્ષનો સંયમ પર્યાય અને અચાનક કર્મના ઉદયે મારણાંતિક ઉપસર્ગ આવે...

આવા કપરા સમયે જ્યાં એક બાજુ કેટ કેટલીય લોહીની ઊલટીઓ થતી હોય, અશાતાનો પાર ન હોય અને બીજી બાજુ અનેકાનેક સંઘ શ્રેષ્ઠિવર્યો, ડૉક્ટર્સ આદિ ઉપસ્થિત હોય, શું કરવું - શું ન કરવું અનેક વિટંબણાઓ હોય પરંતુ આ કટોકટીની ક્ષણે એ યુવા મુનિ તો પોતાની આત્મ મસ્તીમાં મસ્ત, નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરતા હોય અને એવા જ સમયે મુખકમલમાંથી અચાનક સરે, નમો અરિહંતાણ.. નમો સિદ્ધાણં.. નમો આયરિયાણં.. ઉવસગ્ગહરં પાસં પાસં વંદામિ..ફરી નમસ્કાર મંત્ર બોલવાનો પ્રયત્ન કરે પણ તે પૂરો થાય એની પહેલા ફરી ઉવસગ્ગહરં પાસં પાસં વંદામિ કમ્મઘણમુક્કમ્.. મુખથી સરવા લાગે. વારંવાર આવું થવા લાગ્યું, એક મંત્રનું રટણ કરતા કરતા અન્ય કોઈ દિવ્ય શબ્દોનું ઉચ્ચારણ થવા લાગ્યું અને થોડા જ સમયમાં તે શબ્દો સ્પષ્ટ અને લયબદ્ધરૂપે પ્રગટ થવા લાગ્યા. કદી ન વાંચેલા, કદી ન સાંભળેલા, કદી ન જાણેલા મંત્રનું રટણ તે યુવા મુનિ અજાણતામાં વારંવાર કરવા લાગ્યા. અને તે રટણથી જાણે કે દેહમાં એક અલગ શક્તિનો સંચાર થવા લાગ્યો. જ્યારે સર્વ ડૉક્ટર્સે કહી દીધું હતું કે હવે મૃત્યુને વાર નથી ત્યારે કદી ન વાંચેલો મંત્ર તે યુવા મુનિને જાણે નવજીવન આપી રહ્યો હતો. વિશેષ ઊર્જા ધરાવતો તે દિવ્ય મંત્ર એટલે જૈનોના ૨૩માં તીર્થંકર પ્રભુ પાર્શ્વનાથની ઉત્કૃષ્ટ સ્તુતિ શ્રી ઉવ્વસગ્ગહરં સ્તોત્ર!



૨૧ ફેબ્રુઆરી,૧૯૯૨ની તે ક્ષણે જે મંત્રએ તે મુનિને શ્વાસ પ્રદાન કર્યા હતા તે મંત્ર જ તે ક્ષણથી આજ દિવસ સુધી જાણે તેમનો શ્વાસ બની ગયા. આટલા વર્ષોથી સતત તે મંત્રના અજપા જાપ કરનાર તે સંત એટલે વર્તમાનના મંત્ર માનવ, જૈન ગુરુ રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ! આવા મહાપુરુષનો જન્મોત્સવ એટલે સામાન્ય વ્યક્તિ માટે સાક્ષાત્ મંત્રઊર્જાનો અનુભવ કરવાનો ઉત્સવ! આગામી ૨૯મી સપ્ટેમ્બર,૨૦૨૪ના પરમધામના પ્રાંગણે સાંજે ૬ કલાકે રાષ્ટ્રસંત પરમ ગુરુદેવનો ૫૪મો જન્મોત્સવ - માનવતા મંત્રોત્સવ ઉજવાશે.

એ મંત્ર ઊર્જાનો અદભૂત અનુભવ વર્ષમાં માત્ર એક જ વાર ઉજવાતા આ મહોત્સવમાં પરમ ગુરુદેવના બ્રહ્મનાદે, વિશિષ્ટ પ્રકારના આરોહ-અવરોહ અને અનેક પ્રકારની દિવ્ય મુદ્રાઓ સાથે શ્રી ઉવ્વસગ્ગહરં સ્તોત્રની વિશિષ્ટ જપ સાધનામાં થાય છે. છેલ્લા ઘણાં વર્ષોમાં આ દિવ્ય સાધનાનો લાભ લાખો ભાવિકોએ લીધો છે અને ત્યાર બાદ આ જપ સાધના અવસરનો ઉપકાર વ્યક્ત કરતાં અનેક ભાવિકોએ જણાવેલ છે કે, આવા શ્રી ઉવ્વસગ્ગહરં સ્તોત્રથી તેમની આધિ, વ્યાધિ અને ઉપાધિઓ શાંત થઇ છે.

ઉલ્લેખનીય છે કે, ભલે માનવતા મહોત્સવ કાર્યક્રમ ઉજવાશે પરમધામના આંગણે, પણ લાખો જીવોની શાતા અને સમાધિના સ્પંદનો અનુભવાશે સર્વત્ર, કારણ કે પરમ ગુરુદેવ એટલે મંત્ર માનવ સાથે માનવતાના મસીહા! મારા સુખમાં સહુનો ભાગ- પરમ ગુરુદેવનો જીવન મંત્ર હવે હજારો યુવાનો સહ લાખો ભક્તોનો પણ જીવન મંત્ર બની ગયો છે. અને માટે જ, અસહાય, અબોલ, પીડિત, લાચાર એવા લાખો પશુ-પક્ષીઓ અને હજારો જરૂરિયાતમંદ લોકોની વેદનાને જાણીને, સમજીને તેનું નિવારણ કરતા અનેકવિધ પ્રકલ્પો દેશ-વિદેશમાં પરમ ગુરુદેવની પ્રેરણાથી ચાલી રહ્યા છે. અને આ માનવતાના સત્કાર્યોની શૃંખલામાં હજી એક ઉમેરો થશે જ્યારે ૨૯ના અર્પણ થશે હજી એક માનવતાનો પ્રકલ્પ!

એ સાથે જ, માનવતા મહોત્સવ માટે સવારથી પધારેલ ભાવિકોને મહોત્સવ સાથે પરમધામના પ્રાંગણે આયોજિત ૫૦,૦૦૦ સ્ક્વેર ફીટના વિશાળ વિસ્તારમાં સ્થિત મોર્ડન ટેકનોલોજીના સમન્વયથી નિર્મિત ભવ્ય 'લુક એંડ લર્ન- કર્મ એક્ઝિબિશન'ની મુલાકાત લેવાનો અમૂલ્ય લ્હાવો પણ પ્રાપ્ત થઇ શકશે.

માનવતાના સત્કાર્યોની અનુમોદના કરવા, દિવ્ય મંત્ર સાધનાની ઊર્જાનો અનુભવ કરવા અને કર્મ એક્ઝિબિશનની મુલાકાત લઈ કર્મ રહસ્યોને સમજવા ઇચ્છુક દરેક ધર્મપ્રેમી ભાવિકોની પરમધામ સાધના સંકુલમાં ત્રણેય સમયના ભોજનની વ્યવસ્થા, સમગ્ર ચાતુર્માસનો લાભ લેનાર પુણ્યવાન પરિવાર માતુશ્રી કંચનબેન રમણીકલાલ શેઠ પરિવાર દ્વારા કરવામાં આવશે.

મુંબઈથી માનવતા મહોત્સવમાં જોડાવા ઇચ્છુક ભાવિકો માટે નોંધ

★ પારસધામ (ઘાટકોપર), પાવનધામ (કાંદિવલી) અથવા નજીકના સંઘોથી પાસ લેવા અનિવાર્ય રહેશે.
★ વિશેષ રૂપે, તે ભાવિકો માટે ઘાટકોપર, કાંદિવલી, દાદર, પાર્લા, બોરીવલી, મલાડ, અંધેરી, તારદેવ, વસઇ આ બધા સ્થાનોથી બસની વ્યવસ્થા કરવામાં આવેલ છે. બસની વ્યવસ્થા અર્થે અગાઉથી આપનું નામ આપના નજીકના સંઘમાં નોંધ કરાવવા વિનંતી.

સ્થાનઃ પરમધામ સાધના સંકુલ વાલકસ ગામ, મુંબઈ નાશિક હાઈવે, તાલુકો કલ્યાણ, જીલ્લો થાણે મહારાષ્ટ્ર.

વધુ વિગત માટે સંપર્કઃ +૯૧ ૭૩૦૩૦૦૦૬૬૬ રહેવાની વ્યવસ્થા માટે +૯૧ ૭૩૦૩૦૦૦૪૪૪

# ઘાટકોપરમાં વિસર્જનના દિવસે જૂનું વેર વાળ્યું: યુવકની હત્યા કરાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ગણેશ વિસર્જનને દિવસે જ ઘાટકોપરમાં જૂની અદાવતને પગલે તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી યુવકની હત્યા કરવામાં આવી હોવાની ઘટના બનતાં ક્રાઈમ બ્રાન્ચે ચાર શકમંદને પકડી પાડ્યા હતા.

ક્રાઈમ બ્રાન્ચ યુનિટ-૭ના અધિકારીઓએ પકડી પાડેલા આરોપીઓની ઓળખ તૌસિફ યાકુબ અન્સારી (૨૫), કરણ ગણેશ શિંદે (૨૬), નિખિલ કલ્યાણ કાંબળે (૧૯) અને રોશન નરેન્દ્ર શિરમુલ્લા (૨૬) તરીકે થઈ હતી. વધુ તપાસ માટે આરોપીઓને ઘાટકોપર પોલીસના તાબામાં સોંપાયા હતા.

પોલીસના જણાવ્યા મુજબ ઘટના મંગળવારની સાંજે ૭.૩૦ વાગ્યાની આસપાસ ઘાટકોપર પશ્ચિમમાં ભટવાડી સ્થિત રામજી નગર કેબલ ઑફિસ પાસે બની હતી. એ જ પરિસરમાં રહેતા પરેશ સંજય ગોંટલ (૨૮) અને તેના ભાઈ પ્રથમેશ પર હુમલો કરવામાં આવ્યો હતો. તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકવામાં આવતાં લોહીલુહાણ હાલતમાં બન્નેને રાજાવાડી હૉસ્પિટલમાં લઈ જવાયા હતા, જ્યાં તબીબે પરેશને મૃત જાહેર કર્યો હતો.

ગણપતિ વિસર્જનને દિવસે જ બનેલી આ ઘટનાથી સંબંધિત વિસ્તારમાં ટેન્શનનો માહોલ ઊભો થયો હતો. પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરી ઘટનાસ્થળે સુરક્ષાવ્યવસ્થા ગોઠવી દીધી હતી. ક્રાઈમ બ્રાન્ચના અધિકારીઓ પણ ઘટનાસ્થળે દોડી ગયા હતા.

અધિકારીના જણાવ્યા મુજબ આરોપી અન્સારીને ઘાટકોપરમાંથી અને તેણે આપેલી માહિતી પરથી અન્ય ત્રણ આરોપીને સાકીનાકા પરિસરમાંથી પકડી પાડવામાં આવ્યા હતા. ■

# યાદોં કી ગીતમાલાઃ-



મુંબઈઃ સંગીતના અને દીપક કાપડિયાના ચાહકો જેની આતુરતાપૂર્વક રાહ જોઈ બેઠા હોય એવા યાદોં કી ગીતમાલાની અસંખ્ય સિરીઝ દીપક કાપડિયા તેના બેનર હેઠળ રજૂ કરી ચૂક્યા છે.

દરેક વખતે સંગીતના ચાહકો માટે એક-એકથી બહેતરીન ગીતોના સિલેક્શન સાથે ખૂબ જ રિસર્ચ કરીને તૈયાર થતો આ કાર્યક્રમ દીપક કાપડિયા એનાન્સસમેન્ટ કરે કે તરત જ હાઉસફૂલના પાટિયા ઝુલવા માંડે, તેના ચાહકો ટિકિટ માટે પડાપડી કરવા માંડે. આ વખતે પણ એક અનોખો કોન્સેપ્ટ સાથે તેમનો આગામી કાર્યક્રમ આ શુક્રવાર તા. ૨૦મી સપ્ટેમ્બરે સાંજે ૭ કલાકે નહેરુ ઓડિટોરિયમ-વર્લી ખાતે યોજાયેલ છે.

દર વખતની જેમ જ સંગીત દુનિયાના સુપ્રસિદ્ધ ગાયકો અનિલ બાજપઈ, મુખ્તાર શાહ, શૈલેજા સુબ્રહ્મણ્યિમ, આલોક કાટદરે તેનાં સુમધુર કંઠે ફરી ચાર ચાંદ લગાડશે.

આ કાર્યક્રમનું સંચાલન પ્રશાંત રાવ અને સંગીત સંચાલન અજય મદનની સંપૂર્ણ ટીમ દ્વારા રજૂ થશે. ■

# થાણેના કમર્શિયલ બિલ્ડિંગમાં આગ: ૧૦ દર્દીને બચાવી લેવાયા

થાણેઃ થાણેમાં આવેલી એક ૧૬ માળની ઇમારતના ૧૧મા માળે આગ ફાટી નીકળતા અહીંની આંખની ક્લિનિકમાં સારવાર લઇ રહેલા નવ જણ તથા ફર્ટિલિટી સેન્ટરમાં એક જણ એમ કુલ ૧૦ દર્દીને બચાવી લેવાયા હતા, એમ સૂત્રોએ બુધવારે જણાવ્યું હતું.


મંગળવારે રાત્રે ૧૧ કલાકે આગ લાગી હતી અને તેના પર કાબૂ મેળવતા પાંચ કલાકનો સમય લાગ્યો હતો, એમ થાણે પાલિકાના રિજનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલના વડા યાસિન તડવીએ જણાવ્યું હતું.

શહેરના ખોપત વિસ્તારના કેડબરી જંકશન ખાતેની કમર્શિયલ બિલ્ડિંગના ૧૧મા માળે આવેલા એક ટ્રસ્ટની ઓફિસમાં આગ લાગી હતી. આગને કારણે સંપૂર્ણ બિલ્ડિંગમાં ધુમાડો ફરી વળ્યો હતો.

આગની જાણ થતા અગ્નિશમન દળ, આરડીએમસી અને થાણે ડિસ્ટ્રિક્ટ રેસ્ક્યુ ફોર્સ (ટીડીઆરએફ)ની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. સાતમા માળે આવેલી આંખની ક્લિનિકમાં દાખલ નવ દર્દી અને ફર્ટિલિટી સેન્ટરમાં દાખલ એક દર્દીને બચાવી લેવાયા હતા. રાતના સમયે આગ લાગી હતી અને તમામ ઓફિસો બંધ હોવાથી આગ બુઝાવવામાં મુશ્કેલી નડી હતી. સવારે ચાર વાગ્યા સુધી આગ બુઝાવવાનું કામ ચાલ્યું હતું, એમ સૂત્રોએ જણાવ્યું હતું. ■

# ગણેશ દર્શન

**ગણેશોત્સવમાં વિવિધ થીમ સાથેની સજાવટ સાથે ગણપતિ બાપ્પાની પધરામણી કરાઈ છે. 'મુંબઈ સમાચાર' દર વર્ષની જેમ આ વર્ષે પણ આવા સરસ-સરસ મૂર્તિઓના દર્શનનો લાભ આપશે તેના વાચકોને.**


પિંકીબેન વિપુલ ત્રિવેદી, ઘાટકોપર પૂર્વ


સાવિત્રીબેન દિનેશ ભાનુશાલી, ઘાટકોપર પૂર્વ



પ્રજ્ઞાબેન બિમલ ભાયાણી, ઘાટકોપર પૂર્વ


ભવ્ય ઠક્કર, મુલુંડ


ભૂમિ અને પરમ શૈલેશ ખિમસરીયા, મુલુંડ


સિનેમા રોડ મિત્ર મંડળ


ઉર્મિલ અને શિવમ નયન ચોટાણી, મુલુંડ


રમેશ પટેલ, મીરા રોડ


શ્રીનાથ વિપુલ ગાંધી


મિલન શોપિંગ સેન્ટર ચા મહારાજા, ઘાટકોપર


બેરેક રોડ મિત્ર મંડળ


જિતેન્દ્ર કાનજી ભાનુશાલી, ઘાટકોપર


તર્પણ એસ. કાપડિયા


મિલિંદ જયંત પરબ અને પરિવાર, ડોંબિવલી

## સિટી ન્યૂઝ

# રાહુલ ગાંધીની જીભે ડામ આપોઃ ભાજપના સાંસદ

### અનિલ બોંર્ડેએ કરી વિવાદાસ્પદ ટિપ્પણી

અમરાવતીઃ અનામત અંગે કૉંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ કરેલી ટિપ્પણી 'ખતરનાક' હોવાથી તેમની જીભ પર ડામ દેવા જોઈએ, એમ ભારતીય જનતા પક્ષના રાજ્યસભાના સભ્ય અનિલ બોંર્ડેએ જણાવ્યું છે.

મંગળવારે કરવામાં આવેલી બોંર્ડની ટિપ્પણીને પગલે વિરોધી પક્ષોએ ટીકા કરી હતી. શિવસેનાના બુલઢાણાના ધારાસભ્ય સંજય ગાયકવાડે અનામત પ્રથાને રદ કરવાની ટિપ્પણી કરવા બદલ રાહુલ ગાંધીની જીભ કાપી લાવનારને ૧૧ લાખ રૂપિયાનું ઈનામ આપવાની જાહેરાત કરીને વિવાદ શરૂ કર્યો હોવાના પગલે આ પ્રતિક્રિયા આવી છે. અમેરિકાની તાજેતરની મુલાકાત દરમિયાન રાહુલ ગાંધીએ જ્યોર્જટાઉન યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને કહ્યું હતું કે 'જ્યારે ભારતમાં બધાને સમાન તક મળશે ત્યારે કૉંગ્રેસ અનામતને રદ કરવાનું વિચારશે.' અત્યારે બધાને સમાન તક નથી મળી રહી એમ પણ તેમણે જણાવ્યું હતું.'

રાહુલ ગાંધીની જીભ કાપવાના ગાયકવાડના નિવેદન પર પ્રતિક્રિયા આપતા ભાજપના નેતા બોંડેએ મંગળવારે મહારાષ્ટ્રના અમરાવતી શહેરમાં કહ્યું હતું કે 'જીભ કાપવાની વાત યોગ્ય નથી, પરંતુ રાહુલજીએ અનામત વિરુદ્ધ જે કહ્યું તે ખતરનાક છે. વિદેશની ધરતી પર જો કોઈપણ વ્યક્તિ બકવાસ કરે તો એની જીભ કાપી નાખવાને બદલે એની જીભે ડામ દેવા જોઈએ. અનિલ બોંર્ડેની ટિપ્પણીનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા બાદ વિરોધ પક્ષો દ્વારા એની આકરી ટીકા કરવામાં આવી હતી. બોંર્ડેને તેમના પક્ષ ભાજપનું સમર્થન નથી મળ્યું.

### બોંર્ડે સામે એફઆઈઆર

કૉંગ્રેસી નેતા રાહુલ ગાંધી સામે વિવાદાસ્પદ ટિપ્પણી કરીને કોમી રમખાણો કરાવવાના ઇરાદા સંબંધિત આરોપો હેઠળ ભાજપના રાજ્યસભાના સભ્ય અનિલ બોંડે સામે એફઆઇઆર નોંધાવવામાં આવ્યો હતો.

કૉંગ્રેસી નેતા અમરાવતીના સાંસદ બળવંત વાનખેડે, વિધાનસભ્ય યશોમતી ઠાકુર, ભૂતપૂર્વ પ્રધાન સુનીલ દેશમુખ અને અન્ય નેતાઓ દ્વારા શહેરના પોલીસ કમિશનરના કાર્યાલયે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યા બાદ બોંર્ડે સામે એફઆઇઆર નોંધવામાં આવ્યો હતો. ■

# રાહુલ ગાંધીના જીવ સામે જોખમઃ રાઉત

મુંબઈઃ રાહુલ ગાંધી વિરુદ્ધ કાવતરું અને તેમના જીવને જોખમ હોવાનો આક્ષેપ શિવસેના (યુબીટી)ના પ્રવક્તા સંજય રાઉતે કર્યો હતો. તેમણે કોંગ્રેસ નેતા વિરુદ્ધ ભાજપ-શિવસેનાના વિધાનસભ્યો દ્વારા કરવામાં આવેલી ટિપ્પણીની નિંદા કરી હતી.

સંજય રાઉતે પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે ગાંધી વિરુદ્ધ શાસક પક્ષોના નેતાઓ દ્વારા કરવામાં આવેલી ટિપ્પણી પછી વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહ કેમ મૌન છે.

દિલ્હી, લખનઊ અને મહારાષ્ટ્રના લોકો એ જ ભાષા બોલે છે કે તેઓ (ગાંધી) તેમનાં દાદી (ઈન્દિરા ગાંધી) તેમ જ તેમના પિતા (રાજીવ ગાંધી) જેવા જ ભાવિને જોવા માગે છે. (પીટીઆઈ) ■

# મારા કાર્યક્રમમાં કૉંગ્રેસી શ્વાન દેખાશે તો તેને હું દફનાવી દઈશઃ સંજય ગાયકવાડ

મુંબઈઃ વધુ એક ઉશ્કેરણીજનક નિવેદન આપતા એકનાથ શિંદેની શિવસેનાના વિધાનસભ્ય સંજય ગાયકવાડે ધમકી આપી હતી કે તેમના કાર્યક્રમમાં દાખલ થનાર કૉંગ્રેસી શ્વાનને દફનાવી દેવામાં આવશે.

સોમવારે બુલઢાણાના વિધાનસભ્ય ગાયકવાડે નિવેદન આપ્યું હતું કે અનામતનો વિરોધ કરનાર રાહુલ ગાંધીની જીભના જે કોઇ ટુકડા કરશે તેને ૧૧ લાખ રૂપિયાનું ઇનામ આપવામાં આવશે. આવા નિવેદન બાદ હવે આ નવો વિવાદ ઊભો સંજય ગાયકવાડે કર્યો છે. ■

# એકનાથ શિંદેની ફિલ્મ પછી, હવે મરાઠી નાટક

મુંબઈઃ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ જૂન ૨૦૨૨માં શિવસેના પક્ષમાં મોટો બળવો શરૂ કર્યો હતો. પાર્ટીના ૪૦ વિધાનસભ્યોને પોતાની સાથે લઈને તેમણે અલગ ચોકો માંડ્યો હતો. તેમણે ખરી શિવસેના હોવાનો દાવો કર્યો હતો અને બાદમાં ચૂંટણી પંચ અને સુપ્રીમ કોર્ટે પણ તેમના જૂથને અસલી શિવસેના તરીકે માન્યતા આપી હતી. તેમજ આ પાર્ટીએ ભાજપ સાથે ગઠબંધન કરીને રાજ્યમાં સત્તા સ્થાપી હતી. ત્યારથી એકનાથ શિંદે રાજ્યના મુખ્યમંત્રી તરીકે ફરજ બજાવી રહ્યા છે. દરમિયાન, મહારાષ્ટ્રમાં આ સત્તા સંઘર્ષ ટૂંક સમયમાં કમર્શિયલ સ્ટેજ પર જોવા મળશે. એકનાથ શિંદેની રાજકીય કારકિર્દી પર આધારિત નવું એક નાટક હવે થિયેટરોમાં આવી રહ્યું છે. કહેવાય છે કે આ નાટકમાં અભિનેતા સંગ્રામ સમેળ મુખ્ય ભૂમિકા ભજવશે.આ નાટક દ્વારા કઈ કઈ રાજકીય ઘટનાઓ જોવા મળશે? પડદા પાછળની કઈ ઘટનાઓ બહાર આવશે? શિંદેના વિદ્રોહ વિશે આ નાટકમાં શું જોવા મળશે? દરેક વ્યક્તિ આ બધી વિગતો જાણવા માટે ઉત્સુક છે. આ નાટકનું નામ નમલા કાહી સાંગાયચંય (મારે કંઈક કહેવું છે) – એકનાથ સંભાજી શિંદેથ રાખવામાં આવ્યું છે અને તે એક પાત્રી નાટક છે. પ્રોફેસર, ડૉ. પ્રદીપ ધવલેએ આ નાટક લખ્યું છે. વરિષ્ઠ કલાકાર અશોક સમેળ અને અભિનેતા સંગ્રામ સમેળ આ નાટક રજૂ કરશે. પ્રેરણા કલા સંસ્થાએ આ નાટકનું નિર્માણ કર્યું છે. આ નાટક હવે સેન્સર બોર્ડને મોકલવામાં આવ્યું છે. સેન્સર તરફથી મંજૂરી મળ્યા બાદ આ નાટક થિયેટરોમાં જોવા મળશે. ■


**કામ ઉમદા...** ગણપતિ વિસર્જન બાદ મુંબઈના તમામ દરિયા કિનારે કચરાના ઢગલા થઈ ગયા હતા તેને દૂર કરવાની જવાબદારી નાગરિકોની પણ છે. તસવીરમાં વર્સોવા બીચ પર સ્વંયસેવકો દ્વારા હાથ ધરાયેલી સ્વચ્છતા ઝુંબેશ જોઈ શકાય છે. (એજન્સી)

# રશ્મિ ઠાકરે કે સુપ્રિયા સુળે બની શકે છે મુખ્ય પ્રધાન

### આમ કહ્યું કૉંગ્રેસનાં સાંસદ વર્ષા ગાયકવાડેઃ લોકસભામાં 30 બેઠક એટલે રાજ્યમાં એમવીએની સત્તા એવો દાવો

મુંબઈઃ લોકસભાની ચૂંટણીમાં રાજ્યમાં મહાવિકાસ આઘાડીના ૩૦ ઉમેદવારો વિજયી થયા છે. અને તેથી મહારાષ્ટ્રની આગામી વિધાનસભાની ચૂંટણીઓ અમે જ જીતીશું એવો વિશ્વાસ કૉંગ્રેસના મુંબઈ અધ્યક્ષ વર્ષા ગાયકવાડે બુધવારે વ્યક્ત કર્યો હતો. અહીં ઉલ્લેખનીય છે કે થોડા દિવસ પહેલાં ઉદ્ધવ ઠાકરેએ એવી માગણી કરી હતી કે રાજ્ય વિધાનસભાની ચૂંટણી માટે મુખ્ય પ્રધાનપદનો ચહેરો જાહેર કરવો, પરંતુ હવે આ માગણી પડતી મૂકવામાં આવી છે. આ બધાની વચ્ચે શહેરનાં મહિલા સાંસદ વર્ષા ગાયકવાડે જણાવ્યું હતું કે સુપ્રિયા સુળે અથવા તો રશ્મી ઠાકરે મુખ્ય પ્રધાન બની શકે છે. ■

### રશ્મી ઠાકરેનું નામ ન લાવોઃ કિશોરી પેડણેકર

શિવસેના (યુબીટી)ના નેતા અને ભૂતપૂર્વ મેયર કિશોરી પેડણેકરે કહ્યું હતું કે રશ્મી ઠાકરે (શિવસેના-યુબીટીના અધ્યક્ષ ઉદ્ધવ ઠાકરેના પત્ની)એ ક્યારેય રાજકારણમાં રસ દાખવ્યો નથી. તેથી તેમના નામની રાજકીય ચર્ચા કરવી નહીં. રાજ્યમાં મહિલા મુખ્ય પ્રધાન મળવી જોઈએ, પરંતુ તેમાં રશ્મી ઠાકરેનું નામ આવવું જોઈએ નહીં. કૉંગ્રેસનાં નેતા વર્ષા ગાયકવાડે રશ્મી ઠાકરે મુખ્ય પ્રધાન બની શકે એવી શક્યતા વ્યક્ત કરી તેના પર કિશોરી પેડણેકરે ઉપરોક્ત નિવેદન કર્યું હતું. ■

# ઉમેદવારોની પસંદગીમાં કૉંગ્રેસની તારીખ પે તારીખથી ઉદ્ધવ-સેના પરેશાન

મુંબઈઃ શિવસેના (યુબીટી)ના સાંસદ સંજય રાઉતે બુધવારે મહારાષ્ટ્રના કૉંગ્રેસના નેતાઓ પર મહાવિકાસ આઘાડીની મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીઓ માટેની બેઠકોની વહેંચણીમાં વિલંબ કરવાનો આરોપ લગાવ્યો હતો. સંજય રાઉતે કહ્યું હતું કે મહાવિકાસ આઘાડી જેના મુખ્ય ઘટકપક્ષો શિવસેના (યુબીટી), કૉંગ્રેસ અને એનસીપી (એસપી) છે તેની બેઠક બુધવારે મુંબઈમાં થવાની છે, જેમાં બેઠકોની વહેંચણી આડેના કેટલાક મહત્ત્વના મુદ્દાઓ પર નિરાકરણ લાવવાનું છે. વિધાનસભાની ચૂંટણીઓ નવેમ્બર મહિનામાં થવાની શક્યતા છે.

કૉંગ્રેસ આજકાલ ઘણી વ્યસ્ત છે, આમ છતાં અમે તેમને વાટાઘાટોનો અંત લાવવા માટે વાત કરી છે. અમે કૉંગ્રેસના નેતાઓને પણ આમંત્રણ આપ્યું છે. તેઓ એટલા બધા વ્યસ્ત છે કે ત્યાંથી રોજ તારીખ પે તારીખ મળી રહી છે. આથી અમે એવું નક્કી કર્યું છે કે આગામી ત્રણ દિવસ માટે અમે સાથે જ બેસીશું, એમ રાઉતે જણાવ્યું હતું. તેમણે એવી માહિતી આપી હતી કે બુધવારથી શુક્રવાર સુધી બેઠકોનો દોર ચાલશે. બેઠકોમાં સીટ-શેરિંગ પર ચર્ચા કરવામાં આવશે. મુંબઈમાં વત્તા-ઓછા પ્રમાણમાં ચર્ચા થઈ ગઈ છે. હવે મહારાષ્ટ્રમાં પ્રદેશ આધારિત ચર્ચાઓ કરવાની બાકી છે. (પીટીઆઈ) ■

# નવાબ મલિકના જમાઈ કાર અકસ્માતમાં ગંભીર રીતે ઘાયલ

મુંબઇઃ ભૂતપૂર્વ પ્રધાન નવાબ મલિકના જમાઈ, સમીર ખાનનો ભયંકર અકસ્માત થયો છે. અકસ્માતમાં સમીર ખાન ગંભીર રીતે ઘાયલ થયા હોવાના સમાચાર જાણવા મળ્યા છે. ખાનને માથામાં ઈજા થઈ છે. અકસ્માત સમયે નવાબ મલિકની પુત્રી અને ખાનની પત્ની નિલોફર પણ કારમાં હતી. તેના હાથ પર પણ ઈજા થઈ હોવાના અહેવાલ છે.

એમ માનવામાં આવી રહ્યું છે કે કાર ચલાવતી વખતે ડ્રાઈવરનો પગ બ્રેકની જગ્યાએ એક્સીલેટર પર પડ્યો હતો, જેને કારણે આ અકસ્માત થયો હતો. આ કેસમાં પોલીસે ડ્રાઈવરની અટકાયત કરી છે અને તેની સામે ગુનો નોંધવામાં આવ્યો છે.

મળતી માહિતી મુજબ નવાબ મલિકની પુત્રી નિલોફર અને જમાઈ સમીર ખાન બંને તેમના ઘરની નજીક આવેલી ક્રિટી કેર હૉસ્પિટલમાં નિયમિત ચેકઅપ માટે ગયા હતા.ચેકઅપ બાદ બંને હૉસ્પિટલની બહાર આવ્યા હતા અને સમીર ખાને ડ્રાઈવરને ફોન કરીને કાર લાવવા કહ્યું હતું, પરંતુ કાર લાવતી વખતે ડ્રાઈવરનો પગ બ્રેકને બદલે એક્સીલેટર પર આવી ગયો અને કારે સમીર ખાનને ટક્કર મારી દીધી હતી, જેમાં સમીર ખાનને માથામાં ગંભીર ઈજા થઈ હતી. ■

# લાડકી

કવર સ્ટોરી

કવિતા યાજ્ઞિક
feedback.ladki@
bombaysamachar.com

## સારિકા એ.કે : ‘અક્ષમ’ નહીં અલગ રીતે ‘સક્ષમ’ છું હું!

**સેરેબ્રલ પાલ્સીથી પીડિત હોવા છતાં ‘યુપીએસસી’ જેવી અઘરી પરીક્ષા પાર કરનારી કેરળની આ લાડકીને ઓળખી લો...**

**પ્રસિદ્ધ** કવિ ગની દહીંવાળાના શબ્દો છે :

‘બને એવું, સમસ્યાઓને પણ વિસ્મય થવા લાગે,
કશું અંધારમાં ઊગે, ને સૂર્યોદય થવા લાગે.! ’

આજે દેશની એવી લાડકીની વાત કરવી છે, જેણે જીવનનો એવો જંગ જીતીને સફળતા મેળવી છે કે સમસ્યાને પણ આશ્ચર્ય ચકિત કરી દીધી. ખરેખર જિંદગીમાં વ્યાપેલા અંધકારને પોતાના અડગ નિશ્ચથી ચીરીને લક્ષ્યને પ્રાપ્ત કર્યું. એટલુંજ નહીં એની મહેનત અને સફળતા અનેક લોકો માટે પ્રેરણાનો સ્રોત છે.

આજકાલ આઈએએસ ટ્રેની ઓફિસર પૂજા ખેડકરનો વિવાદ ખૂબ ગાજ્યો છે. વિવાદ એ કે એનું દિવ્યાંગતાનું પ્રમાણપત્ર ખોટું છે કે સાચું?

આ વિવાદને કોરાણે મૂકીને એક એવી યુપીએસસી (યુનિયન પબ્લિક કમિશન) પરીક્ષાર્થીની વાત કરીએ, જે પોતાની ગંભીર દિવ્યાંગતાને અતિક્રમીને યુપીએસસી’ જેવી અઘરી એક્ઝામમાં ૯૨૨ ક્રમાંક મેળવીને પાસ થઇ. એ છે સારિકા એ. કે. કેરળની આ ૨૪ વર્ષીય સારિકા આ કડાકૂટવાળી પરીક્ષાની કઠોરતામાંથી જ પસાર થઈ નથી, પરંતુ એ સેરેબ્રલ પાલ્સી જેવી ગંભીર માંદગી હોવા છતાં એની ટ્ક્કર લઈને આ જંગ જીત્યો છે.

સેરેબ્રલ પાલ્સી એટલે માસ્તિષ્ક પક્ષઘાત. આ એક એવી વિકૃતિ છે જે સ્નાયુઓની હિલચાલ અને સંકલનને અસર કરે છે, જેનાં લક્ષણો વ્યક્તિ દીઠ અલાયદા હોય છે.

સારિકાના કિસ્સામાં એણે સ્વયં જણાવ્યા પ્રમાણે જન્મ સમયે જ એના પગ ક્રોસની સ્થિતિમાં હતા તેથી એની તાત્કાલિક સર્જરી કરવી પડી હતી. જન્મના છ મહિના પછી મુશ્કેલીઓ વધવા લાગી.

જે રીતનો બાળકનો વિકાસ થવો જોઈએ તેવો સારિકામાં થતો દેખાતો નહોતો. ડોકટરોએ સારિકામાં હલનચલન અને મસ્ક્યુલોસ્કેલેટલ સમસ્યાઓનું નિદાન કર્યું .આના કારણે અંગો અને સ્નાયોનું કુદરતી રીતે જે હલનચલન થવું જોઈએ એમાં ખામી વર્તાય છે. સારિકા માટે વધુ સર્જરીની ભલામણ કરવામાં આવી. પાંચ વર્ષની ઉંમરે એના પગની ઊંચાઈની વિસંગતતાને દૂર કરવા માટે એની હિપ સર્જરી થઈ. કમનસીબે, આ સર્જરી નિષ્ફળ નીવડી.પરિણામે સારિકાની સ્થિતિ વધુ વણસી. બસ,ત્યારથી સારિકા વ્હીલચેરના સહારે છે.

સારિકા એક સાધારણ પરિવારની દીકરી છે. એના પિતા શશી, કતારમાં ડ્રાઇવર છે અને માતા રાગિની ગૃહિણી છે. એક નાની બહેન પણ છે એટલે માતા સારિકાની સૌથી મોટી સપોર્ટ સિસ્ટમ રહી છે.

સારિકા કહે છે કે આજે પણ એની રોજિંદી જિંદગીમાં કોઈની મદદ લેવી પડે છે, જે એની માતા જ પૂરી પાડે છે. નાનપણથી એ યુવાન થઈ એ સમયગાળામાં સારિકાને ખૂબ માનસિક પીડા ભોગવવી પડી હતી, કેમકે એ બીજાં બાળકો જેવી ‘નોર્મલ’ નહોતી.આમ છતાં સારિકાએ દ્રઢ મનોબળ કેળવીને પોતે ‘અક્ષમ’, પણ બીજા કરતાં સાવ ભિન્ન- અલગ રીતે ‘સક્ષમ’ છે તે પુરવાર કરવાનું બીડું ઝડપ્યું.

પોસ્ટ-ગ્રેજ્યુએશન પછી સિવિલ સર્વિસિસના માર્ગ પર આગળ વધતી સારિકાની સફરમાં એની પ્રેરણા સ્રોત હતી પરંપરાગત ધોરણોને પડકારનારી જેસિકા કોક્સ, જે બંને હાથ ન હોવા છતાં એક લાઇસન્સ પ્રાપ્ત પાઈલટ બની હતી!

આ દરમિયાન એના એક શિક્ષકે ‘પ્રોજેક્ટ ચિત્રશલભમ’ (બટરફલાય) વિશે માહિતી મોકલી. ‘એબ્સોલ્યુટ આઈએએસ એકેડેમી’ દ્વારા આયોજિત આ પ્રોજેકટમાં વિવિધ રીતે વિકલાંગ લોકો માટે મફત સિવિલ સર્વિસ કોચિંગ માટે શિષ્યવૃત્તિ ઓફર કરે છે.. તેમાં સારિકાએ અરજી કરી અને પસંદગી પણ પામી. ‘યુપીએસસી’ માટે લાંબો સમય સુધી સતત અભ્યાસ કરવો પડે, પણ સારિકા માટે તો લાંબો સમય અભ્યાસની વાત તો દૂર, એ સતત બેસી પણ નહોતી શકતી. પીઠનો દુખવો થતાં એણે વચ્ચે વચ્ચે આરામ કરવો પડતો હતો. શાળાનાં વર્ષોથી લઈને કિશોરાવસ્થામાં સારિકા પાસે મેન્યુઅલ વ્હીલચેર હતી. માત્ર ગયા વર્ષે જ એને એક સ્વચાલિત વ્હીલચેર મળી, જેની મદદથી સારિકા વધુ સ્વતંત્ર બની શકી.

સિવિલ સર્વિસ પરીક્ષાના વિવિધ તબક્કાઓમાંથી પસાર થયેલી સારિકાની યાત્રા પડકારોથી મુક્ત નહોતી. પરીક્ષા કેન્દ્રોમાં આવવા-જવાની સમસ્યાથી માંડીને અઠવાડિયા સુધી ચાલતી મુખ્ય પરીક્ષાની કઠોરતાઓને પાર કરવા સુધી એણે દરેક અવરોધને પ્રશંસનીય ધૈર્ય સાથે ઓળંગી દેખાડ્યો. એના જમણા હાથની માત્ર ત્રણ આંગળી કાર્યરત છે,છતાં એણે એ ત્રણ આંગળીથી પરીક્ષાનાં પેપર્સ લખ્યા હતા !

દિલ્હીમાં આયોજિત નિર્ણાયક ઇન્ટરવ્યુના તબક્કા દરમિયાન સારિકાને પિતાનો ખૂબ મોટો સધિયારો હતો. એ પોતાનો જોબ છોડીને કતારથી ખાસ ભારત આવીને દીકરીના પીઠબળ બનીને ખડા રહ્યા.

‘યુપીએસસી’ જેવી કપરી પરીક્ષામાં ૯૨૨ ક્રમાંક મેળવીને સિવિલ સર્વન્ટ બનેલી સારિકાની એ વ્યક્તિગત સિદ્ધિ હોવા છતાં અન્ય માટે એ પ્રેરણાનો સ્રોત પણ છે. ભૌતિક પ્રતિકૂળતાઓ પર માનવીય દ્રઢ્તા સાથે સારિકાનો આ વિજય અસંખ્ય દિવ્યાંગો માટે પથદર્શક સમાન છે. (સંપૂર્ણ) ■


સારિકા એ.કે

ભારતની વીરાંગનાઓ

ટીના દોશી
feedback.ladki@
bombaysamachar.com

## પ્રથમ પંડિતા ને સરસ્વતી રમાબાઈ મેધાવી



એક એવી યુવતી જેણે બાળપણમાં વણઝારાની પેઠે ભટકતું સંઘર્ષમય જીવન જીવવું પડ્યું અને એક પછી એક સ્વજનો ગુમાવ્યા છતાં પોતાની વિદ્વત્તાને પગલે પંડિતા અને સરસ્વતી જેવાં સન્માનનીય બિરુદ પ્રાપ્ત કર્યા....

એનું નામ રમાબાઈ. રમાબાઈ પંડિતા કે રમાબાઈ સરસ્વતી તરીકે જાણીતી. વિદ્વત્તાનો વારસો રમાબાઈને એના પિતા પાસેથી મળેલો. પિતા અનંતશાસ્ત્રી ડોંગરે વેદાંતના વિદ્વાન હતા. એ જમાનામાં એમણે પત્ની લક્ષ્મીબાઈને શિક્ષણ આપેલું. સામાજિક બહિષ્કારને પગલે અનંતશાસ્ત્રીએ આંધ્ર પ્રદેશનાં ગંગામૂળની ટેકરીઓમાં આશ્રમ સ્થાપ્યો.

આશ્રમમાં જ ૨૩ એપ્રિલ ૧૮૫૮ના રમાબાઈનો જન્મ થયો. થોડા સમય બાદ કુટુંબે યાત્રાનો પ્રારંભ કર્યો. યાત્રા દરમિયાન અનંતશાસ્ત્રી અને લક્ષ્મીબાઈએ રમાબાઈનાં શિક્ષણ પર ધ્યાન કેન્દ્રિત કર્યું. સંસ્કૃત વ્યાકરણ અને સાહિત્યનું પાક્કું જ્ઞાન આપ્યું. કાચા ઘડે ચડતા કાંઠલા પેઠે રમાબાઈએ જ્ઞાનને આત્મસાત કર્યું. લગભગ અઢાર હજાર શ્લોકોનું સતત ગાન એ કરી શકતી. દરમિયાન અનંતશાસ્ત્રીની ઉદારતાને પગલે એમની સઘળી સંપત્તિ વપરાઈ ગઈ. પરિવાર વણઝારા જેવું જીવન જીવવા મજબૂર થઇ ગયો. અનંતશાસ્ત્રી પુરાણો ને શ્રીમદ ભાગવતના પાઠ કરીને કુટુંબનો નિર્વાહ કરતા રહ્યા.

રમાબાઈની સોળ વર્ષની ઉંમરે, જુલાઈ ૧૮૭૪માં પિતાનું મૃત્યુ થયું. એક મહિના પછી ઓગસ્ટ, ૧૮૭૪માં માતા લક્ષ્મીબાઈ ગંભીર રીતે બીમાર પડીને મૃત્યુ પામી. રમાબાઈ ઠાઠડીને કાંધ દેનારી પ્રથમ હિંદુ સ્ત્રી અને પ્રથમ સમાજસુધારક બની.

પિતા અને માતાના અવસાન પછી રમાબાઈ પર આફતનો વધુ એક ઓળો ઊતર્યો. બેએક મહિનામાં જ મોટી બહેન કૃષ્ણાનું મૃત્યુ થયું. હવે પરિવારમાં બે જ રહ્યા. રમાબાઈ અને ભાઈ શ્રીનિવાસ પિતાની માફક પુરાણો અંગે મધુર સ્વરમાં પાઠ કરીને ખપજોગું કમાઈ લેતાં તો ક્યારેક ભૂખમરો પણ વેઠતાં.

ફરતાં ફરતાં શ્રીનિવાસ અને રમાબાઈ કોલકાતા પહોંચ્યા. એક કાર્યક્રમ કોલકાતાના સેનેટ હોલમાં યોજાયો. સ્વાગત પ્રવચનમાં પ્રોફેસર ટોને રમાબાઈની તુલના વિદ્યાની દેવી સરસ્વતી સાથે કરી. રમાબાઈએ નમ્રતાથી આભાર માનીને કહ્યું કે, ‘હું સરસ્વતી નથી. હું તો જ્ઞાનની દેવીની વિનમ્ર ઉપાસિકા છું !’ રમાબાઈના વક્તવ્ય પછી તેને ‘પંડિતા’ અને ‘સરસ્વતી’ના બિરુદથી નવાજવામાં આવી. એ પંડિતા રમાબાઈ તરીકે પ્રખ્યાત થઇ ગઈ.

પ્રવચનોને પગલે રમાબાઈની ખ્યાતિ વધવા લાગી. એક સમારોહમાં મહાવિદ્વાન કેશવચંદ્ર સેન સાથે રમાબાઈની મુલાકાત થઇ. તેમના પ્રોત્સાહનથી, એ સમયમાં સ્ત્રીઓને વેદાભ્યાસની મનાઈ હોવા છતાં રમાબાઈએ વેદ અને ઉપનિષદનો અભ્યાસ કર્યો. કોલકાતાનાં સ્મરણોની ગઠરિયા બાંધીને રમાબાઈ અને શ્રીનિવાસ ગુવાહાટી અને સિલહટ ગયાં. એક સભામાં શ્રોતાગણમાં પ્રખ્યાત એડવોકેટ વિપિન બિહારી દાસ મેધાવી પણ બેઠેલા.

સિલહટમાં સંસ્કૃતના વિદ્વાનોએ સમસ્યા પૂર્તિના માધ્યમથી રમાબાઈની વકતૃત્વ ક્ષમતા તથા એના જ્ઞાનની પરીક્ષા કરી.રમાબાઈએ અધૂરા શ્લોકોને પૂરા કર્યા. સાથે જ આ શ્લોકોની સાચી વ્યાખ્યા કરી અને શ્લોકોના સંકીર્ણ અર્થ પ્રત્યે પણ ધ્યાન ખેંચ્યું. રમાબાઈ સફળતાની એક પછી એક સીડી ચડી રહેલી, એવામાં એના માથે દુઃખનાં ડુંગર ખડકાણા. ૧૮૮૦માં શ્રીનિવાસનું મૃત્યુ થયું. આ કપરી ક્ષણોમાં વિપિન બિહારી દાસ મેધાવીનો સાથ મળ્યો. રમાબાઈ અને વિપિન બિહારીએ અદાલતમાં જઈને સિવિલ મેરેજ કર્યાં. કાળક્રમે રમાબાઈના સંસારવૃક્ષની ડાળી પર મનોરમા નામની કૂંપળ ફૂટી. પણ કૂંપળ ખીલીને ફૂલ બને એ પહેલાં, ૧૮૮૨માં વિપિન બિહારીનું અવસાન થયું.

પતિના મૃત્યુ પછી નાનકડી પુત્રી સાથે રમાબાઈએ ભારતભ્રમણ કર્યું. સ્વામી દયાનંદ સરસ્વતીને મળી. મહિલા-સન્માનની નવી દ્રષ્ટિ પામીને પુણે આવી. પુણેમાં ન્યાયમૂર્તિ મહાદેવ ગોવિંદ રાનડેને ઘેર રમાબાઈની પ્રથમ સભા થઇ.

રમાબાઈએ પ્રવચનો ઉપરાંત પ્રવૃત્તિઓ દ્વારા પણ જનજાગરણની દિશામાં કામ કર્યું. ૧૮૮૨માં પુણે ખાતે સર્વપ્રથમ આર્ય મહિલા સમાજની સ્થાપના કરી. અહમદનગર, સોલાપુર, થાણા અને મુંબઈમાં શાખાઓ સ્થાપી. આ પ્રવૃત્તિ પાછળનો મુખ્ય ઉદ્દેશ મહિલા ઉત્કર્ષનો અને ભારતમાં પરાપૂર્વથી પ્રણાલિકા અને રુઢિ-રિવાજોને કારણે સ્ત્રીઓ સાથે થતો દુર્વ્યવહાર રોકવાનો હતો.

એક બાજુ રમાબાઈએ આર્ય મહિલા સમાજની સ્થાપના કરી અને બીજી બાજુ સ્ત્રી શિક્ષણ અંગે પોતાના વિચારો હંટર આયોગ સમક્ષ મૂક્યા. રમાબાઈએ કન્યાશાળા માટે શિક્ષિકાઓ અને નિરીક્ષિકાઓની નિયુક્તિ કરવાનું સૂચન કર્યું. ચિકિત્સક તરીકે સ્ત્રીઓને પ્રશિક્ષણ આપવાની આવશ્યકતા પર ભાર મૂકીને જણાવ્યું કે, ‘સ્ત્રીઓને પુરુષ ચિકિત્સકથી સંકોચ થાય છે. પરિણામે ગર્ભાવસ્થા અને પ્રસૂતિ સમયે અનેક સ્ત્રીઓ મૃત્યુ પામે છે...’ દરમિયાન અંગ્રેજી ભાષામાં પ્રાવીણ્ય પ્રાપ્ત કરવાના ઉદ્દેશથી, ૧૭ મે ૧૮૮૩ના રોજ પુત્રી મનોરમા સાથે ઇંગ્લેન્ડનો પ્રવાસ ખેડ્યો. લંડનમાં રમાબાઈએ પીડિત મહિલાઓ માટેના મહિલા ઉદ્ધાર ગૃહો જોયા. આ ગૃહો સિસ્ટર્સ હોમ એટલે કે ભગિનીગૃહો તરીકે ઓળખાતાં. આ ગૃહોના માધ્યમથી સ્ત્રીઓને નવા જીવનની શરુઆત કરવાનો અવસર મળતો. આ ગૃહોમાં રમાબાઈને ભારતીય સ્ત્રીઓની મદદ કરવાનો માર્ગ દેખાયો.

રમાબાઈ ભારત પાછી ફરી. ૧ માર્ચ ૧૮૮૯ના વિધવાઓ માટે આશ્રમની સ્થાપના કરી. આશ્રમમાં પ્રવેશ લેનાર પહેલી બાલિકાના નામ પરથી આશ્રમનું નામ શારદા સદન રાખવામાં આવ્યું. શારદા સદનમાં રમાબાઈ ભરતગૂંથણ, સિલાઈકામ, સુથારીકામ, માટીકામ, બાગકામ અને નેતરકામ જેવા વિવિધ હુન્નરો દ્વારા નિરાધાર વિધવાઓને આત્મનિર્ભર બનાવતી. સાથે જ વિધવાવિવાહને ઉત્તેજન આપતી. જોતજોતામાં શારદા સદનમાં સ્ત્રીઓની સંખ્યા વધવા લાગી૧૮૯૭માં પુણેથી ૩૩ માઈલના અંતરે કેડગાંવ ખાતે ૧૫ એકર ભૂમિમાં શારદા સદનનું નિર્માણ કર્યું. ૧૯૦૦ના દુકાળ વખતે અનેક પીડિત સ્ત્રીઓએ ત્યાં આશ્રય લીધેલો.

બાવીસ વર્ષ પછી ૫ એપ્રિલ ૧૯૨૨ના રમાબાઈનું મૃત્યુ થયું ત્યાં સુધી એ સ્ત્રીકલ્યાણ માટે કાર્યરત રહી. શિક્ષણની સાથે સમાજસુધારણા ક્ષેત્રે પણ રમાબાઈએ અણમોલ પ્રદાન કર્યું, પરંતુ વિદુષી હોવાને કારણે એનું નામ લેવાય ત્યારે ‘પંડિતા’ અને ‘સરસ્વતી’નું જ સ્મરણ થાય છે ! ■




feedback.ladki@
bombaysamachar.com
નીલા સંઘવી

## આજે વૃદ્ધાશ્રમની કેટલી જરૂર ?

આજે આપણા દેશમાં અનેક વૃદ્ધાશ્રમ છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પણ સારાં વૃદ્ધાશ્રમો બનાવવાની દિશામાં સક્રિય બનવા માટે હાકલ કરી છે.

પહેલાં વૃદ્ધાશ્રમનું નામ સાંભળતા જ લોકો નાકનું ટીચકું ચઢાવતા પણ હવે એવું રહ્યું નથી. ‘વૃદ્ધાશ્રમો સમાજનું કલંક છે’ એવું કહેનારા પણ હવે વૃદ્ધાશ્રમની તરફેણ કરી રહ્યાં છે. પરિવર્તન સમયનો તકાજો છે. એક જમાનામાં ઘર અને ઓફિસમાં જેનો દબદબો હતો એ જ વૃદ્ધ થતાં અળખામણો થઇ જાય છે. ઓફિસમાં એક અવાજ કરતાં પ્યુન હાજર થઇ જતો. ઘરમાં પણ આવે એટલે બધા તેનો પડ્યો બોલ ઝીલવા તૈયાર હતા. જ્યારે હવે કોઇ એની સામે જોવા તૈયાર નથી. ઘરમાં કોઇ પાસે તેની સાથે વાત કરવા પણ સમય નથી.

વૃદ્ધની માફક જ વૃદ્ધાની પણ એ જ હાલત છે. એક સમય હતો જ્યારે એ ઘરની રાણી હતી. આખું ઘર એની આસપાસ ફરતું હતું. એકાદ દિવસ પણ એ ક્યાંય ગઇ હોય કે બીમાર પડી હોય તો ઘરમાં સુનકાર વ્યાપી જતો. અને આજે? આજે જ્યારે એ વૃદ્ધ થઇ છે, કોઇ કામ કરવા શક્તિમાન નથી રહી ત્યારે કોઇ એનો ભાવ પૂછવા તૈયાર નથી.

વૃદ્ધોની વિટંબણા અપાર છે. એવાં ઘણાં કારણો છે, જેના લીધે આજે વૃદ્ધાશ્રમો જરૂરી બની ગયાં છે. આજે હવે આપણે વૃદ્ધાશ્રમને સમાજનું કલંક ન કહી શકીએ.

આપણા દેશમાં શિક્ષણનું પ્રમાણ વધ્યું છે. સ્ત્રી શિક્ષણનો વ્યાપ પણ વધ્યો છે. સ્ત્રી જ્યારે ભણે છે ત્યારે પોતાની કારકિર્દી વિશે વિચારે છે. કરિયર ઓરિએન્ટેડ સ્ત્રી લગ્ન પછી પણ પોતાનું કામ ચાલુ રાખે છે. ઘરનું કામ અને ઓફિસનું કામ બે જગ્યાએ વહેંચાયેલી સ્ત્રી વૃદ્ધ સાસુ-સસરાને સાચવવા અસમર્થ હોય છે. આ તો વાત છે ઘર બહાર કામ કરતી સ્ત્રીની... ઘરમાં રહેતી પુત્રવધૂને પણ વૃદ્ધ સાસુ-સસરા માટે કાંઇ કરવું ગમતું નથી. આજની યુવા પરણેલી પેઢી ઘરના વૃદ્ધો માટે ‘ડસ્ટબીન’ - કચરાપેટી જેવો શબ્દ વાપરે છે.

એક જમાનામાં ઘરનો મોભી ગણાતો પુરુષ જ્યારે કમાતો બંધ થઇ જાય છે ત્યારે પરિવારજનોને આંખના કણાંની જેમ ખૂંચે છે. એ બધા પોતાની જવાબદારીમાંથી છટકી જાય છે.

સ્ત્રી વૃદ્ધ થાય અને કાંઇ કામ કરવા સમર્થ ન રહે ત્યારે એને પણ સંતાનો સાચવવા તૈયાર નથી થતા. એક તો કોઇ રીતે મદદરૂપ ન થઇ શકે ઉપરથી એની સેવા કરવાની? નો, વે. આવી માનસિકતા આજની પેઢીની છે.

આજકાલ લગ્ન નહીં કરવાનું ચલણ પણ વધ્યું છે. ફક્ત યુવાનો જ નહીં, યુવતીઓ પણ ઘણીવાર લગ્ન કરવાનું ટાળે છે. હવે જ્યારે આ લોકો વૃદ્ધ થશે ત્યારે તેમને સાચવવાવાળું પણ કોઇ નહીં હોય...એ વિચારમાત્ર કંપાવી મૂકે એવો છે.

આજે મોટાભાગના પરિવારમાં સંતાનો કામ અર્થે બીજા શહેરમાં કે પછી પરદેશમાં વસ્યા છે. વડીલોને સ્વાભાવિક રીતે પોતાનું ઘર, પોતાનું શહેર કે પોતાનો દેશ છોડવો ગમે નહીં. બીજા શહેર કે પરદેશ પોતાનાં સંતાનોને ત્યાં જાય તો થોડો સમય ત્યાં વીતાવ્યા પછી ઘર યાદ આવે. પરદેશની લાઇફ સ્ટાઇલમાં ફીટ થવાનું એમને માટે મુશ્કેલ બને તેથી પોતાને ઘેર નાછૂટકે અકેલા રહેવું પડે. પતિ-પત્ની બંને હોય ત્યાં સુધી તો ઠીક છે. એકબીજાના સહારે ગાડું ગબડાવ્યા કરે, પરંતુ બેમાંથી એક થઇ જાય ત્યારે બહુ મુસીબત થઇ જાય. અથવા બંને હોય ત્યારે પણ સ્ત્રી જો રસોઇ કે ઘરની સંભાળ ન રાખી શકે તો પછી વૃદ્ધાશ્રમનો આશ્રય લેવો જ પડે. એમાંય વૃદ્ધ પુરુષ એકલો થઇ જાય તેને તો બહુ જ મુશ્કેલી પડે. વૃદ્ધ સ્ત્રી જો શારીરિક રીતે સમક્ષ હોય તો હજુ પણ પોતાની રીતે જીવી શકે.

આ વિશે વાત કરતા ‘આધાર ઓલ્ડ એજ હોમ’ના ટ્રસ્ટી અને વૃદ્ધોના આરોગ્યની સંભાળ રાખનાર ડોક્ટર સંજય ત્રિવેદી કહે છેઃ ‘પત્નીનું અવસાન થઇ જાય અને પતિ એકલો રહી જાય. એકલા રહેતા પુરુષના ઘરમાં કામવાળી બાઇ ન આવે, આજુબાજુવાળા પાડોશી બહેનો પણ આવતા ખચકાટ અનુભવે. ખાસ કરીને બાઇ ન મળે તો ઘણી મુશ્કેલી વેઠવી પડે. એકલા રહેતા હોય રાત્રે પડી જાય, બેહોશ થઇ જાય તો કોણ સંભાળ રાખે? ત્યારે વૃદ્ધાશ્રમ સિવાય કોઇ વિકલ્પ નથી.’

ડો. સંજય ત્રિવેદી ઉમેરે છેઃ ‘યુવાનો ભરેલા વાદળ છે. વૃદ્ધો વરસી ગયેલા વાદળ છે, જેની ઉપયોગિતા નથી. અને આધાર વૃદ્ધાશ્રમના મારા આટલાં વર્ષના અનુભવ પરથી એક તારણ મેં કાઢ્યું છે કે અહીં આવતા વૃદ્ધો મોટે ભાગે શિક્ષિત અને સુખી ઘરના છે. કોઇ કારીગર કે પછી જેને આપણે નીચી જ્ઞાતિના ગણીએ છે તેવાં સંતાનો મોટે ભાગે પોતાનાં માતા-પિતાને વૃદ્ધાશ્રમમાં મૂકવા નથી આવતા. એ લોકોમાં હજુ પણ આંખની શરમ છે.’

મેડિકલ ફેસિલિટીસ વધવાને કારણે માનવીનું આયુષ્ય લાંબું થયું છે. વૃદ્ધાશ્રમમાં જવાનું આ પણ એક કારણ છે. ૯૦ વર્ષના વૃદ્ધનો દીકરો પણ સિનિયર સિટિઝન હોય તેથી એ પણ પિતાનું ધ્યાન કંઇ રીતે રાખે?

આજની પેઢીમાં યુવાનો એક જ બાળક પસંદ કરે છે. તેથી આવતાં વર્ષોમાં કોઇને સાળા-સાળી, ભાઇ-બહેન નહીં હોય. તેથી એ વૃદ્ધાવસ્થામાં સાવ એકલા પડી જશે. ત્યારે કોણ કોનું ધ્યાન રાખશે? કેટલાંક તો લગ્ન કરવા જ તૈયાર નથી તો કેટલાંક લગ્ન કર્યા પછી બાળકને જન્મ આપવા તૈયાર નથી. શું કરશે આ લોકો? છે વૃદ્ધાશ્રમ સિવાય કોઇ વિકલ્પ? હવે જે વૃદ્ધો થશે તેમની પાસે પૈસા હોવાના પણ માણસો નહીં હોય ધ્યાન રાખવા માટે. એમનાં સંતાનો હોય તો પણ એમના વિશે કાંઇ કહી ન શકાય.

હા, જ્યારે દીકરીઓ સાસુ-સસરાની સંભાળ લેતી થશે ત્યારે વૃદ્ધાશ્રમની જરૂર નહીં રહે, પણ હકીકતમાં એવું બનતું નથી તેથી વૃદ્ધાશ્રમોની જરૂર રહે છે.

ઘણીવાર ભર્યાપૂર્યા પરિવારમાં પણ વૃદ્ધ મા-બાપને એકલતા લાગે છે, કારણ કે સંતાનો પોતાના કામ-ધંધામાં વ્યસ્ત છે, મોબાઇલમાં વ્યસ્ત છે. માતા-પિતા સાથે વાત કરવામાં એમને રસ નથી. મા-બાપ અને સંતાનો વચ્ચે કમ્યુનિકેશનનો-વાતના આદાન-પ્રદાનનો અભાવ છે.

ડો. ત્રિવેદીએ બહુ સરસ વાત કરી. એ કહેઃ

‘ફ્લેટમાં બાથરૂમ અટેચ્ડ છે, પણ માણસો અટેચ્ડ નથી. ’

આટલી વાત પછી ઘણાં બધાં વૃદ્ધાશ્રમોની મુલાકાત લઇને વરિષ્ઠ લોકો સાથે વાત કરીને જે તારણ નીકળ્યું તે અહીં વૃદ્ધોની જીવન-સંધ્યાની કથા તરીકે રજૂ કરવાની ઈચ્છા છે આવતા અંકથી... ■

# રજની પટેલઃ કોન્ટ્રોવર્સી ને કમ્પેશન

કથા કોલાજ
કાજલ ઓઝા-વૈદ્ય
feedback.ladki@bombaysamachar.com

(ભાગઃ ૭)

*નામઃ પ્રોતિમા બેદી*
*સ્થળઃ માલ્પા (કૈલાસ માનસરોવર)*
*સમયઃ ૧૭ ઓગસ્ટ, ૧૯૯૮*
*ઉંમરઃ ૪૯ વર્ષ*

ગુલી બોલી, ‘કબીર પહેલી ફેબ્રુઆરીએ પરણી રહ્યો છે.’

‘ના! ખરેખર? હોય નહીં, મારા માન્યામાં જ નથી આવતું. કોની સાથે?’ મેં એકદમ સ્વસ્થ રહીને પૂછ્યું.

‘એક અમેરિકન છોકરી સાથે...’ અને ગુલીએ આખી વાત કરી.

બીજે દિવસે વહેલી સવારે કબીરનો ફોન આવ્યો. મેં એની સાથે ખુલ્લા મને વાત કરી, ખૂબ પ્રેમ અને ઉષ્મા સાથે. ‘અલબત્ત, હું તારી સાથે ઊભી રહીશ.’

સુઝન હમ્ફ્રીઝ. એનો વિચાર કરતી અને મને ઊંચી પાતળી, ટટ્ટાર, જીવંતતાના અભાવવાળી, લગભગ સામાન્ય દેખાવની એક યુવતી નજર સામે ઊભી થઈ જતી. પોતાના પુરુષને વફાદાર રહેનારી સ્ત્રી, સો ટકા પોતાને સંભાળનાર અને ઘણી જ ઉષ્માવાળી. વાત એકદમ સરળ અને સમજાય એવી હતી. હોલીવૂડના તમામ આડંબર અને તંગદિલીઓ વચ્ચે ત્યાંનો ઝળહળાટ કબીરને કોઈક પ્રામાણિક, વ્યવહારુ અને સાદી સ્ત્રીની જરૂર મહેસૂસ કરાવે જ. જે વ્યક્તિનું કામ તંગદિલીવાળા ફિલ્મના વાતાવરણમાં હોય તેને માટે ઘરની શાંતિ ખૂબ જ જરૂરી હોય છે. કબીર સુઝનને પરણ્યો તેની પાછળ માત્ર પ્રેમ જ નહોતો. એ જ એક કારણ નહોતું, બીજાં ઘણાં પરિબળો હતાં. એનું અમેરિકાનું ગ્રીનકાર્ડ, ઘર સાચવનાર, સરસ ભોજન અને આવાં બીજાં આરામદાયી તેમજ સગવડરૂપ કારણો અને શા માટે નહીં? એની જગ્યાએ હું હોત તો હું ય એ જ ન કરત?

પછીને મહિને કબીર અને સુઝન આવ્યાં. કબીરે મને ફોન કરીને કહ્યું કે એ બાળકોને લેવા અને મને મળવા પણ આવી રહ્યો છે. મને પ્રશ્ન થયો કે મારે સુઝનને મળવા હોલી ડે ઈન જવું કે નહીં? એણે મને મળવા આવવું જોઈએ તેવું મને લાગ્યું અને મેં એ કબીરને સૂચવ્યું પણ ખરું. તેઓ રાત્રે સાડા આઠ વાગ્યે આવ્યાં. સુઝન એક સરસ, આકર્ષક યુવતી લાગી, જેને કોઈ પૂર્વ ગ્રંથિ કે ગાંઠ નહોતી. એને મેળવવા બદલ કબીર ભાગ્યશાળી કહેવાય.

મારા માટે નૃત્ય મારા જીવનની એકમાત્ર સૌથી વધુ મહત્ત્વની ચીજ બની ગયું હતું. મારું પોતાનું નૃત્ય, ઓડીસી ડાન્સ સેન્ટરના મારા વિદ્યાર્થીઓ અને ગુરુજીની જીવનકથા આ બધાંને લીધે હું ગળા સુધી કામમાં રત રહેતી હતી. હું મારા નૃત્યને આટલી બધી સમર્પિત હોઈશ તેની મને કલ્પના નહીં, મને આ વાતનું આશ્ચર્ય થતું હતું. મારા પગમાં મજ્જાતંતુનો દુઃખાવો થતો અને મારા પગના તળિયા ભયંકર દુઃખતા હતા, પરંતુ મા પાસે મારા માટેની યોજના તૈયાર જ હતી અને તે બદલ હું તેના તરફ કૃતજ્ઞતા અનુભવતી હતી. હું મારો બધો સમય એની યોજના પ્રમાણે જ વાપરવા માગતી હતી અને મારી તમામ શક્તિઓ એની સેવામાં ઉપયોગમાં લેવા માગતી હતી. મેં બાળકોને બોર્ડિંગ સ્કૂલમાં મૂકવાનું નક્કી કર્યું.


રજની પટેલ


પ્રોતિમા બેદી


કબીર બેદી પુત્ર અને પુત્રી સાથે

પૂજા અને સિદ્ધાર્થને જ્યારે પણ લાંબી રજાઓ પડતી ત્યારે તેઓ કબીર પાસે કેલિફોર્નિયા જતાં. કબીરે એકથી વધુ પ્રસંગે મને પણ ત્યાં આમંત્રી હતી, પરંતુ ત્યાં જઈને એના ઘરમાં રહેવાની મારી હિંમત જ ન થઈ. મેં એને જે વિશ્વાસ અને સમજદારી બતાવ્યાં તેના બદલામાં એણે મને શું આપ્યું?

થોડાક મહિના પછી કબીર ત્રણ અઠવાડિયા માટે આવ્યો, આ વખતે સુઝન વગર આવ્યો હતો. એ મારી સાથે અને બાળકો સાથે સમય ગાળવા માગતો હતો. અમે મારા રૂમમાં સૂતાં. અમારા વચ્ચે કશું જ ન થયું. પછી એક રાત્રે એણે મને એની પીઠ દબાવી આપવા કહ્યું. મેં એની પીઠ દબાવી આપી. હું બોલી, ‘તને ભલે ગેરમસજ થાય પણ મારે તારી બાજુમાં આડા પડવું છે.’ પછી અમે ભેગાં થયાં. આવા વિરાટ શરીરથી ઢંકાઈ જવું એ કોઈ અદ્‌ભુત લાગણી હતી. જ્યાં સુધી એ રક્ષક હતો, હૂંફ આપતો હતો ત્યાં સુધી બધું બરાબર હતું, પણ પછી કામનાની જીત થઈ. એના હોઠ મારા હોઠ પર ને મને ખૂબ વિચિત્ર લાગણી થઈ. એ હવે મારા માટે પૂરેપૂરો અજાણ્યો પુરુષ હતો. અમે બધું કર્યું પણ હું જે થતું હતું તેનાથી પર, ક્યાંય ઉપર હતી અને માત્ર શારીરિક લાગણીનું મારા પર જોર નહોતું.

હું જેમ જેમ વધુ સફળ અને ધનિક થતી ગઈ પુરુષો મારામાં રોમેન્ટિકલી ઓછો રસ લેતા થયા. તેમને સમજાતું નહીં કે મારા સુધી પહોંચવું કઈ રીતે અને કઈ પંક્તિથી વાતની શરૂઆત કરવી. હું ધારું તે લઈ-ખરીદી શકું તેમ હતી અને ખર્ચાળ ડિનર કે ગિફ્ટ મને પ્રભાવિત કરી શકે તેમ નહોતું. પુરુષો જાણતા હતા કે તેમને મને વન-ટુ-વનના સ્તરે મળવું પડે તેમ હતું, પણ તેઓને એ ખૂબ અડવું લાગતું. પુરુષો તેમના સુંદર દેખાવ, તેમની ધનસંપત્તિ અને સત્તા પર મદાર બાંધતા હોય છે, પણ સ્ત્રી પાસે આ બધું જ હોય અને સાથે સાથે એક પુરુષ હિસ્સેદાર પણ હોય જેની પાસે ય આ બધું હોય ત્યારે પુરુષોને ગ્રંથિકુંઠા થઈ આવે છે કે હું એક ધનિક, પ્રખ્યાત, વગદાર અને લોકપ્રિય સ્ત્રી હતી અને મારે જોઈએ તે બધી સ્વતંત્રતા મારી પાસે હતી. તેઓ મને શું વધુ આપી શકે તેમ હતા?

એક દિવસ હું રજની પટેલની ઓફિસમાં હતી અને મને ભયંકર બાથરૂમ જવું પડે તેમ હતું, પરંતુ બંને બાથરૂમોમાં કોઈ હતું ત્યારે બપોરના સાડા ત્રણ વાગ્યા હતા. રજની પટેલનો એ સૂવાનો સમય હતો, પરંતુ મને એમના રૂમમાંથી અવાજ આવતો સંભળાયો. બારણું ખોલી હું અંદર પ્રવેશી. મેં એમને પથારીમાં ઓશિકામાં માથું સંતાડી રોતા જોયા. મહાન રજની પટેલ-ધ ગ્રેટ રજની પટેલ રડતા હતા! એમણે મને કહ્યું કે એમનો મેડિકલ રિપોર્ટ આવ્યો છે અને એમને કેન્સર છે. એમણે કહ્યું, એમને ડર લાગતો હતો અને અમે ખૂબ લાંબા સમય સુધી ભેટેલાં રહ્યાં. એમાં સેક્સની કોઈ જ ઇચ્છા કે લાગણી નહોતી. બસ, એક જ જરૂરિયાત-બીજા માણસને દુઃખમાં સાથ આપવો. એ પછી હું એમની ખૂબ નજીક હોઉં તેવું મને લાગવા માંડ્યું. હું જસરાજને હજુ ય ચાહતી હતી પણ મને મૃત્યુ તરફ જઈ રહેલા માણસ માટે પણ એક પ્રતિબદ્ધતા અનુભવાતી હતી.

મેં ને મારા દા (રજની) એ સર્વોત્કૃષ્ટ સમય સાથે ગાળ્યો. તે કફ કેસલમાં ગાળેલા બે દિવસ. એ બે દિવસ અમે લગભગ પતિ-પત્નીની જેમ જ રહ્યાં. સવારે સાથે ઊઠવું, છાપાં વાંચવા, ડાઈનિંગ ટેબલ પર સાથે બેસવું. જાનુ, અમારા હેલ્પર અમને ખાવાનું પીરસતા, એની પથારીમાં સાથે આડા પડી રહેવું, એ પથારી જે વર્ષોથી એના એકલાની હતી ને હવે હું શેર કરતી હતી. આ બે દિવસ માન્યામાં ન આવે એટલા સરસ ગયા હતા. મારા માટે તો જાણે સપનું સાકાર થયું કેમ કે, જે નાની નજીવી વાતો અમારા વચ્ચે બની તે વાતો જ મકાનને ઘર બનાવતી હોય છે.

એમની તબિયત વધુ કથળી ત્યારે રજનીએ શસ્ત્રક્રિયા માટે હવાઈ જવું પડ્યું. એમણે મારી પાસેથી વચન લીધું કે હું રોજ એમની ઓફિસમાંથી એમને ફોન કરીશ જ. મેં વચન આપ્યું. જે દિવસે એમનું ઓપરેશન હતું તે દિવસે મેં ફોન કર્યો તો એમનાં પત્નીએ તે લીધો. રજની મુંબઈ પાછા આવી ગયા પછી પણ તેમના પરિવારે તેમને મારાથી ખૂબ દૂર રાખવા બંદોબસ્ત કર્યો હતો. તેમના બંને સચિવોને કહેવામાં આવ્યું હતું કે મને કોઈ જ માહિતી આપવાની નહોતી, મારો કોઈ જ ફોન લેવાનો નહોતો, મારા સંદેશા આપવા-લેવાના નહોતા, કશું જ નહીં. હું એમનાથી સંપૂર્ણપણે કપાઈ ગઈ હતી. અમારા એક સામાન્ય મિત્ર મારા કાગળો લઈ જતા અને એમના કાગળો મને પહોંચાડતા.

એ લખતા, ‘આઈ લવ યુ. હું મૃત્યુ તરફ જઈ રહ્યો છું. હું જલદી મરી જવા માગું છું, કારણ કે, હું તને મળું નહીં એવું જીવન જીવવા માગતો નથી.’

રજનીનાં મૃત્યુ પછીના દિવસના સવારે પાંચ વાગ્યે શરદ પવાર મને જસલોક હોસ્પિટલ લઈ ગયા, જેથી હું મારા પ્રેમી સાથે એના કુટુંબીજનો આવે તે પહેલાં થોડીક ક્ષણો વિતાવી શકું. આ માટે હું હંમેશાં શરદની ઋણી રહીશ. જસલોકના મૃત્યુખંડમાં રજનીના શરીરની આજુબાજુ બરફ મુકાયો હતો. મેં એના કપાળ પર હાથ મૂક્યો. એ એકદમ ઠંડું હતું-બરફ જેવું ઠંડું. એના સ્પર્શ જેવું બિલકુલ જ નહીં. મેં ધીમેકથી એના માથાને થપથપાવ્યું અને બધાં જ જૂનાં સંભારણાં તાજાં થઈ ગયાં, ધસમસતાં મારી પાસે આવી ગયાં. મેં એના આખા શરીર પર બધે જ મોગરા મૂક્યા. મોગરો એનું સૌથી વધુ પ્રિય ફૂલ હતું. (ક્રમશઃ) ■

# અનન્યાને શું પજવે છે?

ઉડાન મુગ્ધાવસ્થાથી મધ્યાવસ્થા સુધી
શ્વેતા જોષી-અંતાણી
feedback.ladki@bombaysamachar.com



**અનન્યા** એટલે કે અનિ એક વિદ્રોહી ટીનએજર તરીકે ચારેકોર પંકાયેલી છે. ગમે ત્યારે ગુસ્સો, છણકો, ઝગડો કરી બેસવો એ એનાં વ્યક્તિત્વનાં અભિન્ન અંગ છે.

સામાન્ય ટીનએજર કરતાં તદ્દન વિપરિત સ્વભાવની અનિ અનિંદ્રાની બીમારીથી પીડાય રહી છે. વર્ષોથી એ આ સમસ્યા સામે એકલી ઝઝૂમી રહી છે. એને રાત્રે સદંતર ઊંઘ નથી આવતી.

કહે છેને કે રાત્રે શાંતિથી ઊંઘી શકાય એવું જીવન જીવવા મળે એમને માટે સ્વર્ગ અહીં પૃથ્વી પર જ હોય છે. તણાવનો અભાવ હોય , મીઠી નીંદર માણી શકાતી હોય અને શરીર ચુસ્ત અને સ્ફૂર્તિલું હોય એવા તરુણો જીવનનો અનેરો આનંદ માણી શકવા સક્ષમ હોય છે, પરંતુ આવી નિરાંતની અનુભૂતિ વર્ષોથી અનિને મળી જ નથી. ઊંઘ વેરણ બને અને જિંદગી વેરણ-છેરણ કરી નાખે એનો સામનો કરી રહેલી અનન્યા બીજી તરફ એકલતા સામે એકલા હાથે લડી રહી છે તો ત્રીજી તરફ એકાગ્રતાના અભાવે એનો ભરડો લીધો છે. આટલું ઓછું હોય એમ ટીનએજના ટેન્ટ્રમ્સ એટલે કે, અનિશ્ચિત આવેશ અનિની અંદર થનગની રહ્યા છે. આવામાં અનિ વિદ્રોહી ન બને તો શું બને?

વળી, નાનપણથી અનિની અંદર સંબંધો પરત્વે ઊંડો અવિશ્વાસ વિકસી રહ્યો છે, જેના કારણે એનો વ્યવહાર એટલો બધો રુક્ષ છે કે અનિની આસપાસની આખી દુનિયા મોટાભાગે એનાથી નારાજ રહ્યા કરે છે. હોંશિયાર અનિને એ ખ્યાલ આવતો જાય છે કે પોતે અળખામણી બની રહી છે એટલે વળી એ વધુ ઉદાસ રહે. અજાણપણે વણજોઈતી ગ્લાનિમાં જીવ્યા રાખે છે. ઘરમાં કોઈ એને વતાવે નહીં ને સ્કૂલમાં કોઈ સાથે અનિને ફાવે નહીં એટલે દિવસે એકલતા એની સાથીદાર અને તો રાતે અનિંદ્રા તેમજ એન્કઝાયટી -વ્યગ્રતા તો જાણે એના પાક્કા દોસ્તાર બની ચૂક્યા છે.

ટીનએજમાં આ પ્રકારની એકલતા અનુભવવી કે પછી એન્કઝાયટી થવી એ આમ સામાન્ય ગણાતી વાત છે. મોટાભાગના તરુણો આવી બેચેની અનુભવતા હોય છે, પણ એ ક્ષણિક અથવા તો ટાઈમ બાઉન્ડ એટલે કે, અમુક સમય પૂરતી મર્યાદિત હોય, પરંતુ અનિ માટે આનો કાયમી સાથ થઈ ગયો છે. એમાં ક્યાંકને ક્યાંક એના બાળપણની ખરાબ સ્મૃતિએ પણ બરાબર ભાગ ભજવ્યો છે.

સતત વધુને વધુ કમાવવાની લાલસામાં જેનાં મા-બાપ સંતાનને ઈમોશનલ સપોર્ટ આપવામાં નિષ્ફળ રહ્યા હોય કે એમનો સ્વસ્થ ઉછેર કરવામાં પાછા પડ્યા હોય એમનાં સંતાનમાં એક જાતનો અભાવ સર્જાય છે. ટૂરિંગ જોબના કારણે સતત પ્રવાસમાં રહેતા એના પિતા અને ઘરથી હજારો કિલોમીટર દૂર નોકરી કરતી મા અને એ બન્ને વચ્ચે એકલવાયું જીવતી અનન્યા ઘરડા દાદી અને નોકરના સથવારે જીવી રહી હતી..

પોત-પોતાના વ્યવસાયમાં વ્યસ્ત અનિના પેરેન્ટ્સને અનિ વિષે ત્યારે ખ્યાલ આવે છે જ્યારે એક પાર્ટી દરમિયાન અનન્યા કોઈ નાની અમસ્તી વાત માટે ધમાલ મચાવે છે. મનફાવે એમ બોલતી અનિ એના પેરેન્ટ્સને પણ જાહેરમાં ખખડાવી નાખે છે. અંતે નાના ભાઈને એક લાફો ચડાવી એ પગ પછાડતી પોતાના રૂમમાં જતી રહે છે. અનિ એ કરેલા આવા અભદ્ર વ્યવહારને કારણે એનામાં કંઈક ગડબડ છે એવો માતા-પિતાને પહેલીવાર ખ્યાલ આવે છે એટલે અંતે અનિ ડોક્ટર અનિમેષ સુધી પહોંચે છે.

ડોક્ટર અનિને એના બાળપણ સુધી દોરી જાય છે. એના મનના એવા કોમળ ભાવોને અડકે છે જે સ્પર્શના અભાવે પત્થર બની બેસેલા.

અનન્યા બાળપણની સ્મૃતિઓના આધારે પોતાના વર્તમાન અને ભવિષ્ય સાથે ચેડાં કરી રહી છે એ વાત ડોક્ટર એને સમજાવીને આ રમત તાત્કાલિક બંધ કરવાનું કહે છે. સાથોસાથ એ પણ કહે છે કે ‘પેરેન્ટ્સે અજાણપણે કરેલી ભૂલોને માફ કરી એમને પ્રેમ આપવો એ સંતાન માટે હંમેશાં હિતકારક હોય છે. ડો. અનિમેષ કહે છે, અનન્યા, તને ખ્યાલ નથી પણ એ સમયે કદાચ તારા પેરેન્ટ્સ પણ કોઈ મુશ્કેલીનો સામનો કરી રહ્યા હશે. અને તને એનો અંદાઝ આવવા દેવા માગતા ના હોય એવું પણ બને. ઘર ચલાવવા સતત ટૂર પર રહેવું કે પછી તારા સારા ઉછેર માટે ઘરથી દૂર નોકરી અર્થે જવું એ એમની મજબૂરી હોય. એક વાત યાદ રાખ કે, After all everybody has to fight his or her own battle. દરેક માણસ પોતાની લડાઈ જાતે જ લડતો હોય છે.’

એ અનિને સમજાવે છે કે જીવનમાં બધું જ સમગ્રપણે મળી જાય એવું જરૂરી નથી. આપણી આસપાસના લોકો કે નજીકના સંબંધોમાં રહેલા વ્યક્તિઓને પણ બહુ આકરી કસોટીએ ના તોળવા. એકવાર બારીક નજરે એમની દુનિયામાં પણ ડોકિયું કરી જોવું તો કદાચ એમને માફ કરવા અથવા તો પરિસ્થિતિઓ સામે નમતું જોખવું આપણા માટે વધુ આસાન બની રહે....’

જોકે, આવી વાતોનો મર્મ મોટેરાઓ કદાચ સમજે પણ અનિ જેવી ટીનએજર્સ માટે આ સ્તર પર વિચારી એને અમલમાં લાવવું થોડું કઠિન છે એ વાત સારી પેઠે જાણતા ડો. અનિમેષ સલાહોનો ભાર ખડક્યા વગર અનન્યાને અનેક નાની-મોટી વાર્તા કહેતા, પ્રેકટિકલ ઉદાહરણો બતાવતા તો વળી ક્યારેક કોઈ ફિલ્મ જોવાનું સજેસ્ટ કરી સમજાવવાનો પ્રયત્ન કરતાં.

પોતાના દર્દીઓનો ઈલાજ કરવાની અનિમેષની રીતભાત તદ્દન અનોખી છે અને આથી જ પોતાની લાગણીઓને અત્યાર સુધી સજ્જડપણે બંધ રાખી બેસેલી અનન્યા ધીમે ધીમે ખુલતી જાય છે. સમય જતાં મિત્ર જેવા બની ગયેલા અનિમેષની મદદથી અનિ ધીરે-ધીરે પોતાના એ દરેક કડવા અનુભવને નાથવા મથે છે, જે એને પીડા આપતા આવ્યા છે. માતા-પિતા સાથે સુમેળ સાધવાની શરૂઆત કરવાથી માંડી નાના ભાઈને વ્હાલ કરવા સુધી એ જાતને બદલવાની કોશિશ કરવા લાગે છે. સ્કૂલમાં મિત્રો બનાવે છે અને કરિયરમાં પણ આગળ વધે છે.

અનિ હવે એ સમજી ચૂકી છે કે, જીવનમાં કંઈ પણ થાય 'Life moves on' જિંદગીની રફતાર ક્યારેય બંધ થતી નથી. ટીનએજ પણ કાયમી નથી, પરંતુ એ સમયે પડેલા ઘાના ડાઘ જીવનભર રહી જાય એ પહેલા એને ભૂંસવા જરૂરી છે. ■

# નવરાત્રીની તૈયારી શરૂ કરી?

ફેશન
ખુશ્બુ મૃણાલી ઠક્કર
feedback.ladki@bombaysamachar.com



**નવરાત્રીને** ગણેલા દિવસો જ બાકી છે. તમે તૈયારી ચાલુ કરી કે નહિ.નાનાથી લઇને મોટા સુધી નવરાત્રી એ આપણા સહુનો મનગમતો તહેવાર છે.દસ દિવસ માતાજીની આરાધના સાથે મનગમતા ખેલૈયાઓ સાથે રમવાનો સમય આવી ગયો છે.ઘણી યુવતીઓ અને યુવક દસ દિવસના અલગ અલગ કપડાં કરાવે છે,દર વર્ષે નવી એક્સેસરીઝ વસાવે છે.દર વર્ષે કૈક ને કૈક નવું લેવાની જરૂર નથી. જૂના કપડાં સાથે પણ કૈક મિક્સ એન્ડ મેચ કરી નવો લુક આપી શકાય અથવા તો થોડું જૂનું અને થોડું એવું પહેરી એક અલગ લુક ક્રિએટ કરી શકાય.ચાલો જાણીયે કઈ રીતે દસ દિવસની તૈયારી અગાઉથી જ કરી શકાય.

સૌથી પહેલા તમારી પાસે જેટલા ચણિયા ચોળી છે તેને બહાર કાઢો.એમાંથી શોર્ટ લિસ્ટ કરો કે કેટલા સારી કન્ડિશનમાં એટલે કે, કેટલા ચણિયા ચોળી તમે પહેરવા માગો છો અને ફ્રેશ લાગે છે.કેટલા દુપટ્ટા બ્રાઇટ અને સારી કન્ડિશનમાં છે.નવરાત્રીમાં ચણિયા ચોળી ધોવાના તો ન હોય, પરંતુ પરસેવાથી એક ગાર્મેન્ટનો કલર બીજા ગારમેન્ટ પર લાગે છે.મોટા ભાગે બ્લાઉઝ અને દુપટ્ટામાં એવું થતું હોય કે એકબીજાનો કલર એકબીજા પર લાગે.જો દુપટ્ટા કે બ્લાઉઝ પર કલર લાગેલો હોય તો તે ન પહેરવા. બ્લાઉઝ રમ હોલમાંથી ફાટી ગયું હોય તો ન પહેરવું.નવરાત્રીનાં કપડાં મોટે ભાગે પહેરી પહેરી ને જાંખા પડી જાય છે. તેથી જ ફ્રેશ લુક માટે નવા બ્લાઉઝ કરાવી લેવા.બ્લાઉઝની પસંદગી એ રીતે કરવી કે તેને બધાજ ચણિયા સાથે મિક્સ એન્ડ મેચ કરી શકાય. ચણિયા જો ઝાંખા લાગતા હોય તો સૌ પ્રથમ ચણિયાની હેમલાઇન જોવી જો ફાટી ગઈ હોય તો નીચે થી ૨ ઇંચ કે ૪ ઇંચ કપાવી નાખવી. અને જે ચણિયાનો કલર હોય તેને હિસાબે કોન્ટ્રાસ્ટ કલર લઈ હેમલાઈનમાં નખાવી દેવી અને આજુબાજુ સિલ્વર કે ગોલ્ડન લેસ મુકાવી દેવી. અથવા તો દરેક કળીમાં લેસ મુકાવી જેનાથી ચણિયો એકદમ બ્રાઇટ અપ થઈ જશે. જો નેફામાંથી ફાટી ગયો હોય તો નેફો કઢાવી સેમ કલર અથવા કોન્ટ્રાસ્ટ કલરમાં નેફો નાખવી દેવો. આવા નાના નાના ચેન્જિસ કરવાથી હજી એક નવરાત્રી તો નીકળી જ જશે. જો તમે રેડીમેડ ચણિયા ચોળી લીધા હોય અને ઘેરવાળા ચણિયા પહેરવાની આદત હોય તો ૨ ચણિયા લઇ લેવા અને તેનો એક ચણિયો બનાવવો. જેથી કરી ચણિયાનો ઘેરો વધી જશે. હાઈલાઈટ કરવા માટે કોન્ટ્રાસ્ટ કલરનો પટ્ટો હેમલાઈનમાં નાખી એક અલગ લુક ક્રિએટ કરી શકાય.



જો નવા ચણિયા ચોળી બનાવવા હોય અને તમને પ્લેન ઘાઘરો પહેરવો હોય તો તેમાં ખૂબ બધું કામ કરવું પડશે એટલે કે ચણિયાને લેસિસ અને મિરર વર્ક વાળી બોર્ડરથી ડેકોરેટ કરવો પડશે. જો તમારામાં આગવી ફેશન સૂઝ હોય તો તમે પ્લેન ઘાઘરો લઇ તેમાં કોંટ્રાસ્ટ કલરની લેસ અને વર્કવાળી બોર્ડરથી ચણિયાને બ્રાઇટ અપ કરી શકો.અને જો તમે કોટન પ્રિન્ટેડ ફેબ્રિકમાં ચણિયો બનાવવા માગતા હોવ તો અલગ અલગ કલરના કોટન પ્રિન્ટેડ ફેબ્રિક લઇ લેવા અને કળી કળીમાં તમારી પસંદગી મુજબ ગોલ્ડન અથવા સિલ્વર લેસ મૂકવી. જ્યારે પ્રિન્ટેડ ફેબ્રિકનો ઉપયોગ કરવામાં આવે છે ત્યારે ચણિયામાં વધારે કંઈ કરવાની જરૂર નથી પડતી કારણકે, પ્રિન્ટના હિસાબે ચણિયો ભરેલો લાગે છે શર્ત માત્ર એટલી જ કે પ્રિન્ટેડ ફેબ્રિકના કલર બ્રાઇટ લેવા જેથી ચણિયો સિમ્પલ હોવા છતાં પણ અટ્રેક્ટિવ લાગે. દુપટ્ટાની પસંદગી ધ્યાનપૂર્વક કરવી જો તમારી પાસે બ્લેક ચણીયો હોય તો દરેક કલરના દુપટ્ટા વસાવી લેવા. દરેક કલર એટલે કે બ્રાઇટ કલર જેમકે, રેડ, મરુન, ગ્રીન,યેલ્લો, બ્લુ. આ કલરના દુપટ્ટા રાત્રે બ્રાઇટ જ લાગે છે.અને કોઈ પણ કલરના ચણિયા સાથે આસાનીથી મિક્સ એન્ડ મેચ થઇ જાય છે. બ્લાઉઝ પણ બ્લેક અથવા રેડ બેઝ પર જ કરાવવું જેથી કરી કોઈ પણ કલરના ચણીયા સાથે મિક્સ એન્ડ મેચ કરી શકાય. જ્વેલરી પણ ધોઈ નાખવી જેથી ફ્રેશ અને બ્રાઇટ લુક આવી જાય. અને જો ફેબ્રિક જ્વેલરી પહેરવાના છો તો જોઈ લેવું કે કંઈ તૂટી કે નીકળી નથી ગયું ને જેથી તે જ્વેલરીમાં એડ ઓન કરીને બરાબર કરી શકાય .ખાસ કરીને ઝુમખા. રમતા રમતા પડી જાય અથવા તો તૂટી જાય. ઝુમખાની જોડી કરી જોઈ લેવું નહિ તો છેલ્લી ઘડીએ દોડવાનો વારો આવશે.ટૂંકમાં કપડાથી લઈને એક્સેસરીઝ બધું જ જોઈ લેવું , ટચ અપ આપી દેવો. નવરાત્રીના બે દિવસ પહેલા ટેલર પાસે જવું નહીં. બધું એડવાન્સમાં જ કરી લેવું. ■



પ્રકરણ ૬૫

# વેર - વિખેર

■ કિરણ રાયવડેરા

'આ પપ્પાને શું થઈ ગયું છે.?' વિક્રમે વાત કાઢી પણ કોઈ એને પ્રતિસાદ ન આપ્યો.

ટેબલ પર મૌન પથરાઈ ગયું. છરી-કાંટાના પ્લેટ સાથે અફળાવવાના અવાજ સિવાય કોઈ કંઈ બોલતું નહોતું.

અચાનક પ્રભા ઊભી થઈ ગઈ:

'બસ બેટા, મેં જમી લીધું...' એણે કરણ તરફ જોઈને કહ્યું.

'મમ્મી, પ્લીઝ... પૂરું જમી લ્યો ને... તમારું મન કોચવાય છે એ હું સમજું છું, પણ આમ ઊભા થઈ જવાથી સમસ્યાનો ઉકેલ નથી મળવાનો.... સાચે જ જો કોઈનો દોષ હોય તો એ મારો છે. મેં કાકુને ઉશ્કેર્યા એટલે જ એ ટેબલ છોડીને જતા રહ્યા, પણ શું કરું? મારાથી જમાઈબાબુ અને રેવતીબહેનનું બધાંની હાજરીમાં અપમાન થાય એ જોવાતું નહોતું.' ગાયત્રીએ કહ્યું.

પ્રભા પુનઃ પોતાની જગ્યાએ બેસી ગઈ.

'તારો કોઈ વાંક નથી... બેટા !'

પ્રભાએ 'બેટા' સંબોધન પર ભાર મૂક્યો. દરેક આશ્ચર્યથી પ્રભા સામે જોવા લાગ્યા. ગાયત્રીની આંખમાં ઝળહળિયાં ઊભરાઈ આવ્યાં. એ કંઈ બોલી ન શકી.

'આજકાલ એમનો સ્વભાવ જ ચડિયો થઈ ગયો છે. કંઈ પણ બોલીએ એ એમને ન ગમે. પોતે ગમે ત્યારે કોઈનું પણ મોઢું તોડી લે. આખા દિવસમાં ક્યારેય હસે નહીં. અમે કોઈ હસીએ તો ચિડાઈ જાય. સમજાતું નથી શું કરવું?' પ્રભાએ બળાપો કાઢ્યો.

ગાયત્રીને થયું કે પ્રભાને ખબર પડે કે જગમોહન દીવાન એના ઘરથી, એની જિંદગીથી કંટાળીને આપઘાત કરવા નીકળ્યો હતો તો શું થાય?! ગમે તે કહો, તાળી એક હાથે નથી વાગતી એ ઉક્તિ સાચી છે.

જગમોહનની વાત સાંભળી ત્યારે એને એ નિર્દોષ લાગતો હતો. આજે પ્રભાની ફરિયાદમાં પણ એ જ વ્યથાનો સૂર, એ જ સચ્ચાઈ હતી. જે પણ હોય, પ્રભાએ એને 'બેટા' કહીને બધાંની સામે સ્વીકારી લીધી એ વધુ મહત્ત્વનું છે.

'આ ફરિયાદ ફક્ત મમ્મીની છે એવું નથી. અમે બધાં આ જ માનીએ છીએ કે પપ્પાનો સ્વભાવ બદલાઈ ગયો છે.' વિક્રમ બોલ્યો. કરણે માથું હલાવીને સંમતિ દર્શાવી.

'અમારે તો કંઈ બોલવા જેવું છે જ નહીં. અમારા કારણે મનદુઃખ થયું એનો અફસોસ રહેશે.' રેવતી બોલી ઊઠી.

'ના, ના, રેવતીબહેન, એવું તો કહેતાં જ નહીં. હકીકતમાં તમારા લોકો માટે જે રીતે બોલાયું એટલે મારે વચ્ચે પડવું પડ્યું. આજે જ આપણે વાત થઈ હતી કે તમે તમારા ઘરે જવા માગો છો. એ વાતચીત થયા બાદ કોઈ આ રીતે તમારા લોકોના બારામાં બોલે એ કેવી રીતે બરદાશ્ત થાય?'

'થેન્ક યુ, ગાયત્રી બહેન!' રેવતીએ સજળ આંખે ગાયત્રીનો આભાર માન્યો.

'રેવતી તો કહેતી હતી કે ચાલો, આજે ચાલ્યા જઈએ. આ તો હું જ ઘેલો થઈને કહેતો હતો કે ના, ઘરના સર્વેને મળીને જઈએ એટલે આજના દિવસ રોકાયો, પણ હું જાણું છું કે સસરાજીને હું આંખના કણાની જેમ ખૂંચું છે.' જતીનકુમારનું મન દુભાયું હોય એ રીતે બોલતા હતા.

'ના, જતીનકુમાર, એવું નથી. એ તો વાતવાતમાં વિક્રમ અને કરણને પણ ઊતારી પાડે છે એટલે ફક્ત તમારી સાથે જ દુવ્યવહાર કરે છે એવુ નથી.' પ્રભાએ જમાઈને આશ્વાસન આપ્યું.

'મમ્મીની વાત સાચી છે. તમે હો કે હું હોઉં, પપ્પાને કોઈ ફરક પડતો નથી. આખો દિવસ પોતાના જ વિચારમાં ખોવાયેલા હોય. આપણે બોલાવીએ તો એમને વિચારભંગ કરવાનો મોટો અપરાધ કર્યો હોય એ રીતે આપણી સામે ઘૂરકે...' કરણે પણ મમ્મીની વાતનો પડઘો પાડ્યો.

'હા જીજાજી' વિક્રમ પણ બોલી ઊઠ્યો :

'પપ્પાનું ખોટું ન લગાડવું એવું અમે નક્કી કર્યું છે. અમારા ઘરમાં હંમેશાં આવું ઘર્ષણ તો ચાલતું જ હોય.'

'સાચે જ ' પૂજાએ પતિની વાતમાં સાથ આપ્યો.

વિક્રમને લાગ્યું કે પૂજાને બોલવાની જરૂર નહોતી. આપણા ઘરમાં ઝઘડા થાય છે એવું બોલનાર વ્યક્તિ એ વાત કહેવા ઈચ્છતી હોય કે હું આ ઝઘડામાં ભાગ લેતી નથી અથવા મારા લીધે ઝઘડો નથી થતો.

'કેમ? હું બોલી એ ન ગમ્યું?' પૂજાએ આસ્તેથી વિક્રમને પૂછ્યું.

'ના...ના... તારી વાત બિલકુલ સાચી છે.'

બાપ રે, પૂજા તો જે વિચાર કરીએ તો પણ એ પકડી પાડે છે...! શ્યામલી વિશે પણ પૂજાને આ રીતે જ ગંધ આવી હશે...પોતે પણ આખો દિવસ શ્યામલી વિશે વિચારતો રહે છે!

'માફ કરજો, હું તમારા બધાં કરતાં નાની છું એટલે મારે સલાહ ન અપાય' ગાયત્રી શબ્દો જોખીજોખીને બોલતી હતી.:

'હું કાકુનો પક્ષ નથી લેતી, પણ મને લાગે છે કે કોઈ વ્યક્તિની ગેરહાજરીમા એના શબ્દોનું પોસ્ટમોર્ટમ કરીએ તો આપણા પૂર્વગ્રહ વધુ ને વધુ ઘૂંટાતા જાય. કાકુના મનમાં કંઈ નથી એ તમને બધાને કેટલો પ્રેમ કરે છે એ હું જાણું છું. ' ગાયત્રીએ દરેકના ચહેરાનું નિરીક્ષણ કર્યું. દરેક એની વાત એકાગ્ર થઈને સાંભળતું હતું.

'કરણ વગર તો જાણે એ જીવી નથી શકતા.' ગાયત્રી જાણે કરણને ઠપકો આપતી હોય એ રીતે બોલી. કરણ નીચું જોઈ ગયો.

'વિક્રમભાઈના તો એ વખાણ કરતાં થાકે નહીં. વારંવાર એમ જ કહ્યા કરે છે કે મારા વિક્રમે જે રીતે મારો બિઝનેસ સંભાળી લીધો છે એટલે મને હવે કોઈ ચિંતા નથી.'

'પપ્પા મારા વિશે એવું બોલ્યા?' વિક્રમી ઊછળી પડ્યો.

'હા, વિક્રમભાઈ, હું સાચું કહું છું'

વિક્રમ ગદગદિત થઈ ગયો.

'જો, હું નો'તી કહેતી કે પપ્પા તમને કેટલો પ્રેમ કરે છે?' પૂજાએ ટહુકો કર્યો.

'અને મમ્મી, તમારા વિશે તો એમણે મને બધી વાત કરી છે' ગાયત્રીએ પોતાની વાતનો દોર સાંધી લેતાં કહ્યું :

'હંમેશાં મને કહેતા કે મેં પ્રભાને બહુ અન્યાય કર્યો છે. એ મારા મારે આટલું કર્યા કરે અને હું એને ખિજાયા જ કરું. એણે બિચારીએ બહુ સહન કર્યું. મારી માની બહુ જ સેવા કરી...' પ્રભા સામે જોઈને ગાયત્રીએ કહ્યું.

હવે આશ્ચર્યચકિત થવાનો વારો પ્રભાનો હતો. એ ગાયત્રી સામે જોતી રહી - જાણે ગાયત્રીને કહેતી હોય : હજી વધુ બોલ ને...

'મમ્મી, તમને આશ્ચર્ય થશે, પણ કાકુએ મને કહ્યું કે મારો વાંક એ છે કે હું કોઈ પણ વાતને, કોઈ પણ લાગણીને શબ્દોમાં વ્યક્ત ન કરી શકું... ફક્ત મનમાં જ રાખી મૂકું. હું ઈચ્છતો રહું કે આ બધાં મારા મનની વાત જાણી લેશે, પણ એ હંમેશાં કેવી રીતે શક્ય બને...?'

'અરે, મનમાં જ વાત સંઘરી રાખીએ તો બીજા કેવી રીતે સમજે? ' પ્રભાએ છણકો કર્યો, પણ હવે એ છણકામાં રોષ નહોતો, મીઠી ફરિયાદ હતી.

'એ જ તો... મમ્મી, મેં એમને આ જ શબ્દો કહ્યા. મેં એમને એ જ કહ્યું કે બધા ભગવાન નથી કે તમારા મનની વાત સમજી લે... એકબીજા સાથે સંબંધ જાળવવા શબ્દોનો સહારો તો લેવો જ પડે એમ મૂંગા બેસી રહેવાથી ન ચાલે.'

ધ્યાનથી બધાં ગાયત્રીની વાત સાંભળી રહ્યા હતાં.

'એને હા, શબ્દોનો સહારો લેવો પડે અને એ પણ સારા શબ્દોનો... વારંવાર આકરા અને કડવા શબ્દોનો ઉપયોગ કરવાથી સંબંધ બગડે.' જતીનકુમાર સામે જોઈને ગાયત્રી બોલી.

'મારી વાત આવે ત્યારે તો સસરાજી એટલા બોલકા થઈ જાય કે વાત ન પૂછો, પણ એક શબ્દ મીઠો કે પ્રેમનો ન બોલે...' જતીનકુમારે ઝંપલાવ્યું.


'હા, મને પણ કાકુએ તમારા વિશે પણ વાત કરી છે કે તમારું નસીબ તમને સાથ નથી આપતું... એ કહે કે એક તો એમનો સમય ઠીક નથી ચાલતો અને હું ઉપરથી કડવા વેણ બોલીને એમનું મન દુભાવ્યા કરું. શું કરું? બોલાઈ ગયા બાદ ભાન થાય કે ખોટું કામ કર્યું '

ગાયત્રીએ વાત પૂરી કરીને જતીનકુમાર સામે જોયું.

તમે આ બધી વાત ખરેખર જગમોહન દીવાન એટલે કે મારા શ્વસુરજીની જ કરો છો ને?' જતીનકુમારે પૂછી લીધું.

'હા, હા, હું કાકુની જ વાત કરું છું. ઉપરથી એકદમ નાળિયેર જેવા છે, પણ અંદરથી ખૂબ જ સોફ્ટ... !' ગાયત્રીએ હસીને જવાબ આપ્યો.

'હા, પણ આ નાળિયેર તો માથામાં એવું વાગે છે કે ઢીમચું થઈ જાય.. જતીનકુમારન બોલી ઊઠયા ને બધાં હસી પડયાં. થોડીવાર પહેલાં વાતાવરણમાં જે ઝેર ભળ્યું હતું એ ગાયબ થઈ ચૂક્યું હતું. ગાયત્રીએ જોયું કે એનું તીર નિશાન પર બેઠું હતું. દરેક જણ ખુશમિજાજમાં લાગતા હતા. દરેકને મનનો ભાર જાણે હળવો થઈ ગયો હતો. મનમાં રાગદ્વેષ ન રહે તો કેવી હળવાશની અનુભૂતિ થાય!




'ગાયત્રીબહેન' રેવતીએ વાતની શરૂઆત કરી:

'તમારોતો આભાર માનીએ એટલો ઓછો છે. અમને ખબર નહોતી એવી વાતોની જાણ તમે અમને કરી.'

'રેવતીબહેન, દરેકને લાગણી અભિવ્યક્ત કરવાની ફાવટ ન હોય. એ વ્યક્તિ વિશે બધા ગેરમાન્યતા બાંધી લેતા હોય છે.'

જતીનકુમારથી રહેવાયું નહીં : 'હા, પણ કડવું બોલવું હોય તો કેવી ફાવટ આવી જાય છે !'

બધાં ફરી હસી પડયાં. ગાયત્રીએ જોયું કે પ્રભા પણ હસતી હતી.

હાશ... ગાયત્રીએ વિચાર્યું, પણ એને ખબર હતી કે સમજાવટની પ્રક્રિયા સતત ચાલુ રાખવી પડશે. જગમોહન કદાચ કોઈને કંઈ કહી દેશે કે બધું હાસ્ય વરાળ થઈને ઊડી જશે. આમેય બે વ્યક્તિ વચ્ચેના સંબંધ ત્રીજી વ્યક્તિના હવાલા પર કેટલો સમય ટકે?

ગાયત્રીને લાગ્યું કે દરેક ઘરને જેમ અવારનવાર રંગચૂનાની જરૂર પડે છે એમ ઘરની વ્યક્તિઓનાં મનનાં જાળાં પણ અનારનવાર સાફ કરવાની જરૂર છે.આજે એણે એ દિશામાં પ્રયત્નો આદરી દીધા હતા...

************

જગમોહનને ક્યાંય ચેન નહોતું પડતું.

વસિયતનામાનું ફોલ્ડર એણે ફરી એના સ્થાને મૂકી દીધું અને બેડ પર લાંબો પડ્યો . ઉશ્કેરાટમાં કટુ વચનો બોલ્યા બાદ શાંત થયા પછી મનમાં જેવો ભાર રહે એનો અનુભવ જગમોહનને થતો હતો. જાણે કોઈ મોટો ગુનો કરી બેઠો હોય એવી લાગણી એને થતી હતી... આજે ફરી વાર એણે ઉતાવળિયું પગલું ભર્યું હતું.

બધાંની હાજરીમાં જમાઈબાબુની વાત ઉચ્ચારવાની જરૂર નહોતી. બધાંને નકામા એણે છંછેડી મૂક્યાં.

જો કે હવે મોડું થઈ ચૂક્યું હતું.બધાં આહત થઈ ગયાં હતાં.

અચાનક બારણું ખૂલ્યું અને પ્રભા અંદર ધસી આવી :

'બહુ મજા પડી જમાઈને બધાં વચ્ચે ઉતારી પાડવાની? સંતોષ થઈ ગયો?'

જગમોહન કંઈ બોલે એ પહેલાં જ પ્રભા બોલી ઊઠી:

'અરે, તમારા કરતાં તો પેલી નાની છોકરી સારી...કેવી ડાહી અને સમજુ છે... તમે શીખો... એ છોકરી પાસે... આપણા બધા કરતાં એ વધુ બુદ્ધિશાળી અને ઠરેલ છે.! '

જગમોહન અવાક થઈ ગયો.ગાયત્રીએ એવો શું જાદુ કરી નાખ્યો કે પ્રભા જેવી પ્રભા સુદ્ધાં પીગળી ગઈ?!

****************

'જગ્ગે...'

મોડી રાતે કબીરનો પૂણેથી ફોન આવ્યો હતો.

'વિક્રમને થાણા પર ન લઈ જાય એ જોજે. પાર્ક સર્કસના એ મકાનના દરવાન અને લિફ્ટમેન વિક્રમને ઓળખી લેશે. વિક્રમ એ મકાનની નિયમિતપણે મુલાકાત લે છે.';

જગમોહનને એક ઝોકું આવી ગયું હતું. કબીરના ફોનથી એની ઊંઘ તો તૂટી હતી છતાં હજુ એ અર્ધી નિદ્રામાં હતો.

'જગ્ગે, મારી વાત સાંભળે છે ને...? એ મકાનમાં શ્યામલી ચક્રવર્તી નામની એક સ્ત્રી રહે છે. વિક્રમ એના ચક્કરમાં ફસાયો છે. એ સ્ત્રી વિધવા હોવાનું નાટક કરે છે. હકીકતમાં એ અને એનો પતિ બંને મળીને વિક્રમને છેતરે છે. એટલે ધ્યાન રાખજે.... વિક્રમને પોલીસ સ્ટેશને ન લઈ જાય એ જોજે.. ! '

જગમોહનની ઊંઘ ઊડી ગઈ.

********************

'તમે મારી વાત પર ધ્યાન નથી આપતા...! '

વિક્રમનો ખભો પકડીને પૂજાએ એને હચમચાવી નાખ્યો. વિક્રમ ઊંઘમાંથી ઝબકીને જાગી ગયો.

'હવે શું છે? તારી કઈ વાત મેં કાને નથી ધરી?' વિક્રમ ચિડાઈને ગયો.

'તમે થોડા સિરિયસ થાઓ... મને ખૂબ ડર લાગે છે...ને તમે મારી વાતને મજાકમાં લો છો...'

'અરે, પણ મેં તારી કઈ વાતને મજાકમાં લીધી? આમ કોયડાની ભાષામાં વાત નહીં કર.'

'વિક્રમ, મને લાગે છે કે આપણા ઘરમાં કોઈની હત્યા થવાની છે... મર્ડર...!'

(ક્રમશઃ)

---

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શુક્રવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

મરાઠી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી બનાવો

| A | B |
|---|---|
| विळा | વણાટ |
| विकत | ઈંટ |
| वीट | ઝેર |
| वीण | વેચાતું |
| विख | દાતરડું |

### ઓળખાણ પડી?



કુદરતી તેમજ માનવસર્જિત આપત્તિઓથી બદલાયેલા મનુષ્ય જીવનને વાર્તાઓમાં આલેખનારાં લેખિકાની ઓળખાણ પડી? 'પ્લેટફોર્મ નંબર ૪', 'અંધેરી ગલીમાં સફેદ ટપકાં' જાણીતી કૃતિ છે.

અ) કુંદનિકા કાપડિયા બ) હિમાંશી શેલત ક) શરીફા વીજળીવાળા ડ) પ્રીતિ સેનગુપ્તા

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ઊ | ૨ પ | જા | ઉ | | ૩ અ | ૪ ને | કા | ૫ ને | ૬ ક |
| ૭ થ | ર | | | ૮ સ | સ્મિ | ત | | ૯ સ | મ |
| ૧૦ લ | થ | બ | ૧૧ થ | | ૧૨ તા | ર | ણ | | ઠા |
| ૧૩ પા | મ | | ૧૪ ડ | બી | | કા | | ૧૫ જા | ણ |
| થ | | ૧૬ બ | કા | | ૧૭ ક | મ | ૧૮ જા | ત | |
| ૧૯ લ | ગી | | ૨૦ ર | ખો | પા | | કા | | ૨૧ અ |
| | | ૨૨ ચા | | | ૨૩ લ | ૨૩-અ ઘ | રો | | ભિ |
| ૨૪ ના | ૨૪-અ સુ | ર | | ૨૫ આ | ભા | ર | | ૨૬ ખા | વા |
| | ર | | ૨૭ વ | સ | તિ | | ૨૮ વા | | દ |
| ૨૯ અ | ભિ | નં | દ | ન | | ૩૦ વા | યો | લી | ન |

### શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | ૪ | | ૫ | ૬ | ૭ | ૮ |
| | | ૯ | | | | | ૧૦ | | |
| ૧૧ | ૧૨ | | | | | ૧૩ | | | |
| | | | ૧૪ | | ૧૫ | | | ૧૬ | |
| ૧૭ | | | | | | | ૧૮ | | |
| ૧૯ | | | ૨૦ | ૨૧ | | ૨૨ | | | |
| | | ૨૩ | | ૨૪ | | | | ૨૫ | ૨૬ |
| | | ૨૭ | | | | ૨૮ | | | |
| | ૨૯ | | | ૩૦ | ૩૧ | | | ૩૨ | |
| ૩૩ | | | | | | ૩૪ | | | |

**આડી ચાવી**

૧. વ્યવસ્થા કરનાર (૫)
૫. દાનશીલતા, ઉદાત્તતા (૪)
૯. ઈશ્વર, ભગવાન (૪)
૧૦. એક રાગ (૩)
૧૧. યજ્ઞ કરવો તે, પૂજન (૩)
૧૩. પથ્થર, કોલસો, હીરા મળે (૨)
૧૪. સૂકાઈ જવું (ફૂલનું) (૪)
૧૬. માછલી પકડવા વપરાય (૨)
૧૭. વિઘ્ન, પડદો, અવકાશ (૪)
૧૮. --- મારવા એટલે વાતો કરવી (૩)
૧૯. રૂઆબ, આબરૂ (૨)
૨૦. ટેક્ષનો બોજ (૪)
૨૪. સૂકો મેવો (૩)
૨૫. નદીનો --- ઉનાળામાં રેતાળ હોય (૨)
૨૭. 'ફાળવવું'નું આજ્ઞાર્થ (૩)
૨૮. --- જાઓ ચંદનહાર લાવો (૨)
૨૯. 'વાંચવું'નું આજ્ઞાર્થ (૨)
૩૦. --- પદ્ધતિ એ સિંચાઈની પદ્ધતિ છે. (૩)
૩૨. રસ્તો, રાહ (૨)
૩૩. અનિમેષ, અપલક (૪)
૩૪. ખામી, કમી, ઊણપ (૩)

**ઊભી ચાવી**

૧. વિઘ્ન, બાધા, રુકાવટ (૩)
૨. સ્થાપના કરેલું (૩)
૩. ઉપર (૨)
૪. ઘરનો બધો ભાર --- ઉપર હોય (૪)
૬. ગામડામાં પ્રસૂતિ કરાવનાર સ્ત્રી (૩)
૭. 'રમવું'નું આજ્ઞાર્થ (૨)
૮. સંગીતમાં ગવાતા પલટા (૫)
૧૨. જમાવવું તે (૪)
૧૩. ખાવાની ક્રિયા (૨)
૧૪. સોનું, સુવર્ણ (૩)
૧૫. જબરો, જોરાવર, બળવાન (૪)
૧૬. ઉપરાઉપરી, સપાટા બંધ (૪)
૧૭. ધંધો, બિઝનેસ (૪)
૨૧. અણીનો સમય સાચવી લેવો તે (૪)
૨૨. ભાંજગડ, તકરાર, બોલાચાલી (૪)
૨૩. તદ્દન સાફ (૪)
૨૬. લાલ, ગોળ, ખટાશ વાળું, શાકમાં વપરાય (૪)
૨૯. તારી --- રે પાઘલડીનું ફૂમતું રે (૨)
૩૧. --- પાસાં પોબાર (૨)
૩૨. ગંધ, રહેઠાણ (૨)

### ગુજરાત મોરી મોરી રે

અટપટી રીતે સમજાવતા સંબંધને ઓળખી કાઢો. કોઈ ભાઈના એકમાત્ર સગા ભત્રીજાના સગા કાકીના પિતા ભાઈને શું થાય એ દિમાગ દોડાવી જણાવો જોઉં.

અ) મામાજી બ) સસરા ક) દાદા ડ) કાકાજી

### જાણવા જેવું

મોડર્ન ઓલિમ્પિક્સના ઈતિહાસમાં અનેક સિદ્ધિ સુવર્ણ અક્ષરે અંકિત થયેલી જોવા મળી છે. મહિલા ઍથ્લીટ પણ વિવિધ ખેલમાં પોતાનું અને દેશનું નામ રોશન કરતી આવી છે. તરણ સ્પર્ધા - સ્વિમિંગ કોમ્પિટિશનમાં યુએસએની કેટી લેડકીએ ૯ ગોલ્ડ, ૪ સિલ્વર અને ૧ બ્રોન્ઝ મેડલ મેળવ્યા છે.

### સુડોકુ-૬૦૮૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૪ | | | ૨ | | | | |
| | | | | ૯ | | | ૭ | |
| ૯ | ૮ | | | | ૫ | | ૨ | |
| ૬ | ૩ | | | | ૮ | | | |
| ૫ | | ૨ | | | | ૭ | | ૮ |
| | | | ૨ | | | | ૩ | ૧ |
| | ૯ | | ૪ | | | | ૧ | ૩ |
| | ૨ | | | ૮ | | | | |
| | | | | ૩ | | | ૬ | ૨ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૬૦૮૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૪ | ૯ | ૭ | ૧ | ૮ | ૨ | ૫ | ૬ |
| ૮ | ૫ | ૬ | ૪ | ૩ | ૨ | ૯ | ૭ | ૧ |
| ૧ | ૭ | ૨ | ૬ | ૫ | ૯ | ૮ | ૩ | ૪ |
| ૭ | ૬ | ૧ | ૮ | ૨ | ૫ | ૩ | ૪ | ૯ |
| ૫ | ૯ | ૪ | ૩ | ૬ | ૧ | ૭ | ૮ | ૨ |
| ૨ | ૩ | ૮ | ૯ | ૪ | ૭ | ૧ | ૬ | ૫ |
| ૪ | ૮ | ૩ | ૧ | ૯ | ૬ | ૫ | ૨ | ૭ |
| ૬ | ૧ | ૫ | ૨ | ૭ | ૩ | ૪ | ૯ | ૮ |
| ૯ | ૨ | ૭ | ૫ | ૮ | ૪ | ૬ | ૧ | ૩ |

### ચતુર આપો જવાબ

### માથું ખંજવાળો

ગયા વર્ષે મહિલાઓની ફૂટબોલ વર્લ્ડ કપ ફાઈનલમાં કયા દેશના ફૂટબોલ એસોસિએશનના પ્રમુખે ટીમની ખેલાડીને બળજબરીથી કિસ કરતા મોટો વિવાદ થયો હતો?

અ) ફ્રાંસ બ) બ્રાઝીલ ક) જર્મની ડ) સ્પેન

### નોંધી રાખો

જમાનો ઘણો બદલાઈ ગયો છે. અગાઉ ઉંમરમાં મોટા હોય એમનું સન્માન કરવામાં આવતું હતું, જ્યારે હવે આવક મોટી હોય એમનું સન્માન થાય છે.

### માઈન્ડ ગેમ

દુનિયાના વિવિધ દેશોમાંથી અત્યાર સુધીમાં કયા દેશમાં સૌથી વધુ મહિલા સરકારના સર્વોચ્ચ સ્થાન (પ્રેસિડેન્ટ) પર બિરાજમાન થયાં છે એ જણાવો.

અ) સ્વિટ્ઝર્લેન્ડ બ) જર્મની ક) ફિનલેન્ડ ડ) મોલ્ડોવા

### ગયા ગુરુવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| तंटा | કજિયો |
| तंबी | ધમકી |
| तक्रार | ફરિયાદ |
| तरतूद | ગોઠવણ |
| तवंग | છારી |

ગુજરાત મોરી મોરી રે
પપ્પા

ઓળખાણ પડી?
દીના મહેતા

માઈન્ડ ગેમ
તાઈવાન

ચતુર આપો જવાબ
માથું ખંજવાળો
Agatha Christie

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) સુભાષ મોમાયા (૨) સુરેખા દેસાઈ (૩) ડો. પ્રકાશ કટકિયા (૪) ભારતી પ્રકાશ કટકિયા (૫) ભારતી બુચ (૬) નીતા દેસાઈ (૭) મુલરાજ કપૂર (૮) કિશોરકુમાર જીવણદાસ વેદ (૯) ધીરેન્દ્ર ઉદેશી (૧૦) પ્રતિમા પમાણી (૧૧) શીરીન ઔરંગાબાદવાલા (૧૨) તાહેર ઔરંગાબાદવાલા (૧૩) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૧૪) લજિતા ખોના (૧૫) વિભા મહેશ્વરી (૧૬) શ્રદ્ધા આશર (૧૭) ખુશરૂ કાપડિયા (૧૮) નિખિલ બંગાળી (૧૯) અમીશી બંગાળી (૨૦) મીનળ કાપડિયા (૨૧) કિશોર બી. સંઘરાજકા (૨૨) પુષ્પા પટેલ (૨૩) જ્યોતિ ખાંડવાલા (૨૪) મહેન્દ્ર લોઢાવિયા (૨૫) મનીષા શેઠ (૨૬) ફાલ્ગુની શેઠ (૨૭) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૮) જ્યોત્સના ગાંધી (૨૯) રમેશ દલાલ (૩૦) હિના દલાલ (૩૧) ઈનાક્ષી દલાલ (૩૨) હર્ષા મહેતા (૩૩) મહેશ દોશી (૩૪) જગદીશ ઠક્કર (૩૫) અરવિંદ કામદાર (૩૬) પ્રવીણ વોરા (૩૭) અંજુ ટોલિયા (૩૮) ભાવના કર્વે (૩૯) વિણા સંપટ (૪૦) રજનીકાંત પટવા (૪૧) સુનીતા પટવા (૪૨) નિતીન બજરિયા (૪૩) કલ્પના આશર (૪૪) દેવેન્દ્ર સંપટ (૪૫) પુષ્પા ખોના (૪૬) જયવંત પદમશી ચિખલ (૪૭) નયના ગિરીશ મિસ્ત્રી (૪૮) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૯) મહેશ સંઘવી

# પુરુષ



# હની ટુ બન્ની
## પત્ની ને પત્ર

કૌશિક મહેતા
feedback@bombaysamachar.com

## અહીં તને નવા સંબંધોની સુગંધ માણવા મળશે...

ડિયર હની,

મારા ઘરમાં તારું સ્વાગત છે...

-અને હવે આ આપણું ઘર છે. હા, મને ખબર છે કે તારા માટે આ સરળ નથી. જે ઘરમાં ૨૫ વર્ષ ગાળ્યા હોય, એક વાતાવરણમાં ઉછર્યા હોય, ત્યાંના સંબંધ હોય. અનેક યાદ હોય એ બધું પોટલીમાં બંધ કરી, બાજુએ મૂકી અને પતિના ઘરમાં સમાઈ જવાનું સહેલું નથી હોતું.

તારા ઘેર એક રીતે જીવન જીવાતું હશે અને મારા ઘેર એ રીત ના પણ હોય. ડ્રોઈંગ રૂમથી બેડરૂમ સુધી બધું જરા જુદું જુદું લાગે એ સ્વાભાવિક છે.

જોકે, પોતીકાને છોડી પરાયાને પોતીકા કરવાની શક્તિ-આવડત સ્ત્રીમાં જ હોય છે. પુરુષ ભાગ્યે જ એ કરી શકે છે. મને ખાતરી છે કે, તું હવે આ ઘરમાં બરાબર સેટ થઇ જશે. તને ય સોરવશે અને તારી સાથે બધાને સોરવશે. કેટલાક સંબંધ તું પિયર મુકીને આવી છો, પણ અહીં નવા સંબંધની સુગંધ માણવા મળશે. 'તું સાસુમા મા' ને સસરામાં પિતા શોધવા લાગશે.. નણંદમાં બહેન અને દિયરમાં ભાઈ...આ બધા પ્રયત્નોમાં તું નિરાશ નહિ થાય એની ખાતરી આપું છું.

હા, શરૂઆતમાં તને પિયર યાદ આવશે. વિનોદ જોશીની કવિતા પોતીકી લાગવા લાગશે:

કુંચી આપો બાઈ જી . તમે કિયા પટારે મેલી મારા મહિયરની શરણાઈ જી....

બાળપણથી માંડી યુવાની સુધીનાં દ્રશ્યો તારી આંખ સામે આવતા જશે એક પછી એક, કયાં દ્રશ્ય પર અટકવું અને કયાંથી આગાળ વધી જવું એની મીઠી મૂંઝવણ અનુભવાતી હશે. પિતાનો લાડભર્યો પ્રેમ અને વ્હાલસભર ગુસ્સો યાદ આવશે. માની મમતા અને બહેનનું સખીપણું યાદ આવશે અને જેની સાથે મીઠા ઝગડા કર્યા હોય એ ભયલો ય યાદ આવશે. યાદ આવે જ ને....

આ યાદ એ તારી મહામૂલી મૂડી છે એને અભેરાઈએ મુકવાની નથી. એને તો દિલના એક ખૂણે સંઘરી રાખવાની છે. હવે નવા સંબંધોની ગઠરિયા બાંધવાની છે. તારે આ ઘરની નીતિ-રીતિ નિભાવવાની જ છે એવું કશું ફરજિયાત નથી. આ ઘરની સારપ અને તું સાથે જે લાવી છે એ સારપનું મેળવણ કરી નવી સારપ સર્જવાની છે,જે વધારે ખુશ્બોદાર હશે.

શરૂઆતમાં તને અડવું અડવું લાગશે. લાગે જ ને. અરે! પથારી બદલાય કે રોજનું ઓશીકું ના મળે તો આપણને ઊંઘ નથી આવતી. અહીં તો આ આખું ઘર બદલાયું છે. માણસો બદલાયા છે. એડજસ્ટ થતા વાર લાગશે. અને તારે એકલાને એડજસ્ટ નથી થવાનું. એક ડગલું તું ચાલીશ તો અમે પણ સામા ડગ ભરીશું. તારાં ડગલાંમાં અમારાં ડગલાં ભળી જશે અને દરેક ડગલે આપણે બધા સુખના ઉંબર ઓળંગીશું....

વેલકમ ટુ ન્યુ હોમ..

મેલ મેટર્સ
અંકિત દેસાઈ
feedback@
bombaysamachar.com

## પાણી પહેલાં પાળ બાંધવી કે પછી પડશે એવા દેવાશે?



મિડલાઈફ ક્રાઈસિસ વિશે આપણી વાતો થઈ રહી હતી. આ માનસિક અવસ્થાને ટાળવા માટે નિયમિત ખોરાક અને વ્યાયામ અત્યંત જરૂરી છે એ વિશે પણ આપણે વાત કરી. નિયમિત લાઈફ સ્ટાઈલથી આપણે અનેક સમસ્યાઓને ટાળી શકીએ છીએ. જોકે મિડલાઈફ ક્રાઈસિસ આમ તો મનમાં ભજવાતો જ ડર છે. એક રીતે જોવા જઈએ તો એ ઓવર થિકિંગનો જ એક પ્રકાર છે કે ભાઈ, ભવિષ્યમાં હાથ-ટાંટિયા ન ચાલ્યા શું કરીશું? ઘરની લોન પતી જશે કે નહીં? નવી પેઢીના છોકરાઓ સાથે તાલમેલ મિલાવી શકીશું કે નહીં? આપણે એકલા તો નહીં પડી જઈશુંને? કે પછી આટલી બધી મોંઘવારીમાં પેન્શન અથવા તો બચતમાંથી જીવન ગુજરાન થશે કે નહીં?'

આવા અનેક વિચારો, જેને સાયકોલોજી 'ઓવરથિકિંગ' પણ કહે છે અને આવા જ વિચારો મિડલાઈફ ક્રાઈસિસ વખતે પણ આવે.

અલબત્ત, આનો ઉપાય માત્ર સાયકોલોજીના એક્સપટ્ર્સ પાસે જ છે કે 'ભાઈ, ઓવરથિકિંગ વખતે અથવા મિડલાઈફ ક્રાઈસિસ વખતે માનસિક રીતે જે કરવાનું થાય છે તે એક જ છે ! મજાની વાત એ છે કે આ બંને સમસ્યાનો જવાબ બે ગુજરાતી કહેવત પાસે છે. એ કહેવતો એટલે 'પાણી પહેલાં પાળ બાંધવી' અને પડશે એવા દેવાશે'.

નિષ્ણાતો કહે છે કે ત્રીસીના મધ્યમમાં કે અંતે કે પછી ચાળીસીના પ્રારંભમાં પહોંચેલા લોકોએ સજાગ જરૂર રહેવાનું છે, પરંતુ એમણે પડશે એવા દેવાશેનો અભિગમ પણ કેળવવો પડશે. એ વાત સાચી છે કે આ ઉંમરના લોકોને એમના માત-પિતાના આરોગ્યની ચિંતા થાય છે. એ વાત પણ સાચી છે કે એમને સંતાનોનાં ભણતર અને ભવિષ્યની ચિંતા છે કે એ વાત પણ સાચી છે કે એમનાં દુઃખતા ઘૂંટણ કે ઓછી થઈ રહેલી ફીટનેસની ચિંતા છે, પરંતુ આ બધું જ્યારે જીવનમાં સર્જાય ત્યારે જ તેનો સામનો કરવો ! એના વિશે અત્યારથી કંઈ માથાકૂટ કરવાની જરૂર નથી, નહીંતર ઘૂંટણ ભલે સહેજ દુઃખતા હશે, પરંતુ બ્લડ પ્રેશર આસાનીથી શરીરમાં પેસી જશે !

આમ આવી બધી વાત પ્રત્યે જરા નિંભર બનવું અને જ્યાં સુધી કોઈ ઘટના બને નહીં ત્યાં સુધી એ વિશેના ઝાઝા વિચારો નહીં કરવા. હા, જો કરવું જ હોય તો થોડું સ્માર્ટ પ્લાનિંગ જરૂર કરી લેવું. એ પ્લાનિંગ એટલે જ પાણી પહેલાં પાળ બાંધી લેવી !

ભાઈ, આપણા જીવનની લગભગ બધી સમસ્યાનો ઉકેલ પૈસા છે. માંદગી હોય કે શિક્ષણ કે પછી ઘર કે પછી નિવૃત્તિ હોય! એ બધામાં જ પૈસાની મહત્ત્વની ભૂમિકા છે એટલે જે મગજ ઘસવાનું છે એ પૈસાના મેનેજમેન્ટમાં ઘસવાનું છે. પછી એ પૈસો કમાવાની વાત હોય - વાપરવાની હોય કે ઈન્વેસ્ટ કરવાની હોય ! આમાં જો આપણે યોગ્ય રીતે આગળ વધી શકીશું તો સ્વાભાવિક જ જીવનની અનેક સમસ્યાઓના સમાધાન મળી રહેશે.

-અને હા, અને પાછું કંઈ ચોવીસ કલાક પૈસા પૈસા પૈસા નથી કરવાનું, નહીંતર લોભ અને અસંતોષ ક્યારેય તમારો પીછો નહીં છોડે. એના બદલે યોગ્ય સમયે, યોગ્ય નિર્ણય લેવા. અને યોગ્ય સમયે, યોગ્ય સ્ટેન્ડ લેવા ! એમાં પછી સેવિંગ કે ઈન્વેસ્ટમેન્ટમાં ગોથું ખાઈ જશો કે રખડી ખાશો તો તમને વાંધા પડવાના જ છે. આખરે થશે એ કે તમારે જીવનના સાંઈઠમાં કે સીત્તેરમાં દાયકામાં પણ કામ કરતા રહેવું પડશે... એના કરતાં ત્રીસી અને ચાળીસીમાં સેવિંગ અને ઈન્વેસ્ટમેન્ટમાં યોગ્ય ધ્યાન આપવું, જેથી મિડલાઈફ ક્રાઈસિસ તો ઠીક, રિઅલ લાઈફ ક્રાઈસિસનો પણ તમારે સામનો ન કરવો પડે. ■

હળવે હૈયે...
નીતિન દેસાઈ
feedback@
bombaysamachar.com

## મૂષક મહારાજની જય હો...!

ચોમાસું એટલે અપોઇન્ટમેન્ટ લેટર વગર ઉંદર વર્ગને ટ્રાન્સફર થવાની સિઝન. એક સવારે હું ઉંદરના વિચારો કરતો મનના ઉંદરમય પાંજરામાં પુરાયો હતો ત્યાંજ મારા ઓનરશીપ ફ્લેટમાં પાઇપ પરથી હાઈ જંપ કરીને ઉંદર પેઇન-ગેસ્ટ તરીકે ઘૂસી ગયો. મારી પત્ની વર્ષાએ ત્રાડ પાડીઃ

'અરે,જુવો.. ઉંદર ઘુસ્યો કાઢો એને!'

પત્નીના અવાજથી ડરીને ઉંદર કબાટ નીચેથી પલંગ નીચે ભાગ્યો.. હું ઉંદર શોધવા લાગ્યો. ન મળતા પત્ની મને કહેઃ

'ઉંદરનું કંઈક કરો'

....અને હું ઉંદરની જેમ ઘરની બહાર નાકા પર આવેલી 'ઉં.કા. (અર્થાત ઉંદર કાઢો ) લિમિટેડ પ્રાઇવેટ કંપની'માં ઉંદર કન્સલ્ટન્ટ પાસે પહોંચ્યો.ત્યા બધા ક્રિકેટ મેચ જોવામાં તલ્લીન હતા.

'શું સ્કોર થયો? ' એક સજ્જન બીજાને સજ્જનને આત્મીયતાથી પૂછે એમ મેં પ્રશ્ન કર્યો. ઉત્તર મળ્યો :

'૧૯,૮૭૬ને બોલ્ડ કર્યા ,૨૦,૮૩૩ને કેચ પકડીને આઉટ કર્યા,૧,૯૭,૮૦૦ રનઆઉટ થયા....!' એમનો સ્કોર વધે એ પહેલા મેં દાવ ડિકલેર કરી નાખ્યો. વચ્ચેથી જ હું બોલ્યો :

'જી, આ તો આપે પૃથ્વી પર રમાયેલી આજ સુધીની તમામ ક્રિકેટ મેચની વિગત આપી લાગે છે'

બગડેલી બિલાડી કોઈ ઉંદરને જુએ એમ ઘૂરકીને મારી સામે જોઈ કન્સલ્ટન્ટ બોલ્યાઃ

'આ સિઝનની ડે-એન્ડ નાઇટ મેચમાં એક જાણીતા પત્રકારે કેટલા ઉંદર માર્યા ગયા એનો અખબારમાં લખેલો રિપોર્ટ છે. બોલો, તમારું શું છે?'

મેં સ્કોરરની જેમ કહ્યુઃ 'આમાં એક આંકડો વધે એમ છે... મારા ઘરે એક ઉંદર ઘુસ્યો છે.એનું કંઈક કરો.'

કન્સલ્ટન્ટે તરત પૂછ્યુંઃ 'તમારું બજેટ ત્રણ હજાર ખરું ને?'

મેં હા પાડી એટલે પેલાએ હાથ લંબવ્યો મેં તરત રૂપિયા ગણી આપ્યાઃ 'ઉંદરને તાત્કાલિક તગેડી મૂકવાનો ઉપાય બતાવો.'

કન્સલ્ટન્ટે રૂપિયા ખિસ્સામાં સરકાવતા કહ્યું : 'તમે બિલાડી વસાવી લો, ઉંદર ભાગી જશે પછી બિલાડીને ભગાડવા કૂતરો વસાવી લેજો અને...'

વાત કૂતરા પરથી દીપડા સુધી પહોંચે એ પહેલા હું ઘર



તરફ રવાના થયો. અત્યારે ઉંદર મને ત્રણ હજારમાં પડ્યો.ત્યાં અચાનક રસ્તામાં જ મને ધ્રુજારી છૂટી ગઈ. મારી સાસુનો મેસેજ આવે ત્યારે હું વાઇબ્રેટર મોડ પર આવી જાઉં છું. મેં મેસેજ વાંચ્યો. એમાં લખ્યું હતું :

'જમાઈરાજ, વર્ષા પાસેથી ઉંદરના ખબર મળ્યા છે. હવે જ્યાં સુધી ઉંદર તમારા ઘરની બહાર નહીં જાય ત્યાં સુધી હું તમારા ઘરે આવીશ નહીં'

સાસુજીની સ્વયં વાઈરલ પુત્રીએ એમને ઉંદર -આગમનના સમાચાર પહોંચાડી દીધા હતા. હું હરખપદૂડો થઈ ગયો (કારણ બધા જમાઈ જાણતા જ હોય છે! ). મને થયું સાસુ ન આવતા હોય તો આ બ્લેક ઉંદરને વાઈટના વધુ પૈસા ખવડાવી મારા ઘરે કાયમી નિવાસ કરાવી દઉં. હું ઘરે પહોંચ્યો. હું કંઈ કહું એ પહેલા જ મારી પત્નીએ મારી ગેરહાજરીમાં ઉંદરને એના મોબાઈલ પર ઝડપી લીધો હતો.એણે ઉંદરના ફોટા મને બતાવ્યા :

'લુક આ ઉંદર, સો ક્યૂટ.. શું હાઇટ- બોડી છે ! ડાઈ વગરના બ્લેકી હેર, ઉંદર ઇઝ સો યંગ,આ ઉંદર તો પરણવા લાયક છે.' મારી પત્નીએ એ મોડર્ન મુરતિયાના બધા ફોટા મારી સામે ધર્યા. ફોટા જોઈ મારે પણ કહેવું પડ્યું :

'આવા હેન્ડસમ ઉંદરને તો પરિચય- મેળામાં જઈ સારી ઉંદરડી શોધી પરણાવી દેવો જોઈએ...'

મારા આ વિચારનો ઉગ્ર વિરોધ કરતાં મારી પત્ની બોલીઃ

'કુંવારો છે એટલે જ સુખી છે.ખેર, ગમે તે કરો પણ અઠવાડિયામાં ઉંદરનો નિકાલ લાવી દો...'

ઉંદરને કાઢવો કઈ રીતે ? થોડા ઉંદરમંથન બાદ અચાનક બુદ્ધિમાં ઝબકારો થયો.મને એક સમયે જેમના ઘરે ખૂબ ઉંદરો ફરતા હતા એ આજે સ્વતંત્ર છે એવા ખૂબ જ અનુભવી વયોવૃદ્ધ મીઠાઈવાળા વત્તા ઉંદર સ્પેશિયાલિસ્ટ યાદ આવી ગયા. એમને ત્યાં પહોંચી મેં મારી ઉંદર વ્યથા વર્ણવી.વૃદ્ધએ મને સલાહ આપી :

'તમે રોજ પાંજરામાં આ મીઠાઈના ટુકડા મૂકતા રહેજો. બે હજારમાં કામ થઈ જશે.' ચકિત થઈ મેં પૂછ્યું :

'બે હજાર ?! એવું તે આ મીઠાઈમાં શું છે ?'

એ કહે : 'આ મીઠાઇ સુગર વગરની છે . ઉંદરને ડાયાબિટીસ હોય તો ? આ મીઠાઈ ખાશે તો એ પાંજરામાં જ ડાન્સ કરવા લાગશે અને પાંજરું ઓટોમેટિક બંધ થઈ જશે'. હવે આમ ઉંદર મને પાંચ હજારમાં પડ્યો.

વળતી રાતે અમે મીઠાઇ પાંજરામાં મૂકી . રાત વીતી સવારે મારી પત્નીએ ઉંદરને જોવાનો પ્રયત્ન કર્યો. એ અચાનક બોલી ઊઠીઃ

'અરે,આ શું થઈ ગયું ?' .

હરખપદૂડા થઈને મેં પૂછ્યું :

'ઉંદર પકડાઈ ગયો?'

'પત્ની હતાશ સ્વરે બોલી : 'ના. બધી મીઠાઈ ઝાપટી ગયો અને પાંજરામાં જ બાકોરુ પાડી ભાગી ગયો.'

લશ્કરના હાથમાંથી જાણે રીઢો ત્રાસવાદી છટકી ગયો હોય એવું ઘરમાં વાતાવરણ સર્જાય ગયું.

હવે તો ગેરકાયદે ઘૂસેલા ઉંદરે મારા ઘરની ધરાર સિટીઝનશીપ મેળવી લીધી છે. એ પેધી ગયો છે. મુક્તપણે દોડાદોડ કરી સાચી લોકશાહી (ઉંદરશાહી ) ભોગવે છે. એ રોજ અમને દિવસના ૭-૮ વાર અલપઝલપ દેખાય છે અને અમારી હાલત અત્યારે તો અમે (છ)છુંદર જેવી થઈ ગઈ છે.

અચાનક મને ધ્રુજારી છૂટી. ઉંદરથી નહીં, એ સાસુજીના મેસેજની ધ્રુજારી હતી. મેસેજમાં લખ્યું હતું : 'હવે તો ઉંદરથી ટેવાયા હશો.ઉંદર પાસેથી માણસે એ જ શીખવાનું છે કે ઉંદર એક જ સ્થાને અનેક દિવસો સ્થિર રહી શકે છે. દર હોવા છતાં ઘરમાં કાયમ ભરાઈ નથી રહેતો. સતત દોડાદોડી કરતો એ એક્ટિવ છે. કપડાં કોતરતો ક્રિએટિવ પણ છે અને ખાવાના વિચાર ન કરીને પણ ઉંદર ઘણા દિવસો સુધી ભૂખ્યો રહી શકે છે. ઉંદર તો ગણેશજીનું વાહન છે .ભક્તિની ભાષા સમજે છે .. ભક્તિના માધ્યમથી જો ગણેશજીને પ્રાર્થના કરીએ તો એમનું વાહન આપણને નડે નહીં...'

આ પછી સાસુજીએ 'તાજા કલમ 'માં ઉમેર્યું કે :

આમ છતાં, ઉંદરજી તમારા ઘર-દરથી વિદાય નહીં લે ત્યાં સુધી મારું ત્યાં આગમન શક્ય નથી!'

લેટેસ્ટ ન્યુઝ પ્રમાણે : 'આમ તો ઉંદરે અમારા ઘરેથી સ્વેચ્છાએ વિદાય લીધી છે. આમ છતાં , એ પાછો આવશે' એવા ભયથી ધ્રુજતાં સાસુજી અમારે ઘેર હજુ સુધી પધાર્યા નથી...

જય મૂષક મહારાજ ! ■

વિશેષ
પ્રથમેશ મહેતા
feedback@
bombaysamachar.com

## આવો, મળો આ 'ભગવાન' ને...!

આવો મળીએ તેલંગણાના એક એવા ડૉક્ટરને જે લોકો માટે છે 'ભગવાન'.

તેલંગણામાં ડૉ. રવિન્દર ચૌકીદાર ત્યાંના નબળા વર્ગના લોકો માટે આશીર્વાદ સમાન છે. આર્થિક રીતે સદ્ધર ન હોય એવા લોકોને સારવાર મેળવવા માટે ખૂબ હાલાંકી વેઠવી પડે છે. આવા જ લોકોની વહારે આવ્યા છે ડૉ. રવિન્દર, જેમણે ડૉ. રવિન્દરે તેલંગણાના વરંગલ જિલ્લામાં ૨૦૦૯માં સુશ્રુતા ફાઉન્ડેશનની સ્થાપના કરી છે અને એના હેઠળ હજારો દર્દીઓને વિનામૂલ્ય સારવાર કરી આપી છે. તેઓ મેડિકલ કૅમ્પ્સનું આયોજન કરીને નબળા વર્ગના લોકોની સર્જરી ફ્રી માં કરી આપે છે. ૨૦૦૯ની વાત છે એ વખતે તેમની પાસે તેમના પિતાના લંગ કૅન્સરની સારવાર માટે પૂરતાં નાણાં નહોતાં. એક કેમોથેરાપી માટે તેમને પચીસ હજાર રૂપિયા ચુકવવા પડતા હતા અને એમાં પણ દવાની એક સિંગલ સ્ટ્રીપના પંદર હજાર રૂપિયા હતા. એ વખતે એમબીબીએસ પૂરું કર્યા બાદ તેમને જરૂરી દવાઓ માટે તેમના સિનિયર કલીગ્સ પર આધાર રાખવો પડતો હતો. એને કારણે તેમના પિતા વધુ ત્રણ વર્ષ જીવી શક્યા હતા. પોતે ડૉક્ટર હોવા છતાં પણ તેમના પરિવારને સારી ટ્રીટમેન્ટ મેળવવા માટે પરિશ્રમ કરવો પડતો હતો. એને કારણે તેમને ચિંતા સતાવવા માંડી કે જો હું ડૉક્ટર હોવા છતાં પણ મારે પડકારનો સામનો કરવો પડે છે, તો સામાન્ય માણસોની તો શું વલે થતી હશે?

તેમને જ્યારે તેમના પિતાની સારવાર કરવાની હતી એ વખતે પૈસા માટે તેને ખૂબ સંઘર્ષ કરવો પડ્યો હતો. એ વખતે તેમને એહસાસ થયો કે ખર્ચો પોસાઈ શકે એવી સારવાર લોકોને મળવી ખૂબ જરૂરી છે. તેમણે એક જ ધ્યેય બનાવ્યો કે નબળી આર્થિક સ્થિતિને કારણે કોઈને મરવાનો વારો ન આવવો જોઈએ. તેમણે મનમાં પાક્કો નિર્ધાર કરી રાખ્યો કે લોકોના સ્વાસ્થ્ય અને ભવિષ્યનો તે રક્ષક બનશે. આજે પોતાના સુશ્રુતા



ડૉ. રવિન્દર ચૌકીદાર

ફાઉન્ડેશન હેઠળ તેમણે પંદર વર્ષમાં હજારો નિસહાય લોકોને ગુણવત્તાસભર સારવાર પૂરી પાડી છે. ૪૦ વર્ષના ડૉ. રવિન્દરનું બાળપણ ખૂબ સંઘર્ષમાં પસાર થયુ હતું. તેમના પિતા મજૂરી કરતા હતા. રવિન્દર અને તેમના નાના ભાઈને સારું શિક્ષણ આપવા માટે તેઓ સખત મહેનત કરતા હતા. રવિન્દરને સ્કૂલમાં જવા માટે દરરોજ ન કિલોમીટર ચાલીને જવું પડતું હતું. એ દિવસોને યાદ કરતં ડૉ. રવિન્દરે કહ્યું કે, 'અમે માઓવાદીના વર્ચસ્વવાળા વિસ્તારમાં રહેતા હતા. ન ના દાયકામાં ત્યાંની સ્થિતિ ખૂબ અસ્થિર હતી. અમારી શાળામાં પૂરતી સુવિધા અને શિક્ષકો નહોતા. ઝાડ નીચે એક ટીચર અમને ભણાવતા હતા.'

આવા કપરા સંજોગોમાં પણ રવિન્દરમાં ભણવાની ખૂબ ધગશ હતી. કેટલાક પરોપકારીઓએ એ વખતે તેમને પુસ્તકો અને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

હૈદરાબાદમાં આવેલી ઓસમાનિયા મેડિકલ કૉલેજમાં તેમણે એમબીબીએસની સ્ટડી પૂરી કરી હતી. બાદમાં તેમણે જનરલ સર્જરીમાં આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે કરીયરની શરૂઆત કરી હતી. તેમણે જોયું કે રોજનું કમાઈને રોજનું ખાતાં અનેક મજૂરોને સર્જરી માટે ખૂબ રાહ જોવી પડે છે. સાથે જ એની પ્રક્રિયા પણ ખૂબ જટીલ હોય છે. પોતાનો અનુભવ વ્યક્ત કરતા ડૉ. રવિન્દરે કહ્યું કે, 'મેં જોયુ કે ખેતીમાં મજૂરી કરતાં મજૂરો સરકારી હૉસ્પિટલમાં સારવાર માટે ન કિલોમીટર દૂરથી આવતા હતા. ત્યાં આવવા માટે એક દિવસની મજૂરીનો ભોગ આપવો પડતો. ત્યારબાદ સર્જરી માટે તેમને આવતા અઠવાડિયે આવવાનું કહેવામાં આવતું, એથી ફરીથી તેમને ત્રણ-ચાર દિવસનું આર્થિક નુકસાન થતું.'

તેમની આવી દયનીય સ્થિતિ પર ડૉક્ટરને પણ દયા આવી જતી હતી. એથી નમાં તેમણે સુશ્રુતા હૉસ્પિટલની શરૂઆત કરી હતી. એમાં પેશન્ટ્સને ઘણી બધી સારવાર મળી રહે છે. સાથે જ દર્દીની આર્થિક સ્થિતિને ધ્યાનમાં રાખતા ડૉ. રવિન્દર તેમની કન્સલ્ટેશન અને સર્જરીની ફી નથી લેતાં. પોતાની હૉસ્પિટલના ચાર્જીસ વિશે ડૉ. રવિન્દર કહે છે, 'અમે દવાઓ અને એનેસ્થેશિયાના માત્ર વીસ ટકા ચાર્જ કરીએ છીએ, જેનો અન્ય હૉસ્પિટલોમાં લાખો રૂપિયા ખર્ચ હોય છે. તબીબી સારવાર અને સર્જન્સ પણ એ જ હોય છે.'

આ હૉસ્પિટલમાં આલીમ નકિલોમીટર દૂરથી તેની બહેનની સારવાર માટે આવ્યો હતો. ડૉક્ટરની મેડિકલ કૅમ્પમાં તેની બહેનને લઈને ગયો હતો. પ્રાઇવેટ હૉસ્પિટલમાં જ્યાં એનો ખર્ચ લાખ રૂપિયા હતો ત્યાં સુશ્રુતામાં તેની બહેનની સર્જરી માત્ર થોડા પૈસામાં જ થઈ ગઈ. એ વિશે આલીમે કહ્યું કે, 'ડૉક્ટરે અમારી પાસે સર્જરીનો અને રહેવાના પૈસા નથી લીધા. અન્ય હૉસ્પિટલે જ્યાં અમને એક લાખ રૂપિયા ખર્ચ કહ્યાં હતા ત્યાં અહીં મારી બહેનની સર્જરી હજારોના ખર્ચે થઈ ગઈ હતી.'

ડૉ. રવિન્દર અને તેમના અન્ય છ સદસ્યો તેમની આવકનો વીસ ટકા ભાગ દર મહિને સુશ્રુતા ફાઉન્ડેશનને આપે છે, જેથી ઍડવાન્સ સર્જરી માટે જરૂરી સાધનો તેઓ ખરીદી શકે. આજ દિન સુધી તેમણે પોતાના યોગદાન માત્રથી જ લોકોને મદદ કરી છે. લોકોની તકલીફમાં ઊભા રહેવાની સાથે ડૉક્ટરનું સુશ્રુતા ફાઉન્ડેશન મેડિકલ સ્ટુડન્ટસને ભણવામાં પણ મદદરૂપ થાય છે.

ભાવેશ ગણેશ જે એક મજૂરના પરિવારમાંથી આવે છે, તેની પાસે મેડિકલ કોલેજની ઍડમિશન ફી ભરવાના પણ પૈસા નહોતા. ડૉક્ટર સાથે સંપર્ક થયા બાદ તેની મદદ કરવામાં આવી હતી. એ વિશે ભાવેશે કહયું કે, 'રવિન્દર સરે છેલ્લા ત્રણ વર્ષથી મારી ખૂબ મદદ કરી છે. મારી ટ્યુશનની અને હૉસ્ટેલની ફી ભરવાની સાથે દર વર્ષે તેઓ મને બુક્સ પણ પૂરી પાડે છે. મારી સ્ટોરી સાંભળ્યા બાદ તેઓ મારા ઘરે આવ્યા અને મારી સાથે પર્સનલી મુલાકાત કરી હતી.'

આવી રીતે ડૉ. રવિન્દરે અનેક લોકોના જીવનને માનવતાની મહેંકથી મહેકાવ્યા છે. આજે તેઓ પરોપકારનું ઉત્તમ ઉદાહરણ છે. તેમની આવી દિલેરીને સલામ છે.

આવા સેવાભાવી ડૉક્ટરને લોકો 'ભગવાન' તરીકે ઓળખાવે એમાં કશી નવાઈ નથી.■

## બિઝનેસ બિટ્સ

### બીપીસીએલને સીપીસીબીની નોટિસ

મુંબઇઃ સેન્ટ્રલ પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડ (સીપીસીબી)એ ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (બીપીસીએલ)ને તેના ૨૮ સ્ટોરેજ ટર્મિનલમાં કાર્સિનોજેનિક બેન્ઝિનના સ્રાવ અને અન્ય કમ્પાઉન્ડસને ઝડપી લેવા માટેની વેપર રિકવરી સિસ્ટમ સ્થાપિત ના કરવા બદ્દલ નોટીસ આપી છે. પીટીઆઇના અહેવાલ અનુસાર જો કંપની સંતોષજનક જવાબ આપવામાં નિષ્ફલ રહેશે તો રૂપિયા એક કરોડનું એન્વારોન્મેન્ટલ કોમ્પનસેશન લદાઇ શકે છે.

### એમડીએલમાં રાઇટ અને સ્ટોક સ્પ્લીટ

મુંબઇઃ બીએસઇ લિસ્ટેડ મયુખ ડીલટ્રેડ લિમિટેડ (એમડીએલ) રાઇટ્સ ઇશ્યૂ દ્વારા રૂ. ૪૯ કરોડ સુધીનું ભંડોળ ઊભું કરવાની અને શેર વિભાજનની યોજના ધરાવે છે. કંપનીના ડિરેક્ટર્સ બૉર્ડે રૂ. પાંચની ફેસ વેલ્યુના એક ઇક્વિટી શેરને રૂ. એકની ફેસ વેલ્યુના એક ઇક્વિટી શેરના સબ-ડિવિઝન લેખે રૂ. પાંચના પાંચ શેર્સ કરવા મંજૂરી આપી છે.

### બીએમડબલ્યુનો ભારતમાં નવો કોન્સેપ્ટ

મુંબઇઃ જર્મન લકઝરી કાર મેકર બીએમડબલ્યુએ ભારતમાં કારના વેચાણ માટે નવો કોન્સેપ્ચ દાખલ કરતા તેના ડીલરોને તેની ત્રણ બ્રાન્ડ, બીએમડબલ્યુ, મિનિ અને બીએમડબલ્યુ મટોર્રાડનું વેચાણ એક જ છત્ર હેઠળ કરવાની પરવાનગી આપી છે. બીએમડબલ્યુ ગ્રુપ ઇન્ડિયા આ કોન્સેપ્ચ પાછળ ૩૬ મહિનામાં ૩૩ શેહેરમાં કુલ રૂ. ૩૬૫.૬૦ કરોડનું રોકાણ કરશે.

### ઇઝરાયલની કંપનીમાં સંવર્ધન સ્ટેક લેશે

મુંબઇઃ ઓટો કોમ્પોનન્ટ બનાવતી સંવર્ધન મધરસન ઇન્ટરનેશનલ લિમિટેડે જાહેર કર્યું છે કે તેઅંદાજે ૧૫ મિલિયન ડોલરમાં ઇઝરાયલની આરઇઇ ઓટોમોટવિ લિમિટેડનો ૧૧ ટકા હિસ્સો હસ્તગત કરશે. આરઇઇ ઓટોમોટીવ ટેકનોલોજી કંપની છે. ફાઇલિંગ અનુસાર તે યુકે અને યુએસએમાં ઉત્પાદન સવલત ધરાવે છે. ■

# સેન્સેક્સ અને નિફ્ટી નવી ઓલટાઇમ હાઇ સપાટીને અથડાઈને નેગેટિવ ઝોનમાં લપસ્યા

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ યુએસ ફેડના વ્યાજ દરો અંગેના બહુપ્રતીક્ષિત નિર્ણયની જાહેરાત અગાઉ સાવચેતીના માનસ વચ્ચે, વૈશ્વિક ઇક્વિટી બજારના સુસ્ત વલણોને કારણે ભારતીય શેરબજારના બેન્ચમાર્ક બુધવારે સત્ર દરમિયાન નવી ઓલટાઇમ ઊંચી સપાટીને સ્પર્શ્યા બાદ આઇટી શેરોની આગેવાનીએ પ્રોફિટ બુકિંગને કારણે નીચી સપાટીએ ગબડ્યા હતા. ફેડરલ રિઝર્વ વ્યાજ દર અંગે નિર્ણય જાહેર કરે તે અગુ વિશ્વભરના ઇક્વિટી માર્કેટ, વેઇટ એન્ડ વોચના મૂડમાં જોવા મળ્યા હતા.

સેન્સેક્સ અંતે ૧૩૧.૪૩ પોઇન્ટ અથવા તો ૦.૧૬ ટકાના ઘટાડા સાથે ૮૨,૯૪૮.૨૩ પોઇન્ટની સપાટીએ સ્થિર થયો હતો. સત્ર દરમિયાન તે ૨૪૬.૭૨ પોઇન્ટ અથવા તો ૦.૨૯ ટકાના સુધારા સાથે ૮૩,૩૨૬.૩૮ પોઇન્ટની નવી ઓલટાઇમ હાઇ સપાટીને અથડાયો હતો. જ્યારે નિફ્ટી ૪૧ પોઇન્ટ અથવા તો ૦.૧૬ ટકાના ઘટાડા સાથે ૨૫,૩૭૭.૫૫ પોઇન્ટની સપાટીએ સ્થિર થયો હતો. સત્ર દરમિયાન તે ૬૩.૬૫ પોઇન્ટ અથવા તો ૦.૨૫ ટકાના સુધારા સાથે ૨૫,૪૮૨.૨૦ પોઇન્ટની ઓલટાઇમ હાઇ સપાટીને અથડાયો હતો.

ટાટા કન્સ્લ્ટન્સી સર્વિસિસ અને એચસીએલ ટેકનોલોજીમાં ત્રણેક ટકા જેવો કડાકો જોવા મળ્યો હતો. આ ઉપરાંત ઇન્ફોસિસ, ટેક મહિન્દ્રા, સન ફાર્મા અને ટાટા મોટર્સ ટોપ લુઝર્સ શેરોની યાદીમાં હતા. જ્યારે સોથી વધુ વધનારા શેરોમાં બજાજ ફાઇનાન્સ, બજાજ ફિનસર્વ, નેસ્લે, એચડીએફસી બેન્ક, આઇસીઆઇસીઆઇ બેન્ક અને સ્ટેટ બેન્કનો સમાવેશ હતો. સ્ટેટ બેન્કના ચેરમેન સી એસ શેટ્ટીએ એવી આગાહી કરી છે કે રિઝર્વ બેન્ક ફૂડ ઇન્ફલેશનની સ્થિતિ જોતાં વ્યાજદરમાં કોઇ ફેરફાર કરે એવી શક્યતા ઓછી છે.

સેબી પાસે ક્વાલિટી પેપર્સે ડ્રાફ્ટ પેપર્સ સુપરત કર્યા છે. એનબીએફસી મનબા ફાઇનાન્સ ૨૩મી સપ્ટેમ્બરે ૧.૨૬ કરોડ ઇક્વિટી શેર ધરાવતા રૂ. ૧૫૧ કરોડના જાહેર ભરણાં સાથે મૂડીબજારમાં પ્રવેશી રહી છે, તેની પ્રાઇસ બેન્ડ રૂ. ૧૧૪થી રૂ. ૧૨૦ નક્કી થઇ છે. મિનિમમ બિડ લોટ ૧૨૫ શેરની છે. ભરણું ૨૫મી સપ્ટેમ્બરે બંધ થશે. કંપનીની એયુએમ નાણાકીય વર્ષ ૨૦૨૪માં રૂ. ૯૩૬.૮૫ કરોડ રહી હતી. ઓરબિન્દો ફાર્માએ જીએલએસ ફાર્મામાં ૪૯ ટકા હિસ્સો મેળવવાની તૈયારી કરી છે.

ઓસવાલ પમ્પ્સ લિમિટેડે સેબી પાસે ડીઆરએચપી જમા કરાવ્યું છે. એસડી રિટેલ સંપૂર્ણપણે ૪૯.૬ લાખ શેરના બુક બિલ્ટ ઈશ્યુ સાથે મૂડીબજારમાં આવી રહી છે. પ્રાઇસ બેન્ડ પ્રતિ શેર રૂ.૧૨૪થી રૂ.૧૩૧ નક્કી થઇ છે. સબ્સ્ક્રિપ્શને ૨૦ સપ્ટેમ્બરથી ૨૪ સપ્ટેમ્બર સુધી ખુલ્લું રહેશે. શેરની ફાળવણી ૨૫ સપ્ટેમ્બરે અને લિસ્ટિંગ શુક્રવાર સુધી થવાની ધારણા છે. પીએમઇએ સોલાર ટેકે સેબી પાસે ડીઆરએચપી જમા કરાવ્યું છે.

એફઆઇઆઇ અને રિટેલ વર્ગ પ્રાઇમરી માર્કેટ પર વધુ ધ્યાન આપી રહ્યો છે. સ્ટીલ બિલેટ્સનું ઉત્પાદન કરનારી કલાના ઈસ્પાત લિમિટેડ ૧૯ સપ્ટેમ્બરે ૪૯,૩૮,૦૦૦ ઇક્વિટી શેરની પ્રારંભિક જાહેર ઓફર સાથે મૂડીબજારમાં પ્રવેશી રહી છે. શેરદીઠ ભાવ રૂ. ૬૬ છે. ઇશ્યૂ ૨૩ સપ્ટેમ્બરે બંધ થશે. નાણાં ભંડોળનો ઉપયોગ સોલાર પાવર પ્લાન્ટ અને રોલિંગ મિલની સ્થાપના તથા સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે મૂડી ખર્ચ માટે ઉપયોગમાં લેવાશે. સેકન્ડરી માર્કેટની અફડાતફડી વચ્ચે રોકાણકારો પ્રાઇમરી માર્કેટ પર ધ્યાન આપી રહ્યાં છે.

ટીસીએસે બુધવારે મેકડોનાલ્ડ સાથે ફિલિપીન્સમાં તેના ૭૬૦થી વધુ રેસ્ટોરન્ટના ડિજીટાઇઝ ઓપરેશન્સ માટે બે વર્ષની ભાગીદારી કરી છે. વિઝ્યુઅલ ઇફેક્ટ્સ ક્ષેત્રની કંપની ડિજીકોર સ્ટુડિયો લિમિટેડે તેના એડવાઇઝરી બોર્ડમાં ડો. સ્કોટ રોસની નિમણૂક કરી છે. ડો. રોસ ૧૯૯૩માં વિશ્વખ્યાત ફિલ્મ નિર્માતા જેમ્સ કેમેરોન સાથે ડિજિટલ ડોમેનની સહસ્થાપના માટે જાણીતા છે. તેમનો વ્યાપક અનુભવ ટાઇટેનિક, ટર્મિનેટર, જજમેન્ટ ડે, એપોલો ૧૩ અને સેકન્ડહેન્ડ લાયન્સ સહિત ૧૦૦થી વધુ પ્રોજેકટસમાં વિસ્તરેલો છે. રિલાયન્સ ઇન્ફ્રાનું કરજ ૮૭ ટકાના ઘટાડો થયો હોવાની ચર્ચાએ તેનો શેર ૨૦ ટકાની ઉપલી સર્કિટમાં અથડાયો હતો.

એશિયન બજારોમાં, ટોકિયો અને શાંઘાઈમાં સુધારો જોવા મળ્યો હતો, જ્યારે હોંગકોંગ શેરબજાર નેશનલ હોલિડેને કારણે બંધ હતું. યુરોપના બજારોમાં એકંદર મરમાઇ રહી હતી, જ્યારે મંગળવારે યુએસ બજારો મિશ્રિત વલણ સાથે બંધ રહ્યાં હતાં. વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ મંગળવારે રૂ. ૪૮૨.૬૯ કરોડની ઇક્વિટી ખરીદી હતી. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૧.૬૩ ટકા ઘટીને ૭૨.૫૦ ડોલર પ્રતિ બેરલ બોલાયું હતું.

સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં મુખ્યત્વે બજાજ ફાઈનાન્સ ૩.૬૫ ટકા, બજાજ ફિનસર્વ ૨.૧૧ ટકા, નેસ્લે ૧.૬૧ ટકા, આઈસીઆઈસીઆઈ બેન્ક ૧.૫૫ ટકા, એચડીએફસી બેન્ક ૧.૫૪ ટકા, સ્ટેટ બેન્ક ૧.૧૯ ટકા, લાર્સન ૦.૯૯ ટકા, ઈન્ડસઈન્ડ બેન્ક ૦.૮૩ ટકા મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૦.૬૪ ટકા અને એક્સિસ બેન્ક ૦.૫૭ ટકા વધ્યા હતા, જ્યારે તાતા કન્સલ્ટન્સી ૩.૪૯ ટકા, એચસીએલ ટેક ૩.૧૫ ટકા, ઈન્ફોસિસ ૩.૦૯ ટકા, ટેક મહિન્દ્ર ૨.૭૯ ટકા, સન ફાર્મા ૧.૭૯ ટકા, તાતા સ્ટીલ ૧.૪૪ ટકા, તાતા મોટર્સ ૧.૨૯ ટકા, ટાઈટન ૧.૨૪ ટકા, એશિયન પેઈન્ટ્સ ૧.૧૬ ટકા અને જેએસડબ્લ્યુ સ્ટીલ ૦.૮૫ ટકા ઘટ્યા હતા. ■

# માર્કેટ કેપમાં ₹ ૨.૭૫ લાખ કરોડનું ગાબડું, ફાઈનાન્શિયલ સર્વિસીસ અને બેન્કેક્સમાં સુધારો

મુંબઇઃ શેરબજારના અફડાતફડીભર્યા સત્રને અંતે માત્ર બે સેક્ટરલ ઈન્ડાયસીસ, ફાઈનાન્શિયલ સર્વિસીસ અને બેન્કેક્સમાં સુધારો જોવા મળ્યો હતો જ્યારે કુલ માર્કેટ કેપમાં રૂ. ૨.૭૫ લાખ કરોડનું ગાબડું નોંધાયું હતું. સેન્સેક્સ ગત મંગળવારના ૮૩,૦૭૯.૬૬ના બંધથી ૧૩૧.૪૩ પોઈન્ટ્સ (૦.૧૬ ટકા) ઘટ્યો હતો. માર્કેટ કેપ રૂ.૨.૭૫ લાખ કરોડ ઘટીને રૂ.૪૬૭.૭૨ લાખ કરોડ રહ્યું હતું. સેન્સેક્સ ૮૩,૦૩૭.૧૩ ખૂલીને ઊંચામાં ૮૩,૩૨૬.૩૮ સુધી અને નીચામાં ૮૨,૭૦૦.૬૩ સુધી જઈને અંતે ૮૨,૯૪૮.૨૩ પોઈન્ટ્સ પર બંધ રહ્યો હતો.

સેન્સેક્સની ૧૧ સ્ક્રિપ્સ વધી હતી અને ૧૯ સ્ક્રિપ્સ ઘટી હતી. એક્સચેન્જમાં ૪,૦૭૦ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું, જેમાં ૧,૫૨૦ સ્ટોક્સ વધ્યા હતા, ૨,૪૫૫ સ્ટોક્સ ઘટ્યા હતા, જ્યારે ૯૫ સ્ટોક્સ સ્થિર રહ્યા હતા. ૨૭૬ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૨૭ સ્ટોક બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા. બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ મિડકેપ ૦.૭૧ ટકા અને બીએસઈ સ્મોલકેપ ૦.૫૨ ટકા ઘટ્યો હતો. સ્ટ્રેટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૦.૪૫ ટકા ઘટ્યો હતો અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૦.૫૨ ટકા વધ્યો હતો.

સેક્ટરલ ઈન્ડાયસીસમાં બીએસઈ ફાઈનાન્શિયલ સર્વિસીસ એક ટકા અને બેન્કેક્સ ૦.૯૫ ટકા વધ્યા હતા, જ્યારે અન્ય બધા ઈન્ડાયસીસ ઘટ્યા હતા, જેમાં આઈટી ૩ ટકા, ટેક ૨.૪૩ ટકા, હેલ્થકેર ૧.૨૩ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૧.૧૨ ટકા, એનર્જી ૦.૯ ટકા, કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૦.૮૮ ટકા, મેટલ ૦.૭૭ ટકા, ટેલિકોમ ૦.૭૨ ટકા, કોમોડિટીઝ ૦.૬૬ ટકા સર્વિસીસ ૦.૫ ટકા, ઓટો ૦.૪૮ ટકા, કંઝ્યુમર ડિસ્ક્રેશનરી ૦.૪૪ ટકા, પાવર ૦.૩૮ ટકા,સ ઈન્ડસ્ટ્રિયલ્સ ૦.૩૬ ટકા, રિયલ્ટી ૦.૨૨ ટકા, કેપિટલ ગુડ્સ ૦.૨ ટકા, એફએમસીજી ૦.૧૮ ટકા અને યુટિલિટીઝ ૦.૦૬ ટકા ઘટ્યા હતા.

બીએસઈના ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં બુધવારે ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૭૩.૬૨ કરોડનું ટર્નઓવર થયું હતું, જેમાં કુલ ૪૧૬ સોદામાં ૮૮૪ કોન્ટ્રેક્ટ્સનું કામકાજ થયું હતું. ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઈક્વિટી ફ્યુચર્સ મળીને કુલ ૩,૧૦,૯૭૧ કોન્ટ્રેક્ટના ઓપન ઈન્ટરેસ્ટ રહ્યા હતા. કુલ નોશનલ ટર્નઓવર રૂ.૩,૫૧,૦૫૩.૯૮ કરોડનું રહ્યું હતું. ■

# ટાટા સન્સની વાર્ષિક સામાન્ય સભામાં ફરી જાહેર ભરણાંને મુદ્દે ચર્ચા

મુંબઇઃ ટાટા સન્સની એજીએમમાં ફરી જાહેર ભરણાંને મુદ્દે ચર્ચા થઇ હોવાનું સાધનોએ જણાવ્યું હતું. નોંધનીય છે કે ટાટા સન્સને સપ્ટેમ્બર ૨૦૨૨માં સ્કેલ બેઝ્ડ રેગ્યુલેટરી ફ્રેમવર્ક હેઠળ અપર લેયર એન્બીએફસી તરીકે વર્ગીકૃત કરવામાં આવી હતી અને તે સપ્ટેમ્બર ૨૦૨૫ સુધીમાં સૂચિબદ્ધ થવાની આવશ્યકતા છે. જો કે, ટાટા સન્સ તરફથી લિસ્ટિંગ ટાળવાના, આરબીઆઇને નોંધણીના પ્રમાણપત્રના સ્વૈચ્છિક શરણાગતિ માટે અરજી સહિતના પ્રયાસો કરવામાં આવ્યા હતા.

ટાટા સન્સની સોમવારે યોજાયેલી વાર્ષિક સામાન્ય સભામાં ટાટા સન્સના ચેરમેન એન ચંદ્રશેખરનના નેતૃત્વની પ્રશંસા કરવા સાથે એસપી ગ્રુપે નાણાકીય વૃદ્ધિને વેગ આપવા માટે જાહેર ભરણાનું સૂચન કર્યું હતું. ટાટા સન્સનો કરવેરા પહેલાંનો નફો આ વર્ષે રૂ. ૩૦,૦૨૪ કરોડથી વધીને રૂ. ૩૯,૮૧૩ કરોડ થયો છે. એસપી ગ્રુપ ટાટા સન્સમાં ૧૮.૩૭ ટકા હિસ્સો ધરાવે છે.

જાણકારા સાધનોએ માહિતી આપી હતી કે એસપી ગ્રૂપે એજીએમમાં ધ્યાન દોર્યું હતું કે લિસ્ટિંગ ટાટા સન્સને આગામી પાંચ વર્ષમાં ૯૦ અબજ ડોલરનું રોકાણ મેળવવાના વિઝનને આગળ વધારવા માટે નોંધપાત્ર મૂડીની સવલત પૂરી પાડી શકે છે. આ વર્ષની શરૂઆતમાં પ્રકાશિત અહેવાલોમાં ટાટા સન્સ રૂ. ૫૫,૦૦૦ કરોડનો આઇપીઓ લાવશે એવી શક્યતા ટાંકવામાં આવી હતી. ■

# નોન બાસમતી ચોખા પરનો નિકાસ પ્રતિબંધ દૂર કરવા સરકારની વિચારણા

નવી દિલ્હીઃ સરકાર નોન બાસમતી ચોખાની નિકાસ પરનો પ્રતિબંધ દૂર કરવા અંગે વિચારણા કરી રહી હોવાનું ખાદ્ય સચિવ સંજીવ ચોપ્રાએ આજે જણાવ્યું હતું.

સફેદ ચોખાની નિકાસ પરનો પ્રતિબંધ દૂર કરવાનું પણ વિચારણા હેઠળ છે, પરંતુ આ નિર્ણય જરૂરિયાત અને સ્ટોકની ઉપલબ્ધિને આધારે લેવામાં આવશે, એમ તેમણે ઉમેર્યું હતું.

અત્રે નોંધનીય બાબત એ છે કે અગાઉ ૨૦મી જુલાઈ, ૨૦૨૩માં સરકારે સ્થાનિકમાં ચોખાનો પુરવઠો વધારવા માટે નોન બાસમતી વ્હાઈટ ચોખાની નિકાસ પર પ્રતિબંધ મૂક્યો હતો. તેમ જ પાર બોઈલ્ડ ચોખાની નિકાસ ૨૦ અનિશ્ચિત મુદત સુધી ૨૦ ટકા ડ્યૂટી લાદી હતી. જોકે, હાલ સરકારી ગોદામોમાં ચોખાનો પર્યાપ્ત સ્ટોક હોવાની સાથે ભાવ પણ નિયંત્રણ હેઠળ હોવાનું સચિવે જણાવ્યું હતું. ■

# ફેડરલના રેટ કટના નિર્ણય પૂર્વે વૈશ્વિક સોનામાં ટકેલું વલણ, સ્થાનિકમાં રૂ. ૧૯નો ઘસરકો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આજે સમાપન થનારી અમેરિકી ફેડરલ રિઝર્વની નીતિવિષયક બેઠક પૂર્વે વ્યાજદરમાં કેટલી કપાત મૂકવામાં આવશે તેની અવઢવ વચ્ચે આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવમાં ધીમો સુધારો આગળ ધપ્યો હતો, જ્યારે ચાંદીમાં ઘટાડાતરફી વલણ જોવા મળ્યું હતું. આમ વૈશ્વિક મિશ્ર અહેવાલ છતાં સ્થાનિક ઝવેરી બજારમાં આજે સોનામાં સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલીનું દબાણ રહેતાં ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૯નો સાધારણ ઘસરકો આવ્યો હતો અને ચાંદીમાં વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે સ્ટોકિસ્ટોની વેચવાલી અને ઔદ્યોગિક વપરાશકારોની માગ ખપપૂરતી રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. ૧૩૧નો ઘટાડો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં મુખ્યત્વે .૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની સટ્ટાકીય વેચવાલીના દબાણ ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગ પણ ખપપૂરતી મર્યાદિક રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ૧૩૧ના ઘટાડા સાથે રૂ. ૮૭,૪૦૬ના મથાળે રહ્યા હતા, જ્યારે સોનામાં સ્ટોકિસ્ટો અને રોકાણકારોની નફારૂપી વેચવાલી ઉપરાંત ઊંચા મથાળેથી નવી લેવાલીનો અભાવ રહેતાં ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૯ ઘટીને ૯૯.૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૭૨,૯૬૪ અને ૯૯.૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૭૩,૨૫૭ના મથાળે રહ્યા હતા.

અમેરિકી ફેડરલ રિઝર્વની નીતિવિષયક બેઠકની ફળશ્રુતિ પૂર્વે આજે લંડન ખાતે સત્રના આરંભે સોનામાં રોકાણકારોના નવી લેવાલીમાં સાવચેતીનો અભિગમ રહ્યો હોવા છતાં હાજરમાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૨૮ ટકા વધીને ઔંસદીઠ ૨૫૭૬.૭૩ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. જોકે, ભાવ ઔંસદીઠ ૨૫૮૯.૭૮ ડૉલરની વિક્રમ સપાટીથી માત્ર ૧૩ ડૉલર જ દૂર રહ્યા છે. તેમ જ વાયદામાં ભાવ ૦.૪૯ ટકાના સુધારા સાથે ૨૬૦૪.૭૫ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. વધુમાં આજે સત્રના આરંભે હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૪૭ ટકા ઘટીને ઔંસદીઠ ૩૦.૫૯ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

આજે મોડી સાંજે ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં ૨૫ બેસિસ પૉઈન્ટનો કે ૫૦ બેસિસ પૉઈન્ટનો ઘટાડો કરશે તે અંગે અવઢવ પ્રવર્તી રહી છે. જોકે, સીએમઈ ફેડ વૉચ ટૂલ પર ટ્રેડરો ૫૦-૫૦ ટકા શક્યતા વ્યક્ત કરી રહ્યા છે. તેમ છતાં તાજેતરમાં અમેરિકા ખાતે રોજગારી ક્ષેત્રે અપેક્ષિત સુધારો જોવા ન મળતો હોવાથી વર્તમાન વર્ષના અંત સુધીમાં ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં ૧૦૦ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકે તેવી ધારણા બજાર વર્તુળો વ્યક્ત કરી રહ્યા છે. ■


## PUBLIC NOTICE પબ્લિક નોટીસ

BRIHANMUMBAI MAHANAGARPALIKA

ઈ.ઈ./ગાર્ડન સેલ/૧૩૮૬/જન. તા. ૧૬/૦૯/૨૦૨૪

**ઈ-ટેન્ડર નોટિસ**

| | |
|---|---|
| વિભાગનું નામ | એક્ઝિક્યુટિવ એન્જીનિયર (ગાર્ડન ઈન્ફ્રાસ્ટ્રકચર સેલ) |
| ટેન્ડર દસ્તાવેજ નં. | ૨૦૨૪_MCGM_૧૦૮૬૧૧૦_૧ |
| વિષય | T વોર્ડમાં મુલુંડ (પૂ)માં જીવા મહાલા મેદાન CTS ૧૩૨૦ B/૩ સમારકામ અને મુલુંડ (પ), મુંબઈમાં શાસન સમ્રાટ આચાર્યદેવ નેમી સૂરી મનોરંજન મેદાન CTS નં. ૮૮૪, ૮૮૪/૧ થી ૧૦ અને ૮૮૫ (નવા CTS નં. ૮૮૪C)માં જોગિંગ ટ્રેકનું સમારકામનું પ્રસ્તાવ |
| વેબસાઈટ | http://portal.mahatenders.gov.in |
| ટેન્ડરની કિંમત | રૂા. ૧૫૦૦૦/- + ૧૮% GST(૯% CGST + ૯% SGST) |
| ઈ-ટેન્ડરની કિંમત (અંદા. કિંમત) | રૂા. ૧,૬૯,૩૭,૨૪૨.૦૦ |
| બિડ સિક્યુરિટી ડિપોઝીટ/બારડી | રૂા. ૧,૬૯,૪૦૦/- |
| ટેન્ડર વેચાણ અને ઈશ્યુ કરવાની તારીખ | ૧૯/૦૯/૨૪ના ૧૧:૦૦ ક.થી |
| ટેન્ડર વેચાણની અંતિમ તારીખ અને સમય | ૨૭/૦૯/૨૪ના ૧૨:૦૦ ક. સુધી (બપોરે) |
| પેકેટ એ, બી અને સીની સુપ્રતિ (ઓનલાઈન) અને બીડ સિક્યુરિટી ડિપોઝીટની સ્વીકૃતિ | ૨૭/૦૯/૨૪ના ૧૬:૦૦ ક. સુધી |
| પેકેટ A ખૂલશે | ૩૦/૦૯/૨૪ના ૧૬:૦૧ ક. પછી |
| પેકેટ B ખૂલશે | ૦૧/૧૦/૨૪ના ૧૬:૧૦ ક. પછી |
| પેકેટ C ખૂલશે | ૦૪/૧૦/૨૪ના ૧૫:૦૦ ક. પછી |
| સંદેશ વ્યવહારનું સરનામું | એક્ષીક્યુટીવ એન્જિનિયર (ગાર્ડન ઈન્ફ્રાસ્ટ્રકચર સેલ), ૪થો માળ, હાવકર્સ પ્લાઝા, સેનાપતિ બાપટ માર્ગ, દાદર (પ), મુંબઈ- ૪૦૦૦૨૮ની ઓફિસ |
| બિડ ખોલવાનું સ્થળ | N.A. |
| સંપર્ક વ્યક્તિ નામ | શ્રી. નીલેશ બાંદેકર, સબ એન્જિનિયર (ગાર્ડન સેલ) |
| એ) નામ | શ્રી. મનોજ કરાટે, આસીસ્ટન્ટ એન્જિનિયર (ગાર્ડન સેલ) |
| બી) મોબાઈલ નં. | ૯૯૨૦૧૭૬૬૫૧, ૯૦૦૪૮૯૭૭૦૨ |
| ડી) ઈ-મેઈલ સરનામા | 1674648@mcgm.gov.in |

સહી/-
(શ્રી S.H. બેમ્બડે)
એક્ઝિક્યુટિવ એન્જિનિયર
(ગાર્ડન ઈન્ફ્રાસ્ટ્રકચર સેલ)

PRO/1303/ADV./2024-25

વૃક્ષો વાવો, વૃક્ષો બચાવો.


# ખાંડમાં માગને ટેકે ભાવમાં ટકેલું વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર આજે સ્મોલ ગ્રેડની ખાંડનાં ટેન્ડરોમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે વેપાર ક્વિન્ટલે રૂ. ૩૫૮૦થી ૩૬૩૦માં ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા. વધુમાં સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં આજે હાજરમાં ગઈકાલની અનંત ચતુર્દશીની રજા પશ્ચાત રિટેલ સ્તરની લેવાલી છૂટી રહી હોવાથી તેમ જ નાકા ડિલિવરી ધોરણે પણ ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ જળવાઈ રહેતાં ભાવમાં ટકેલું વલણ જોવા મળ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૩૪થી ૩૫ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ તેમ જ રિટેલ સ્તરની માગ પણ છૂટીછવાઈ જળવાઈ રહેતાં ઉપાડ લગભગ ૩૨થી ૩૩ ટ્રકનો રહ્યો હતો અને હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૧૨થી ૩૭૮૨માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૦૨થી ૩૯૫૦માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની છૂટીછવાઈ માગ જળવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૬૫૫થી ૩૬૭૫માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૩૫થી ૩૭૭૫માં ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા. ■

# ઑક્ટોબરથી પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ સરકાર ઘઉંની ફાળવણી વધારશે

નવી દિલ્હીઃ સ્થાનિક બજારમાં ઘઉંના ભાવમાં સ્થિરતા જળવાઈ રહે તે માટે સરકાર આગામી ઑક્ટોબર મહિનાથી પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ ઘઉંની ફાળવણીમાં વધારો કરશે.

આજે કેન્દ્રીય ખાદ્ય સચિવ સંજીવ ચોપ્રાએ અત્રે મોદી ૩.૦ સરકારની ૧૦૦ દિવસની સિદ્ધિઓ દર્શાવતા જણાવ્યું હતું કે મંત્રીઓની કમિટીએ પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના અંતર્ગત અતિરિક્ત ૩૫ લાખ ટન ઘઉંની ફાળવણીને મંજૂરી આપી છે.

આ વધારો આગામી માર્ચ ૨૦૨૫ સુધી જળવાયેલો રહેશે. આમ સ્કીમ હેઠળ ઘઉં અને ચોખાની ફાળવણીની સરાસરી પુનઃ સ્થાપિત કરવાના પ્રયાસ થઈ રહ્યા છે. જોકે, ભવિષ્યના સંજોગો અનુસાર આ ફાળવણીની સમીક્ષા કરવામાં આવશે, એમ તેમણે ઉમેર્યું હતું.

અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે અગાઉ મે, ૨૦૨૨માં સરકારે આ યોજના હેઠળ તંગ પુરવઠાને ધ્યાનમાં લેતા ઘઉંની ફાળવણી જે ૧.૮૨ કરોડ ટન હતી તે ઘટાડીને ૭૧ લાખ ટન કરી હતી અને ચોખાની ફાળવણીમાં વધારો કર્યો હતો. જોકે, ગત સાલ દેશમાં ઘઉંનું ૧૧.૨૯ કરોડ ટન બમ્પર ઉત્પાદન થયું હતું અને સરકારી પ્રાપ્તિ ૨.૬૬ કરોડ ટનના સ્તરે રહી હોવાથી હાલમાં ઘઉંનો પૂરતો પુરવઠો છે. તેમ જ ગત સાલ કરતાં ૪૦થી ૫૦ લાખ ટન વધુ હોવાનું જણાવ્યું હતું.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે હાલ ઘઉં અને ઘઉંના ઉત્પાદનોના ભાવમાં સ્થિરતા જોવા મળી રહી હોવાથી ઓપન માર્કેટ સેલ સ્કીમ હેઠળ ઘઉંના વેચાણ અંગેની કોઈ યોજના નથી. ■


**પશ્ચિમ રેલવે-રાજકોટ ડિવિઝન**

**વિવિધ કાર્યો**

**ઈ-ટેન્ડર સૂચના સં. 22 વર્ષ 2024-25 તારીખ 13/09/2024. ઓફિસનું સરનામું:** ડિવિઝનલ રેલવે મેનેજર, (એન્જિનિયરિંગ), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ, ગુજરાત - 360 001. વેબસાઇટ: **www.ireps.gov.in** **ક્ર. સં. 1: ઈ-ટેન્ડર નં.: DRM-RJT-2024-25-E-51. કાર્યનું નામ: રાજકોટ ડિવિઝન:** સિની. ડિવિઝનલ એન્જીનીયર (પૂર્વ) રાજકોટના અધિકાર ક્ષેત્ર હેઠળ વિવિધ લેવલ ક્રોસીંગ્સ માં ફેન્સીંગ અને હાઈગેજ નું સમારકામ. **અંદાજિત એનઆઇટી ખર્ચ:** ₹ 2,56,68,028.67 **અર્નેસ્ટ મની:** ₹ 2,78,400.00. **ક્ર. સં. 2: ઈ-ટેન્ડર નં.: DRM-RJT-2024-25-E-52. કાર્યનું નામ: રાજકોટ ડિવિઝન:** સુરેન્દ્રનગર (2.5 લાખ), મોરબી (1 લાખ), ભાટીયા (1 લાખ) અને વાંકાનેર (1 લાખ) લીટર OH ટેંક ની પાઇપ લાઈન સાથે જોગવાઈ. **અંદાજિત એનઆઇટી ખર્ચ:** ₹ 2,07,29,252.89 **અર્નેસ્ટ મની:** ₹ 2,53,700.00 **ઉપરોક્ત તમામ ટેન્ડર માટે: ટેન્ડર ખોલવાની તારીખ અને સમય: 04/10/2024, 15:00 કલાક.** 94

અમને લાઈક કરો: facebook.com/WesternRly



BRIHANMUMBAI MAHANAGARPALIKA

**સ્યૂઅરેજ ઓપરેશન વિભાગ**

કા.અ.યા. (મ.) શહેર/૨/૧૮૧૧/લવ્હગ્રોવ્હ સંકુલ તા. ૧૩.૦૯.૨૦૨૪

**ઈ-ટેન્ડર નોટિસ**

બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર નીચે દર્શાવેલ કામો માટે ઈ-ટેન્ડરો મંગાવે છે:

| ક્ર. નં. | કામનું વર્ણન | રૂ.માં બારડી | ટેન્ડર સંદર્ભ નંબર | પાકતી તારીખ |
|---|---|---|---|---|
| ૧ | રોબર્ટ રોડ પમ્પિંગ સ્ટેશન ખાતે વેટ-વેલ ચેમ્બર્સનું ડિસિલ્ટિંગ અને સકશન અને ડિલિવરી સ્લુઈસ વાલ્વનું સમારકામ અને ઓવરહોલિંગ | રૂા. ૧૧,૦૦૦/- | ૨૦૨૪_MCGM_ ૧૦૮૪૪૪૯_૧ | ૨૪.૦૯.૨૦૨૪ |

વધુ વિગતો માટે વેબસાઈટઃ https://mahatenders.gov.in/nicgep/app પર લૉગ ઓન કરો.

સહી/-
એક્ષિક્યૂટિવ એન્જિનિયર મિકે. (સ્યુ.) શહેર-II i/c

PRO/1292/ADV./2024-25

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.


# કોપર અને નિકલમાં ઘટ્યા મથાળેથી માગને ટેકે સુધારો

મુંબઈઃ સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં આજે ખાસ કરીને કોપર, નિકલ, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ અને ઝિન્ક સ્લેબમાં ઘટ્યા મથાળેથી સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. એકથી ૧૪ સુધીનો સુધારો જોવા મળ્યો હતો. જોકે, આજે ટીનમાં સતત બે સત્રના સુધારા બાદ સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલીનું દબાણ રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. ૨૦નો અને બ્રાસ શીટ કટિંગ્સમાં નિરસ માગે ભાવમાં કિલોદીઠ રૂ. ત્રણનો ઘટાડો આવ્યો હતો, જ્યારે અન્ય ધાતુઓમાં ટકેલું વલણ રહ્યું હતું.

આજે લંડન મેટલ એક્સચેન્જ ખાતે સત્રના આરંભે ખાસ કરીને ચીનની આર્થિક મંદીની ચિંતાને કારણે કોપર સહિતની ચોક્કસ ધાતુઓમાં નરમાઈનું વલણ રહ્યું હતું, જેમાં કોપરનાં એક મહિને ડિલિવરી શરતે ભાવ આગલા બંધ સામે ૦.૬ ટકા ઘટીને ટનદીઠ ૯૩૨૬.૫૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે અન્ય ધાતુઓમાં મિશ્ર વલણ જોવા મળ્યું હતું.

જોકે, સ્થાનિક જથ્થાબંધ બજાર ગઈકાલે અનંત ચતુર્દશીને કારણે સત્તાવાર ધોરણે બંધ રહ્યું હોવાથી આજે એકંદરે વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગ જળવાઈ રહેતા ચોક્કસ ધાતુઓના ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું. ■

# 'મુંબઈ સમાચાર'ની પહેલને કારણે જિનલના પિતા પર સહાયની વર્ષા

## ટાટાએ પોણાનવ લાખ અને ગુજરાત સરકારે સાડાછ લાખ પહોંચાડ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)



મુંબઈ: એક અઠવાડિયા પહેલાં જામનગરમાં રહેતી માત્ર ૧૦ મહિનાની જિનલને સહાયની જરૂર હોવાના અહેવાલ 'મુંબઈ સમાચાર'માં પ્રગટ થયા બાદ પરિવારને લાખો રૂપિયાની સહાય મળી હતી અને આ માટે તેમણે 'મુંબઈ સમાચાર'નો આભાર માન્યો હતો.

જામનગરમાં પાનની દુકાન ધરાવતા મેહુલ ભટ્ટને તેમની ૧૦ મહિનાની દીકરી જિનલની સારવાર કરવા માટે ટાટાએ ૮.૬૯ લાખ રૂપિયા અને ગુજરાત સરકારે ૬.૪૩ લાખ રૂપિયાની સહાય કરી હતી. પૈસાની જરૂરિયાત અને

(જુઓ પાનું ૪) ▸▸

### જિનલના પિતાનો બોર્નમેરો ૧૦૦ ટકા મેચ થયો

જિનલના પિતાને પૈસાની સહાયને કારણે મેહુલભાઈને રાહત તો ઘણી મળી ગઇ, પણ બોર્નમેરો કોઈનો પણ મેચ થતો નહોતો. આખરે તેમનો જ બોર્નમેરો ૧૦૦ ટકા મેચ થવાથી હવે જિનલને નવું જીવન મળશે. આ અંગે મેહુલભાઈએ 'મુંબઈ સમાચાર'ને કહ્યું હતું કે સામાન્ય રીતે ૮૦ ટકા બોર્નમેરો મેચ થતું હોય છે, મારું ૧૦૦ ટકા બોર્નમેરો મેચ થવાથી હવે જિનલને નવું જીવન પ્રાપ્ત થવાની આશા જાગી છે. જિનલને સહાય કરવા માગતા હોવ તો તમે હોસ્પિટલના સ્ટેટ બેંકના કરન્ટ ખાતા નંબર ૩૮૦૦૩૨૬૯૫૫૯માં જમા કરાવી શકે છે. બેંકનો આઈએફએસસી કોડ 'એસબીઆઈએન૦૦૦૧૧૫૪' અને સ્વિફ્ટ કોડ 'એસબીઆઈએનઆઈએનબીબી૮૩૭' છે. ■

# ગણેશમૂર્તિ પર એક પથ્થર ફેંકાયો ને ભિવંડીમાં ભડકો થયો

## ઈદના જુલૂસ વખતે પણ ધમાલ ▸ રિક્ષા ઊંધી વાળી દીધી ▸ તંગદિલીને પગલે ભારે પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણે: ગણપતિ વિસર્જન વખતે અજાણ્યા શખસે કરેલા પથ્થરમારા પછી ભિવંડીમાં મધરાતે તંગદિલીભર્યું વાતાવરણ થઈ ગયું હતું. ગણેશભક્તોએ હંગામો મચાવી સૂત્રોચ્ચાર કર્યો હતો, જેને પગલે અન્ય મંડળના કાર્યકરો પણ એકઠા થઈ ગયા હતા. પોલીસે ભીડને કાબૂમાં લેવા લાઠીચાર્જ કરતાં એકઠા થયેલા લોકોએ પથ્થરમારો કર્યો હતો. આ ઘટનામાં અમુક લોકોને ઇજા થઈ હતી તો કેટલાક પોલીસ પણ ઘવાયા હતા. ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં કડક પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યા છતાં બુધવારે ઈદના જૂલુસ વખતે ધમાલ થઈ હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

થાણેના જૉઈન્ટ પોલીસ કમિશનર જ્ઞાનેશ્વર ચવ્હાણે જણાવ્યું હતું કે ઘટના મંગળવારની રાતે ૧૨.૩૦ વાગ્યાની આસપાસ ભિવંડીના વંજારપટ્ટી નાકા ખાતે બની હતી. દર વર્ષની જેમ આ વર્ષે પણ શાંતિપૂર્ણ રીતે પારંપરિક પદ્ધતિથી હિંદુસ્તાની મસ્જિદ નજીકથી ગણેશ વિસર્જન માટે સરઘસ જઈ રહ્યું હતું. એકાએક સરઘસ તરફ અજાણ્યા શખસે એક પથ્થર

(જુઓ પાનું ૪) ▸▸











# કાંદિવલીમાં વિસર્જન વખતે મહિલા પોલીસ સાથે થઈ છેડછાડ

મુંબઈ: કાંદિવલી પશ્ચિમમાં ગણપતિ વિસર્જનના સ્થળે સુરક્ષાવ્યવસ્થા માટે ફરજ પર હાજર મહિલા પોલીસ સાથે ઉદ્ધત વર્તન કરી કથિત વિનયભંગ કરવા પ્રકરણે પોલીસે ચાર જણની ધરપકડ કરી હતી.

કાંદિવલી પોલીસના જણાવ્યા મુજબ ઘટના દહાણુકરવાડી સ્થિત તળાવ પાસે બની હતી. મહિલા પોલીસની ફરિયાદને આધારે હરીશ માંડવીકર (૪૫), દીપક પાંડે (૩૪), સુભાષ ચૌધરી (૩૦) અને રાજેશ કોકિસરેકર (૩૯)ને તાબામાં લઈ પૂછપરછ કરવામાં આવી હતી.

પોલીસ ફરિયાદ અનુસાર ગણપતિ વિસર્જનને ધ્યાનમાં રાખી તળાવ ફરતે ચાંપતો બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. તળાવને કિનારેના અમુક પરિસરમાં જવા પર પ્રતિબંધ જાહેર કરવામાં આવ્યા છતાં આરોપીઓ જબરદસ્તીથી ત્યાં

(જુઓ પાનું ૪) ▸▸
















"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨, દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રુસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રી: *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલ: **samachar.bombay@gmail.com** ટેલિફોન: ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**